# પ્રકરણ
# છઠ્ઠું
# તેજસ્વી તારકવૃંદ

Chapter-6

## પ્રકરણ ૬

## તેજસ્વી તારકવૃંદ

સૂર્યમંડળમાં સૂર્ય અગ્રસ્થાને છે અને એને કેન્દ્રમાં રાખીને અન્ય નાના મોટા ગ્રહો - ઉપગ્રહો પોતપોતાની ધરી - ગતિની મર્યાદામાં રહીને સૂર્યની આસપાસ પરિભ્રમણ કરે છે, એટલું જ નહિ પણ અખૂટ પ્રકાશનિધિ પ્રભાકરના તેજસ્ફુલિંગોમાંથી જ પોતાની પ્રભા-દ્યુતિને પ્રાપ્ત કરીને તેઓ પોતપોતાના વર્તુળ-પરિઘ પ્રમાણે જે તે પ્રદેશોને આલોકિત કરતા હોય છે.

અવતારી પુરુષોના જીવનકાલ દરમ્યાન - અને પછી થોડાંક વર્ષો સુધી પણ - આ જ પરિસ્થિતિ પ્રવર્તતી હોવાનું જણાય છે. સમર્થ સદ્ગુરુઓને તેજસ્વી પાત્રો પ્રાપ્ત થતાં હોય છે અને એ પાત્રો, પ્રચંડ પુરુષાર્થ અને ગુરુકરુણાની સહાયથી, વરેણ્યભર્ગને ઝીલી તત્ત્વતેજધારાને વહાવવા શક્તિમાન બની રહે છે. શંકર, રામાનુજ કે કબીર આદિ મહાપુરુષોની બાબતમાં આ જ પ્રમાણે બનેલું આપણે જોઇ શકીએ છીએ. શ્રી રામકૃષ્ણનાં તથા શ્રી અરવિંદનાં ઉજ્જવલ કાર્યને આગળ ધપાવવામાં કોણે કોણે કેવો ફાળો આપ્યો તે આપણે જાણીએ છીએ. અરે ! ભૌતિક કે રાજકીય ક્ષેત્રોમાં પણ છેલ્લા બે સૈકાનો ઇતિહાસ આ બાબતની સાક્ષી પૂરે છે. મહાત્મા ગાંધીજીના સમય દરમ્યાન કેટકેટલાં રત્નો દેદીપ્યમાન બનીને ઝળહળ્યાં.... તેની ગણના કરવાની જરૂર નથી. હા, દરેક ધારા તેના અસલ અનાવિલ સ્વરૂપમાં ક્યાં સુધી વહ્યા કરશે અને ક્યારે ક્યાંથી લુપ્ત થશે, તેનું કાંઈ કહી શકાય નહીં !

શ્રેયસ્સાધકઅધિકારી વર્ગ પણ સૂર્યચન્દ્ર અને નાનામોટા તેજસ્વી તારલાઓનું એક પ્રભાવશાળી તેજોમંડળ બની રહયો. તેનું કેન્દ્ર એટલે અનંત અનાદિ અધ્યાત્મના આગાર સમો ચિતિસૂર્ય અને એ સૂર્યની

આધિદૈવિક અને આધિભૌતિક – પ્રેમપ્રકાશના પારાવાર સમી – કલ્યાણમૂર્તિ માહેશ્વરસ્વરૂપ શ્રીમન્નૃસિંહાચાર્યજી. સૂર્યને જેમ કોઇ પામી કે પહોંચી ન શકે છતાં તેનાં જ રશ્મિને ઝીલીને સૌ કોઇ ચેતનાપ્રકાશ અનુભવે, તેમ અવતાર–આચાર્યના અલૌકિક વિગ્રહની લીલાનો કોઇ પાર પામી ન શકે છતાં એ જ ભાનુભર્ગના – કરુણા– કિરણના પ્રતાપથી શ્રી માસ્તરસાહેબ વિશ્વવંદ્ય બને અને અન્ય અનેક સાધકો તેજસ્વી તારલાઓની જેમ દીપ્તિમાન બને, એમાં શું આશ્ચર્ય ! એવા કેટલાક તારકોનો આપણે અત્યંત સંક્ષેપમાં માત્ર પરિચય પામીશું.

## શ્રીમત્સુરેશ્વરાચાર્યજી

દ્વિતીય પ્રકરણમાં આપણે સંક્ષેપમાં જોઇ ગયા છીએ કે શ્રીમન્નૃસિંહાચાર્યજીના પ્રતાપી પૂર્વજો પણ સાહિત્ય અને ધર્મપ્રવૃત્તિના જ્ઞાતા તથા કર્તા–ભોક્તા હતા. એ જ વારસો વૃદ્ધિંગત પામતો ગયો. નૃસિંહાચાર્યના કુટુંબ પર જાણે સરસ્વતીની કૃપા વરસતી રહી. શ્રીઉપેન્દ્રાચાર્ય, તેમનાં ધર્મપત્ની, તથા પુત્રો, પુત્રીઓ અને પુત્રવધૂ પણ પોતપોતાની શક્તિ અનુસાર ઉત્સવ પ્રસંગે ભજનો વગેરે લખતાં જ રહ્યાં છે, એને ભાવિક સાધકો ભલે ઈષ્ટસંકેતમાં ખપાવે પણ તેથી તેઓમાં રહેલી વૈયક્તિક પ્રતિભાદ્યુતિનું ઓછું મૂલ્ય આંકી શકાય તેમ નથી. ઈષ્ટસંકેતની સાથે સત્સંગપોષક વાતાવરણ (Environment) નો પણ ફાળો કેમ ના હોઇ શકે ?

જપ, તપ અને સ્વાધ્યાયમાં સમય નિર્વહણ કરતા તેજસ્વી વ્યક્તિત્વવાળા વર્ગના તૃતીય સાંપ્રત આચાર્ય શ્રીમત્સુરેશ્વરાચાર્યજીએ પણ સારા કવિ હોવાની પ્રતીતિ કરાવી છે. પુસ્તકાકારે તેમનો કોઇ કાવ્યસંગ્રહ – પૂર્વાચાર્યોની જેમ – પ્રસિધ્ધ થયો ન હોવાથી, અત્રે તેમની લેખિનીનો સ્વલ્પ પરિચય પામીશું. શ્રીઉપેન્દ્રાચાર્યજીના દેહોત્સર્ગ પછી તેમણે અસલ નૃસિંહાશ્રમને જ પ્રવૃત્તિકેન્દ્ર બનાવીને,

વર્ગના ઉત્સવોનું પરંપરા પ્રમાણે સંચાલન કર્યું. કાર્તિક અને અષાઢ માસમાં પ્રકટ થતી "સદુપદેશશ્રેણી"નું પ્રકાશન તેમણે ચાલુ રાખ્યું. તેમાં વિધમાન વિદ્વાન સાધકોનો અને નવા અભ્યાસીઓનો તેમને ઠીકઠીક સહકાર મળ્યો. આજે ઇ.સ. ૧૯૬૮માં, ગુરુપૂર્ણિમાના ઉત્સવનો ક્રમાંક ૨૭૦ છે અને તન્નિમિત્ત પ્રકટ થયેલ "સદુપદેશશ્રેણી"નો ક્રમાંક ૧૩૯ છે, અને શ્રેયસ્સાધકઅધિકારી ગ્રન્થાવલીનો ક્રમાંક ૨૧૬ છે. અલબત્ત, બદલાતા સમય અને સંજોગ પ્રમાણે ઉત્સવનું અને પ્રસિધ્ધ થતી "શ્રેણી"ના સાહિત્યનું સ્વરૂપ બદલાતું રહે એ સ્વાભાવિક છે. વિશેષમાં તેઓશ્રીની પ્રેરણા અને માર્ગદર્શન નીચે, શ્રી નગીનદાસ સંઘવીએ અન્ય સાધકોના સાહાય્યપૂર્વક વર્ષોથી બંધ પડી ગયેલું "મહાકાલ" માસિક થોડાંક વર્ષો ચલાવ્યું, એ હકીકત ઇ.સ. ૧૯૪૦ના બીજા વિશ્વયુધ્ધના સમયમાં ખરેખર નોંધપાત્ર છે.

શ્રીમત્સુરેશ્વરાચાર્યજી અને તેમનાં કુટુંબીજનોના તથા અન્ય કવિસાધકોનાં ભજનો વર્ષમાં બે વખત શ્રેણીમાં પ્રસિધ્ધ થતાં અને ઉત્સવની રાત્રે તેનું, આચાર્યશ્રી સહ સમૂહગાન મધ્યરાત્રિપર્યંત થતું.... અને હાલ પણ થાય છે. પૂર્વાચાર્યો અને શ્રી વિશ્વવર્ષે પાડેલી પરંપરાના અનુસંધાનમાં ઇ.સ. ૧૯૩૮ પછીની શ્રેણીઓના કવિઓએ મોટેભાગે પ્રણાલિકાને પકડી રાખવાનો પ્રયત્ન કર્યો છે. અલબત્ત, શૈલીમાં અને શબ્દપસંદગીમાં નવા ઘાટ ઉતરવાના અત્રતત્ર પ્રયાસો દ્દષ્ટિગોચર થાય છે. આરંભક સ્તવન અને અંતિમ ધૂનની વચ્ચે, લગભગ $\frac{2}{3}$ પદો તો વર્ગના પ્રચલિત પદોનાં ઢાળોમાં તથા $\frac{1}{3}$ પદો સાંપ્રત વાતાવરણમાં લોકપ્રિય બની રહેલાં (ચલચિત્રોના પણ) ઢાળ-લયમાં, ભક્તિ, જ્ઞાન, વૈરાગ્ય, ઉપદેશ અને ક્વચિત્ તત્ત્વયોગની કવિતા રચાઇ છે.

અત્યારસુધી શ્રેણીના અંકોમાં શ્રીમત્સુરેશ્વરાચાર્યજીનાં લગભગ ૧૫૦ ઉપરાંત પદો પ્રસિધ્ધ થઇ ચૂકયાં છે. તેમણે બીજાં લગભગ ૧૦૦ ઉપરાંત પદો લખ્યાં છે, જે હજુ અપ્રકટ છે. તેમાં ભાવવૈવિધ્ય અને વિચારવૈવિધ્ય પણ છે. કેટલાંક ઊર્મિપદો તો ઉચ્ચકક્ષાના કાવ્યત્વની પ્રતીતિ કરાવે છે. અત્રે બેત્રણ ઉદાહરણો જ લઇશું. નીચેનું રૂપકશૈલીમાં રચાયેલું ઊર્મિગીત તેમનાં ઉત્તમ કાવ્યો પૈકીનું એક છે.

"હો મારા તનવનમાં એક હરણું !
ચરતું ફરતું લઈ તરણું. હો૦
તેને પકડવાને આતુર થઈ હું પાછળ પાછળ ફરતો,
ચંચળ પગલે મૃગલું નાસે, યત્ન હું વિધવિધ કરતો ;
એનું શીઘ્ર ગમન જેમ શરનું. હો૦
પકડું પકડું ત્યાં તત્ક્ષણ છટકે,
ઘડીમાં અહીં ઘડીમાં તહીં ભટકે,
નયનચરણને લટકે, એનું ચપલપણું શું વર્ણું ? હો૦"

મનમૃગની ચંચળ ગતિ તાદૃશ બની છે. અંતની ચમત્કૃતિ કેવી સરળ છતાં કલાત્મક લાગે છે ! –

"એવામાં નાદ અનાહત ઉઠ્યો, મુગ્ધ થઈ ગયું મૃગલું ;
ચંચળતા તેની ચાલી ગઈ, તેનું ત્યાં જ ઠરી ગયું પગલું.
એ તો થઈ ગયું પશુ મુજ ઘરનું. હો૦"

(શ્રેણી ૮૯, પદ ૧૦)

ચિત્રકારના ચિત્રાલેખનને મૂર્ત કરતું અન્ય અન્યોક્તિકાવ્ય પણ અભિવ્યક્તિની નવીન છટાનું ધોતક છે. તેમાં ભક્ત અને ભગવાન વચ્ચેનો અતિનિકટતાનો સંબંધ નિખાલસતાપૂર્વક નિરૂપાયો છે. ઉદ્‌ઘાટન જ ચિત્રાત્મક છે.

"જરા ધીરે ધીરે......જરા ધીરે ધીરે દોરવા દો ચિત્ર,
ભગવાન જરા ધીરે ધીરે દોરવા દો ચિત્ર.
સ્થિર થઇ જાઓ જરા હાલો ન ચાલો,
નેત્ર હાવ ભાવ પ્રભુ મારા પ્રતિ વાળો ;
લક્ષ્ય ચૂકતાં બને ચિત્ર વિચિત્ર ; ભગવાન૦
પડે જયાં ત્યાં ડબકા ને વાંકા ચુકા ખચકા,
જરા ભુલ થશે તો, પડ્યા જાણો ટચકા ;
ભલા ભાંગો ન ભાવના પવિત્ર ; ભગવાન૦"

જાણે પ્રભુને સામે જ બેસાડ્યા ન હોય – અથવા પ્રભુ પોતે પ્રત્યક્ષ ન હોય તેમ –

"મારી પીંછી ચાલે ત્યાં, ઝળાં ઝળાં થવા દો,
હળુ હળુ દોરૂં હું, હળુ હળુ દોરાજો.
ઉર કલ્પના હો, ચિત્રમાં મુદ્રિત ; ભગવાન૦"

કલાનું અંતિમ પર્યવસાન શું ? અદ્વૈત સમાધિ ને ?

"ચિત્રને ઉતારતાં હું ચિત્રકાર મટી ગયો,
ચિત્રતણો ચિત્રકાર ચિત્રમય બની રહ્યો.
થયો ચિત્રકાર મૂર્તિમંત ચિત્ર ; ભગવાન૦"

(શ્રેણી ૬૯, પદ ૧૯)

તેમણે પુરોગામી વડીલોએ ખેડેલા તમામ કાવ્યપ્રકારો ખેડ્યા છે. અલબત્ત, એ બધામાં ઉચ્ચ કવિત્વ કે કલ્પનાચમત્કૃતિનું સાતત્ય નથી. પરંતુ ઉપરના પ્રકારના ૩૦ થી ૪૦ કાવ્યો તો ખરેખર રસાસ્વાદ્ય છે. સાંપ્રત આચાર્ય હોવાથી તેમનાં કાવ્યો પણ બોધવિતરણનું સાધન બની રહે એ સ્વાભાવિક છે. પણ એ પૈકી કેટલાંક બોધક પદોની વાણી ધ્વન્યાત્મક અને રસાત્મક છે. સાધકને સાવધાનતાપૂર્વક ક્રમથી ધ્યાનમાર્ગમાં પ્રગતિ કરવા તે અનુરોધ કરે છે :–

"અજર અમર રસ ઝડી વરસશે અજર અમર રસ ઝડી,
કંઇક કાળ એકાંતે જઇને બંધ કરો આખડી,
દૃશ્ય સકલ ચિંતન છોડીને ચઢો પવન પાવડી."
"કલ્પના ઘોડે ચઢતાં તો અધવચ જાશો પડી,
સચ્ચિંતનમય તત્ત્વ વિચારો ચઢવાની ગરગડી."

તૃષ્ણા--આવરણો છૂટતાં "હૃદયની મઢી ખુલશે", એટલે

"ઊંડે ઊંડે જતાં હૃદયે ચઢે મસ્તી ફાંકડી,
ભાન વિલાતાં "હું"નું જવાયે શૂન્ય શિખર પર ચઢી.
સેવાતા નિત ભાન બ્રહ્મનું રહે નોબત ગડગડી,
ભીંજી ભીંજાવી વરસાવે, બ્રહ્મવૃષ્ટિની ઝડી.
વરસશે અજર અમર રસઝડી."
(શ્રેણી ૧૨૪, પદ ૧૫)

સમૂહમાં ગાવાને બદલે ઘણીવાર આચાર્યશ્રી તંબૂરો લઇ એકતાન બની, નીચેનાં જેવાં પદોનું વૈયક્તિક ગાન કરતા હોય છે ત્યારે શ્રોતાઓ પણ તદ્દ્ભાવ કે વિચાર સાથે તાદાત્મ્ય અનુભવતા હોય છે.

"માયાતણી ઊંડી ગુહા કોઇ પાર ના પામે,
તહીં પણ હું જ ગાજું છું.
સકલ સિદ્ધિતણું અકલ જયાં, ઝુંડ પણ જામે,
તહીં પણ હું જ ગાજું છું."

સર્જન, પોષણ અને વિસર્જન યજ્ઞ થતો હોય છે ત્યાં પણ "હું જ ગાજું છું."

"મર્મજ્ઞ મુજને ઓળખે, મન રાખી મુકામે,
નિષ્કામ સાધક ઓળખે, નરસિંહને નામે;
સકલ સ્થલ હું જ ગાજું છું."
(શ્રેણી ૮૪, પદ ૨૦)

સ્વરૂપવિહારની મસ્તીભર્યાં આવાં ગીતોની ખુમારી અનોખી હોય છે.

"સચ્ચિદાનંદમાં હું તો મહામસ્ત ફરૂં,
અહાહા હા ! અનંતમાં હું એકલો વિચરું.
અગણિત સૂર્યરૂપે, નિખિલ ભુવનને ભ્રમાવું,
અહાહાહા ! નિહારિકાને વેગવંતી કરૂં."

અંતમાં,

"મારી આ પ્રકૃતિ, મને જ સદા અનુસરતી,
અહાહાહા ! ક્ષણે ક્ષણે, હું જ નવા રૂપ ધરૂં.
કરૂં નવ સર્જનો વિસર્જનો, પલ ભરમાં અહા !
અહાહાહા છતાં એ, એકલો અગમ્ય ઠરૂં.
મને મારા વિનાનું સ્થાન, કયાંહી જડતું નથી,
અહાહાહા ! મારામાં શમતાં, મને હું વિસરૂં."

(શ્રેણી ૧૦૭, પદ ૧૯)

આ પ્રકારનાં પદો અભેદમાર્ગ પ્રવાસી શ્રી મણિલાલ ન. દ્વિવેદીની કેટલીક પંકિતઓનું સ્મરણ કરાવે છે.

તે જ પ્રમાણે,

(૧) અહા ! અવિચલ સ્વરૂપ ! કલ્પ્યું કોથી કલ્પાય ના.
(૨) હું જીવ છું, આપ સદા શિવ સ્થાને, સાચી કરું વાત વિજ્ઞાને.
(૩) સ્વરૂપ પ્રકાશે છે, દશદિશથી જુઓ ઝળકાર.
(૪) અહા ! ચિતિ જ્યોતિ ઝળકે આ જ.
(૫) અહા ! હૃન્નભમાં ચિતિદ્યુતિ ચમકે.
(૬) નાથ ! નથી તમારી જુદાઇ.
(૭) વાત કહું ફાંકડી (૨), સાંભળવી હોય તો સાંભળજો કોઇ.
(૮) જીવન ! જીવનરથ હાંકો જરૂર, સારથી બનીને રથ હાંકો જરૂર.
(૯) હું હોકાયંત્ર થઇશ, જગતનું હોકાયંત્ર થઇશ.
(૧૦) કોઇ ખેલ આ ન્યારો ન્યાળો રે, ભવના પ્રવાસી.
(૧૧) કોઇ આત્માએ કીધો જગનાટ્યમાં પ્રવેશ.

વગેરે પદોમાં કાવ્યત્વ ઝબકારા મારતું જણાય છે. કેટલાંક પદોમાં તેમણે બોધવિતરણ માટે વિનોદી કટાક્ષભરી સરળ શૈલી પણ યોજી છે.

"અલ્યા ગભરાતો ફફડાતો કાં રહેતો,
એક સાધી લે એવું તે કામ,
જેથી જીવનમાં સાચો રંગ રહેશે."
"જાત કીડીની, કુંજર તું માનતો,
ઘૂમે જગમાં બનીને બેફામ,
તો જીવનમાં રંગ ના ના લહેશે."
"કોટી કર્મોના રાફડામાં ઘૂમ્યા કરે,
પીએ વિષના ભરી ભરી જામ,
કહેને અમૃતફળ કયાંથી તું ગ્રહેશે ?"
(શ્રેણી ૧૩૪, પદ ૧૨)

પ્રભુની અટપટી અગમ્યલીલાનો નિર્દેશ કરતા પદની કેટલીક માર્મિક ઉપાલંભ-પંક્તિઓ આ રહી -

"આપને હું શું વખાણું ? ઓ ભગવન્ ! આપને હું શું વખાણું ?
અજ્ઞેયને શું હું જાણું ? ઓ ભગવન્૦
"વર્ષા ઋતુમાં કૃપાજલ રેલો, ગ્રીષ્મ વિષે લ્હાયતણું લ્હાણું;"
"એકને આપતા અમૃતને પીવા, બીજાને ભૂસાનું ભાણું;
દાતા ગણાઓ છતાં, રંક સુદામાનુ ચાવી ગયા છો ચવાણું.
અન્યોન્ય ઉલટા, ગુણના છો સાગર, કયાં લગી ગાઉં આ ગાણું ?"
(શ્રેણી ૯૭, પદ ૮)

શ્રીમત્સુરેશ્વરાચાર્યજીના પદ્યસંગ્રહનું સંપાદન-પ્રકાશન હવે થવું જરૂરી છે. એમણે પ્રતિઉત્સવે સાધકોને ઉપદેશ આપવા નિમિત્ત પ્રવચન-લેખો લખ્યા છે. પરંતુ તેમની સૌથી મહાનસેવા તો તેમણે તેમના પૂજ્ય

પિતાશ્રીનો અદ્વિતીય અપૂર્ણ ગ્રન્થ "શ્રીઅક્ષરદ્વૃત્તાન્ત"ની પૂર્ણાહુતિ કરી છે તે છે. તે જ સાચું પિતૃ-ગુરુતર્પણ કરીને તેમણે ઋષિઋણ અદા કર્યું છે. એ વિશે આપણે પહેલાં પ્રકરણ ૩માં[1] વિવેચન કરી ગયા છીએ એટલે અહીં વિરમું છું.

શ્રી કૈવલ્યદેવ (કૃષ્ણદેવ)

શ્રીમત્સુરેશ્વરાચાર્યજીના જયેષ્ઠ પુત્ર શ્રી કૈવલ્યદેવ (ઊર્ફે કૃષ્ણદેવ) પણ નવોદિત કવિઓમાંના એક છે. તેમણે તો તત્ત્વજ્ઞાનના વિષય સાથે એમ.એ. ની અને પછી બી.એડ. ની પદવી પણ મેળવેલી છે. તેમનાં પદો પણ ૧૯૩૯ પછીની શ્રેણીઓના અંકોમાં જ અત્યારસુધી (લગભગ પોણોસો જેટલી સંખ્યામાં) પ્રકટ થતાં રહ્યાં છે. એમનાં કાવ્યોમાં ઘણુંખરું નિરર્થક પ્રસ્તાર અને પુનરુક્તિ જોવા મળે છે. કેટલાંક કાવ્યોમાં માર્મિક પ્રહાર વેધક હોય છે. તેમણે મોટે ભાગે પ્રચલિત ચલચિત્રોનાં ગીતોના રાહ પસંદ કર્યા છે. અંત્યાનુપ્રાસ મળતો આવે ત્યાંસુધી તેઓ તેમાં શબ્દલાલિત્ય કે ઉચ્ચારણ-માધુર્યની પરવા કર્યા વિના એક જ પદમાં પંક્તિઓ ઉમેરતા જતા હોય છે. સાધકો પ્રતિ માર્મિક વચનો કે પ્રભુ-ગુરુ પ્રતિ ઉપાલંભોક્તિ ધરાવતાં તેમનાં કેટલાંક પદોમાં કવિતાની અગ્નિકણિકાઓ ઝબકારા મારતી હોય છે.

"એવો દિલમાં દીપ કરો,
તારા ચંદ સૂરજની સામે નાખે ના કોઈ નજરો.
અણુએ અણુએ દેહતણી દીવડીનો લાગ્યો કાટ હરો,
અંતર-બાહિર સ્વચ્છ કરીને ચેતનનો ચળકાટ ભરો."
"અખંડિત જ્યોતિ ઝીલવાને શ્રધ્ધાનું શુભ ઘૃત ભરો,
ગુરુમંત્રની ગ્રહી શલાકા, મૂળ વાસના દગ્ધ કરો."
(શ્રેણી ૧૧૨, પદ ૧૮)

---

૧. જુઓ પૃ. ૪૫૬

બહારની દોડાદોડ અને કરોડા સાધનો મૂકીને સાધક આંતરનાદને સાંભળે છે ત્યારે

"ઊંડે ઊંડે અંતર-ઊંડાણે,
ધીમે ધીમે દેહ-ગુહામાં કોણ મને બોલાવે ?
અબોલ-બોલી અંતે કો બોલે ? અંતર-તિમિર પડદાને ખોલે,
એ અમૃત-રસ ઢોળે, રસબસ જીવન તરબોળે -
હોરે કોણ મને બોલાવે ?"

"અંતર પ્રદેશમાં ચૂપકી ધારી, હૃદયકુંડમાં ડુબકીને મારી,
હરી જીવત્વની છારી, લે હરિમયા ધારી,
વરવા નૃસિંહ ન્યારી. હોમને બાપલિયા બોલાવે."
(શ્રેણી ૬૩, પદ ૨૦)

તેમની પ્રાસાનુવર્તી કવિતાની બેચાર પંક્તિઓ લઈએ :-

"સ્વરૂપજ્ઞાનતણી જાગી મસ્તી, મહામસ્ત મુજ ઉર-હસ્તિ.
જગત્ સુખો લાગે પસ્તી,
ના ચિંતા વનની કે વસ્તી,
મને ત્રિભુવનની કિંમત સસ્તી,
સમવૃત્તિઓ ચલિત થાય ના થતાં પ્રશસ્તિ. - સ્વરૂપ૦
જ્ઞાન અખાડામાં કુસ્તી,
ખંખેરી નાખી સુસ્તી,
અંતરની આ તો ઉક્તિ,
શા ખપની છે રહી હવે ભુક્તિ, મુક્તિ ? - સ્વરૂપ૦"
(શ્રેણી ૬૨, પદ ૨૦)

ઘોર કલિકાળમાં સદ્ગુણોનો લીલો દુકાળ પડવાથી ભક્ત સદ્ગુણોનું મોંઘવારી ભથ્થું માગે છે.

"હો મોંઘવારી ભથ્થું આપો, પ્રભુ૦
ભથ્થું આપો, સસ્તુ આપો, શું નહિ શુણો પ્રલાપો ?"

આ કાવ્યમાં આલંકારિક રીતે રજૂ થયેલા કેટલાક મર્મપ્રહારો રોચક છે :

"શ્રધ્ધા સમૂળગી સૂઈ ગઈ ને, આવ્યો આંખે અંધાપો."
"ચિન્તા-કઢાઇ ચૂલે મૂકી, હૃદયને વિધવિધ આપ્યા તાપો."
"કર્મેન્દ્રિયને કાટ ચઢયો છે, દેહવાસણે ખાંપો
પુરુષાર્થની કલાઇ ચઢવી અંગે અંગે એને ચાંપો."
(શ્રેણી ૯૭, પદ ૧૦)

તા. ૨૫-૪-૧૯૫૪ થી ૨૭-૪-૫૪ સુધી શ્રીનૃસિંહાશ્રમમાં શ્રીનૃસિંહશતાબ્દી મહોત્સવનું પાલન કરવામાં આવ્યું હતું. તે વખતે ધાર્મિક કાર્યક્રમ ઉપરાંત સાક્ષરશ્રી રમણલાલ વ. દેસાઇ, પ્રો. શ્રી ગોવિંદલાલ હ. ભટ્ટ વગેરે વિદ્વાનોનાં વ્યાખ્યાનો પણ થયાં હતાં. રાત્રીના કીર્તનાદિ કાર્યક્રમમાં શ્રીનૃસિંહલીલામૃતના વાચન ઉપરાંત "શ્રીનૃસિંહચરિત્રામૃત"નું સમૂહગાન-પઠન કરવામાં આવ્યું હતું. "શ્રીનૃસિંહચરિત્રામૃત"નું આખ્યાન શ્રી કૈવલ્યદેવે રચ્યું છે. ૭૬ પાનમાં પથરાયેલી સંગીતરૂપક જેવી આ કૃતિ કૈવલ્યદેવની પરિપકવ થતી જતી પ્રતિભાની પ્રતીતિ કરાવે છે. તેમાં તેમણે લાવણી, દોહરા, સોરઠા, છપ્પા, ચોપાઇ, ગરબી, અનુષ્ટુપ, હરિગીત, શાર્દૂલવિક્રીડિત, મંદાક્રાન્તા ઉપરાંત, ગીતોમાં નરસિંહ-મીરાં વગેરેનાં પ્રસિધ્ધ પદોના ઢાળ અને વર્ગના સાહિત્યમાં લોકપ્રિય થઇ પડેલા લયનો સમુચિત ઉપયોગ કર્યો છે. તેમાં તેમનું ભાષાપ્રભુત્વ જણાઇ આવે છે. કેટલેક સ્થળે તેઓ સ્થાનીય રંગચિત્રો અને વિશદ વ્યક્તિચિત્રો દોરવામાં સફળ થયા છે. દા.ત.

"થોકના થોકો કાગળ વધતાં, મૂંઝવણ વધતી જાય હજાર,
ચાલુ થાય ના કામ પૂર્ણ તો, પાંછળની કોને દરકાર ?
હિસાબના તે શા ગોટાળા ! કોણ ખોલીને જુએ તુમાર ?
કારકુન સૌ જે તે રીતે, ઉતારતા શિર પરનો ભાર.
ઊંડી ગતાગમ નહિ કામની, પોતાને માને સરદાર,
તણખલું ના તોડી શકે તે, જાણે થંભ મોટો ચીરનાર ?"

"એક કામને કરવા જાતાં, જોવા પડતાં પાન હજાર !
ધૂળના ઢગ જેના પર જામ્યા, તેને તે કો ઉપાડનાર."
("શ્રીનૃસિંહચરિતામૃત", પૃ. ૨૩)

તે જ પ્રમાણે કચેરીના કાર્યકરો "નરહરિ" સાહેબની પ્રતીક્ષા કરી રહ્યા હતા તે શબ્દચિત્ર કેવું સુરેખ છે !

"તલપંતા સર્વ ખાતાધારી,
જુએ નયન ફટારી,
આવે કયારે નરહરિ સ્વારી ડોલંતી ન્યારી."
"બ્રહ્મવર્ચસે શોભિત ભાલે, સુંદર વિભૂતિ ધારી,
ભાલનું આ ભવ્ય ચંદન, ચંદ્રને દે ઠારી,
રસ રસિયાનું પાન કરે સંસ્કારી, જે જે અધિકારી. તલપંતા૦
રૂમાલ સંગે શોભે, નાજુક જેષ્ટિકા રૂપાળી,
શિષ્ટ સમાજે મૂર્તિ આવી, બીજે કયાંય ના ભાળી,
સ્થૂલ છતાં પણ વસ્તુ શોભે ન્યારી, પ્રભુએ સત્કારી. તલપંતા૦
શિવના શિરે શોભે, ગંગા પાવનકારી,
શિરે શિરપેચ સોહે, જાણે ગંગધારી,
અવનીએ આવ્યા શું, શંકર અવતારી, આ દેહને ધારી. તલપંતા૦
પાદપદ્મને ઝીલનારી, પાદુકા શ્રેયસ્કારી,
થાતો ના ખટકો, એવી ચાલ કામણગારી,
જોતાં સહજ સ્વભાવે, જવાય વારી, અહોભાવ ઉચ્ચારી. તલપંતા૦"
(એજન, પૃ. ૩૩)

તે જ પ્રમાણે, નિઝામપુરાના આસપાસના ગ્રામ્યજનો "નરહરિ ટેકરી"ના સ્થાને શ્રીનૃસિંહશર્માનું કીર્તન-પ્રવચન સાંભળવા જતા તેની તીવ્ર આતુરતા, ગ્રામ્યસુલભ શૈલીમાં ચીતરી છે. અલબત્ત તેમાં શ્રીઉપેન્દ્રાચાર્યજીનાં ગ્રામગીતોનું અનુકરણ સ્પષ્ટ દેખાઇ આવે છે. કેટલાક શબ્દો અને પદો સાથે પણ !

"હેંડોલ્યા દોટ દો, હેંડોલ્યા દોટ દો,
વખત તો જોને પૂરો થયો અહિં,
પડશું મોડા તો લાભ બધો ખોઇશું."
"કાઢો વેણ ઝબઝબ, કાઢો વેણ ઝબઝબ,
ઝીલાવશે તાલ તંબૂરો લઇ,
રાતોની રાતો, નો હોંભરે છૈયાં છોકરાં.
આવે મોટો લખલખ આવે મોટો લખલખ,
હૌને હરખાં લેખે રે બઈ,
ભાઇ, ભાઇ, ભાઇ, કહી ભેટે ને ભીડે બાથમાં."
(એજન, પૃ. ૩૮, ૩૯)

આમ, શ્રી કૈવલ્યદેવે સુશ્રાવ્ય મનોરંજક આખ્યાન શૈલીમાં પોતાના પૂજ્ય પિતામહનું ભાવસભર ચરિત્ર શતાબ્દી સમયે રચીને – ગાઇ ગવડાવીને – પિતૃ ઋણ અદા કર્યું છે, એમ કહી શકાય.

o o o

આ ત્રણે ય આચાર્યશ્રીના કુટુમ્બનાં સ્ત્રીકવિઓ વિશે આપણે સ્વતંત્ર નોંધ કરીશું. હવે આપણે વર્ગના પચાસેક વિધ્વાનો પૈકી મુખ્ય કહી શકાય એવા આઠ-દશ વિધ્વાનોની પ્રતિભાનો સંક્ષેપમાં પરિચય પામીશું.

શ્રીમન્નૃસિંહાચાર્યજીએ "ભામિનીભૂષણ"માં વર્ગના કેટલાક વિધ્વાન અને સેવામૂર્તિ સાધકો માટે (તેમનાં નામ આપ્યા સિવાય) ધ્વન્યાત્મક ઉપનામોથી સંકેત કર્યો છે. પાછળથી શ્રીમાન્ વિશ્વવર્ય અને શ્રી ઉપેન્દ્ર ભગવાને તે નામો ઓળખી બતાવ્યાં છે. તે આ પ્રમાણે છે :

(૧) શ્રી છોટાલાલ માસ્તર સાહેબ "વિશ્વવર્ય"
(૨) શ્રી ત્રિકમલાલ અચરતલાલ કંથારીઆ "ધૂમ્રલોચન"
(૩) શ્રી નર્મદાશંકર દેવશંકર મહેતા "શુકલવૃત્તિ"

(૪) શ્રી નગીનદાસ પુ. સંઘવી "મહાજ્યોતિ"
(૫) શ્રી જેકિશનદાસ કણિયા "વિદ્યાધર"
(૬) શ્રી કૌશિકરામ મહેતા "સૌમ્યહૃદય"
(૭) શ્રી ઈશ્વરભાઇ આપાલાલ "પ્રિયવાદી"
(૮) શ્રી હરદત્ત શાસ્ત્રી "શાંતિશર્મા"

તે જ પ્રમાણે, સં. ૧૯૭૯માં ખેડામાં વાત્રક—શેઢીના સંગમ પર સાધનસમારંભ થયો હતો ત્યારે સંયમશાળામાં બપોરે ૧૨—૩૦ થી ૧—૪૫ દરમ્યાન શ્રીઉપેન્દ્રાચાર્યજીએ ઉપસ્થિત સાધકો સમક્ષ અધ્યાત્મજીવનને ઉપયોગી તથા વર્ગને ઉપકારક એવી કેટલીક બાબતો પરસ્પર વાર્તાલાપના રૂપમાં રજૂ કરી હતી. તેમાં સંયમસાધનાના સૂક્ષ્મ પ્રશ્નોની ચર્ચાને અંતે, બે માસ પહેલાં જ દેહવિલય પામેલા વિદ્વાન સાધકવર્ય શ્રી જેકિશનદાસ કણિયાજીની ગુણસમૃદ્ધિની સમીક્ષા કરીને, છેવટે તેમણે વર્ગના અગ્રણી પુરુષોને ષટ્ચક્રોને સ્થાને સ્થાપીને સુંદર કલ્પના ચિત્ર ઉપસાવ્યું હતું :

"શ્રી કણિયાજી માટે સંમેલન કરવાનો વિચાર દર્શાવતાં પોતે (પોતે એટલે શ્રી ઉપેન્દ્ર ભગવાને) શ્રેયસ્સાધક વર્ગને શરીરની ઉપમા આપી. શરીરમાંનાં ષટ્ચક્રોની મહત્તા, પ્રભાવ તેમ જ તેમાં રહેલી દિવ્યશક્તિ દર્શાવી, વર્ગરૂપી શરીરમાં કોણ કયા ચક્રને સ્થાને છે તે દર્શાવતાં —

(૧) શ્રી ત્રિકમલાલભાઇને — — — મૂલાધાર,
(૨) શ્રી ઈશ્વરભાઇને — — — સ્વાધિષ્ઠાન,
(૩) શ્રી નગીનભાઇ મહેતાને — — મણિપૂરક,
(૪) શ્રી સંઘવીજીને — — — અનાહત,
(૫) શ્રી નર્મદાશંકરભાઇને — — — વિશુદ્ધ,
(૬) શ્રી કણિયાજીને — — — આજ્ઞાચક્ર,

ની ઉપમા આપી. શ્રી માસ્તર સાહેબને હૃદયકમળની ઉપમા આપી. એને સહસ્ત્રદળ સાથે સીધો (Direct)સંબંધ છે અને બીજાં ચક્રોને અનુક્રમે સહસ્ત્રદળ સાથે સંબંધ છે તે પર વિવેચન કરી આ સાધકોનું ગૌરવ, માહાત્મ્ય સમજાવ્યું અને તેઓ સાંકેતિક તનુ હતા એ વાત સ્પષ્ટ કરી. વિશેષમાં પૂ.શ્રી ગુરુદેવે કહ્યું, આ સર્વ ચક્રોને આદર્શ માની તેમના દ્વારા તેમને ઉપલક્ષ માની શ્રેયસ્ સાધવું. શ્રી માસ્તર સાહેબ વર્ગનું અંતર અંગ અને શ્રી ઇશ્વરભાઇ વર્ગનું બહિરંગ રચનાર ગણાય."[1]

આ અને બીજા અગ્રણી શ્રેયસ્સાધકોનો વર્ગના વાઙ્મય અને સંસ્કાર સંવર્ધનના વિકાસમાં ઓછાવત્તા પ્રમાણમાં અમૂલ્ય ફાળો નોંધાયો છે. આ સર્વ સાધકોની ભૌતિક, સામાજિક,આર્થિક, સાહિત્યિક અને ઇતરક્ષેત્રીય - વૈયક્તિક કહી શકાય તેવી - પ્રગતિ ગમે તેટલી ટોચની હતી તે છતાં પણ તે સર્વને સાંકળનારી કેન્દ્રકડી - અને તે પણ સૂક્ષ્મ આંતરિક કડી - પોતાના જ્ઞેય ધ્યેય ઉપાસ્ય સદ્ગુરુ શ્રીમન્નૃસિંહાચાર્યજી પ્રત્યે પરમાત્મભાવપૂર્વક અપૂર્વ અહૈતુકી ભક્તિ હતી. તેઓની કક્ષાની નિર્મળ નિષ્ઠાનાં દર્શન આજે થવાં દુર્લભ !

શ્રી ત્રિકમલાલ ચયરતલાલ કથારીઆ

શ્રી ત્રિકમલાલ એટલે નિ:સ્વાર્થ સેવા અને નિ:શેષ સમર્પણભાવનું સ્વયંભૂ સૌરભ-સૌન્દર્ય પ્રસારતું પરમ પવિત્ર પદ્મ. પૂર્વજન્મનો સાંકેતિક વિધિ હશે કે તેઓ વડોદરા કેમ્પની રેસીડેન્સી કચેરીમાં ઇજનેર ખાતામાં ઓવરસિયરની રૂા. ૧૦૦ની નોકરી કરતા હતા ત્યારે બોક્લેર સાહેબે ખાતામાં વધી ગયેલી

---

૧. શ્રી ઉપેન્દ્રસદ્બોધસુધાસિન્ધુ એ શીર્ષક નીચે શ્રીસદુપદેશશ્રેણી ના અંકોમાં ખંડશ: પ્રકટ થતી શ્રી મણિલાલ યજ્ઞેશ્વર શેલતની નોંધપોથીમાંથી. શ્રી સદુપદેશશ્રેણી, ૧૦૦, પૃ. ૨૧.

કામગીરી અને અવ્યવસ્થા દૂર થાય એ હેતુથી તરુણ વયના "નરસિંહરામ"ને ખાસ વિનંતીથી બોલાવ્યા હતા. ત્રિકમભાઇ હિસાબી કાગળો લઇને વારંવાર નૃસિંહાચાર્યજીની અલગ ઓફિસરૂમમાં જતા. પ્રથમ દર્શને જ આકર્ષણ થયું, મુલાકાતોમાં વાર્તાલાપનો પણ લાભ મળ્યો....અને એક દિવસે પ્રશાંત પ્રસન્ન મુખમુદ્રા, પ્રતાપી ઓજસ, મધુર મનોહર વાણી.... અને તે સર્વની પાછળ-અંદરથી ગૂઢપણે ડોકાતું કાંઇક ભવ્ય અગમ્ય સ્નેહ નીતરતું વિભૂતિતત્ત્વ - ના ચરણમાં ત્રિકમભાઇનું તન-મન ઢળી પડ્યું. ત્યાં જ જાણે તેમને શિવસાક્ષાત્કાર થયો ! ત્યાં જ તેમણે મનોમન દૃઢ સંકલ્પ કર્યો કે : ઐહિક પુરસ્કાર કે પ્રમોશનની કોઇ અગત્ય નથી. જે કાંઇ છે તે આ શ્રેયસ્સર્વસ્વ "બાપલા"માં છે.

અને ટૂંક સમયમાં જ તેઓ પોતાનાં પત્ની શ્રી નર્મદાગૌરી સાથે નૃસિંહાચાર્યના નિવાસસ્થાન નિઝામપુરામાં આવીને ( નિત્ય સત્સમાગમ અને સેવાની શુધ્ધ વાસનાથી ) રહ્યા - તે જીવનપર્યંત રહ્યા. શ્રી માસ્તર સાહેબના ય આગમન પહેલાં અને વર્ગની સ્થાપના અગાઉ શ્રીમન્નૃસિંહાચાર્યજીના સૌથી પ્રથમ અને અગ્રણી સંનિષ્ઠ સાધક (તથા તેમના પોતાના શબ્દોમાં "સેવક" ) તે શ્રી ત્રિકમલાલભાઇ. એ સમયની પરિસ્થિતિ જોતાં તો એ પાયાના પથ્થર કહેવાય. વર્ગના પાયામાં તેમની સેવા, ત્યાગભાવના અને તિતિક્ષાનું બીજારોપણ થયેલું છે. આરંભમાં ભાવિક જનોની ભીડ વધવાથી, કીર્તનપ્રવૃત્તિ માટે "પર્ણકુટી"ની પડાળી નાની પડવા લાગી ત્યારે "નરસિંહ-ટેકરી"ની વ્યવસ્થા ત્રિકમલાલે જ પીતાંબરદાસ, ગરબડભાઇ મિસ્ત્રી વગેરેની મદદથી કરી હતી.

શ્રીનૃસિંહાચાર્યજીની કીર્તનકલા અને જ્ઞાનોપદેશની પ્રવૃત્તિએ વિશાળ સ્વરૂપ પકડવા માંડ્યું. તેમાં નોકરીનું બંધન વિક્ષેપરૂપ લાગ્યું....અને જે હેતુથી તેમની નિમણૂક થઇ હતી તે હેતુ તો

અલ્પ સમયમાં જ પાર પડ્યો હતો. એટલે નૃસિંહાચાર્યજીએ એકાએક ધડાકો કર્યો. વયસ્યહૃદય જેવા ત્રિકમલાલ પાસે રાજીનામાનો પ્રસ્તાવ મૂક્યો. થોડીક પળોના તીવ્ર મનોમંથન બાદ ત્રિકમભાઇએ પોતે "બાપલા" તરીકે સ્વીકારેલી મહાન વિભૂતિમાં વિશ્વંભરનું જાણે દર્શન કર્યું....અને કુટુંબ નિર્વાહની ચિંતામાંથી ચિત્તને મુક્ત કર્યું. વિશ્વાસના વહાણમાં બેઠા. (કે જે વહાણે તેમને ભવ સિન્ધુ પાર કરી આપ્યો). બીજા દિવસે બે અધિકારીઓનાં રાજીનામાએ ઑફિસમાં સૌને આશ્ચર્યમાં ગરકાવ કરી દીધા. * આ પ્રસંગ — આ પળ બાહ્ય દ્રષ્ટિએ સાવ સામાન્ય લાગે છે પરંતુ તેમાં જ ગુરુશિષ્યના ભાવિ સર્વોત્કૃષ્ટ સંબંધની ભૂમિકાને સુદૃઢ કરનારી પ્રથમ અગ્રણી સાધક શિષ્યના અંતઃકરણની અવિચલ શ્રધ્ધાની કસોટી હતી. એ કસોટીમાંથી કુંદન અણીશુધ્ધ પાર ઊતર્યું. પછી તો સમસ્ત જીવનકાર્ય દરમ્યાન આ કંથારીઆ કુટુંબે આચાર્યગૃહની સંપૂર્ણ વ્યવસ્થા સંભાળી લીધી અને સાચી સુશ્રૂષાના અપ્રતિમ આદર્શનું જવલંત ઉદાહરણ પૂરું પાડ્યું. જે અનેક પ્રસંગોમાં તેમના હૃદયની ઉદાત્તતાનો સાધકોને અનુભવ થયો છે. એની નોંધ અત્રે અપ્રસ્તુત છે, આ આદર્શ દંપતિએ સેવાના રસાયણમાં વૈયક્તિક અહંના અંતિમમાં અંતિમ સૂક્ષ્મતમ અંશાંશને પણ અશેષતઃ ઓગાળીને સર્વાંતિસર્વ આચાર્યશ્રીના લીલાવિગ્રહમાં જ વિશ્વચેતનાનો આવિર્ભાવ ઓળખ્યો અને સદેહે ચરમ પુરુષાર્થનો પરમ આનંદ માણી કૃતકૃત્યતા અનુભવી. આથી તો એ પ્રથમ કૃપાપાત્રને શ્રીઉપેન્દ્રચાર્યજીએ વર્ગતનુમાં મુખ્ય આધારચક્રમાં સ્થાપ્યા છે, એ સાંકેતિક છે.

આચાર્યશ્રીની અને તેમના વર્ગની વિવિધ રીતે સેવા કરવા સિવાય તેમણે સવિશેષપણે સાહિત્ય સર્જન જેવી પ્રવૃત્તિ કરી નથી. પરંતુ કેટલાક છૂટાછવાયા લેખો લખ્યા છે.

---

*

સમાજસુધારો અને સાહિત્યક્ષેત્રે સુરતના ત્રણ "નન્ના" સુપ્રસિધ્ધ છે. વીર નર્મદ, નવલરામ અને નંદશંકર. તેવી જ રીતે શ્રેયસ્સાધકઅધિકારી વર્ગમાં સાધક અને વિદ્વાન તરીકે પંકાયેલા ત્રણ નન્ના છે. (૧) નગીનદાસ મહેતા (૨) નર્મદાશંકર મહેતા અને (૩) નગીનદાસ સંઘવી. આ ત્રણેયની સાહિત્ય-સંસ્કાર સેવાની સંક્ષેપમાં સમાલોચના કરવી ઘટિત છે.

શ્રી નગીનદાસ ગોકળદાસ મહેતા

ટૂંકી આયુમર્યાદામાં પણ સદ્ગુરુની કરુણાને ઝીલીને જીવનને કૃતાર્થ કરનારા નિર્મળ ભાવિક વૃત્તિવાળા શ્રેયસ્સાધક શ્રી નગીનભાઈ ઇ.સ. ૧૮૮૭-૮૧માં વડોદરાની સરદાર સ્કૂલમાં ભણતા ત્યારે આદર્શ શિક્ષક શ્રી છોટાલાલ માસ્તર સાહેબ દ્વારા શ્રીમન્નૃસિંહાચાર્યજી તરફ આકર્ષાયા. વડીલ બંધુ મોતીરામભાઇ (તે વખતે વડોદરા રાજ્યના ટ્રેઝરી ઓફિસર, અને મહારાજા તરીકે પસંદગી થતાં પહેલાં બાલ સયાજીરાવને સતારાથી વડોદરામાં તેડી લાવનાર અધિકારી)ની બીકને લીધે વિદ્યાર્થી નગીનભાઇ છાનાં છાનાં નૃસિંહાશ્રમમાં આવતા અને સત્સમાગમનો લાભ લેતા -- (પછીથી તો અનેક ચમત્કારિક પ્રસંગો બન્યા અને શ્રી મોતીભાઇ પોતે પણ આચાર્યશ્રીના અગ્રણી શિષ્યો પૈકીના એક બની રહયા.) સદ્ગુરુ અને વિશ્વવંદ્યના અલૌકિક સમાગમનો લાભ લેવાની લાલસાને વશ વર્તીને તેમણે મુંબઇમાં મોટા સોલિસિટર થવાના લૌકિક લાભની તકને જતી કરી અને ક્રમશઃ તેઓ શિક્ષકમાંથી શિક્ષણાધિકારીના પદ સુધી પહોંચી ગયા. કેળવણીનું કાર્ય કરતાં કરતાં તેમણે - ગુરુની સૂચનાનુસાર - જનસેવાનું કાર્ય પણ કર્યું હતું.

ઇ.સ. ૧૮૯૭માં નૃસિંહાચાર્યજી સ્વરૂપસ્થ થયા. વિરહની જવાળાઓ દુઃસહય થઇ પડી. ભક્ત હૃદયને સખત આઘાત થયો. તેમની વૃત્તિ સદ્ગુરુસ્વરૂપ સ્મરણમાં નિત્ય અનુસંધાન સાધનારી હતી

તેની પ્રતીતિ તેમના અંતિમ પ્રસંગ પરથી થાય છે. ૧-૧૧-૧૯૦૦ના રોજ તેમનું અવસાન થયું તેના બે દિવસ પહેલાં જ શ્રી નગીનભાઇના ઉપરી અમલદાર રાવસાહેબ છગનલાલ ઠા. મોદી તેમની ખબર જોવા આવ્યા. પથારીની સામે દીવાલ ઉપર ટાંગેલી શ્રીનૃસિંહાચાર્યજીની પ્રતિમા પ્રતિ નગીનભાઇ મિનિટોની મિનિટો સુધી મીટ માંડી રહેતા, અને જાણે વાતચીત કરતા હોય તેવી ચેષ્ટા પણ કરતા. શ્રીમાન્ મોદીએ પરિસ્થિતિનો તાગ મેળવીને સદાશયથી સૂચવ્યું કે, "આ છબી અહીંથી ખસેડી લો. કારણ છબીને જોઇને નગીનભાઇના સનેપાત વધે છે." પરંતુ સચેતન ભાન ભુલાવનારો આ સંનિપાત દેહવ્યાધિ ન હતો. એમનું આત્મભાન તો સદ્ગુરુના ભાન (Consciousness)સાથે એકમેક થઇ જવા ઝંખી રહ્યું હતું. કોઇ છબી ખસેડે તે પહેલાં જ સદ્ગુરુના સાચા શિષ્યે મરણોન્મુખ પરિસ્થિતિમાં પણ મુખ મલકાવતાં કહ્યું, "ભીંત પરથી છબી કાઢી લેશો, પરંતુ મારા હૃદયમાં જે છબી કોતરાયેલી છે તે શી રીતે લેશો ?"

વેદાન્ત માર્તંડ સાધકવર્ય શ્રી નર્મદાશંકર મહેતાએ તેમને નિવાપાંજલિ આપતાં જણાવ્યું છે કે શ્રી નગીનભાઇ –

"તત્ત્વવિદ્યાના પ્રાચીન અર્વાચીન, આર્ય અનાર્ય સિધ્ધાન્તોનું નિષ્પક્ષપાતપણે અધ્યયન કરી, પોતાના સર્વજ્ઞ સદ્ગુરુશ્રી દ્વારા મહાશ્રમથી સંપાદન કરેલા જ્ઞાનની યથાર્થતા અને અયથાર્થતાનો નિશ્ચય કરી જ્ઞાનવ્યક્તવ્યક્તિનો દૃઢપરોક્ષ બોધ આરૂઢ કરી, પ્રાપ્તવ્યના શિખર ઉપર પ્રાયશઃ આવી ચૂકયા હતા."[૧]

"મહાકાલ"માં અને "સદુપદેશશ્રેણી"માં પૃથક્કરણાત્મક અને પ્રાસાદિક શૈલીમાં લખાયેલા એમના લેખો મનનીય કોટિના છે. તેઓ તર્કશાસ્ત્રમાં અત્યંત પ્રવીણ હતા. તેની પ્રતીતિ તેમનાં

---

૧. "મહાકાલ", સં. ૧૯૫૭, પુ. ૧૩, અંક ૧

લખાણો પરથી સહેજે થાય છે. તેમનાં વિવિધ લખાણો પૈકી "સ્મરણભક્તિ" વિશેના લગભગ પોણોસો પાનમાં પથરાયેલા અભ્યાસપૂર્ણ લેખને ૧૯૬૩માં જન્મશતાબ્દી સ્મારક તરીકે સ્વતંત્ર પુસ્તકરૂપે પ્રકટ કરી તેમનાં સત્પુત્ર શ્રી નવનીતલાલ મહેતાએ સાચું શ્રાધ્ધ કર્યું છે. એ કૃતિના મનનીય વિચારોનું સંક્ષિપ્ત દોહન પણ તેમની આગવી શૈલીનો પરિચય આપે તેમ છે.

બાહ્યોપાસના કરતાં અંતરોપાસના ઉત્કૃષ્ટ છે. નવધા ભક્તિના પ્રથમ સાત પ્રકારો પ્રધાનતઃ બાહ્યોપાસનાના છતાં ક્રમશઃ પ્રેમની આરૂઢ અવસ્થાએ તો ઉપાસ્ય અને ઉપાસક વચ્ચેના ભેદોનું નિર્ગમન થતાં તે સંપૂર્ણતઃ આંતરોપાસનાના જ પ્રકાર બની રહે છે. પણ સ્મરણ અને આત્મનિવેદન તો શુધ્ધ અંતરંગ પ્રક્રિયા અને ભૂમિકાને જ સૂચવતા ભક્તિપ્રકાર છે. પરાભક્તિની ભૂમિકારૂપ આત્મનિવેદનમાં ઉપાસ્ય અને ઉપાસકની એકરૂપતા સિધ્ધ થતી જણાય છે, કારણ કે તેમાં જીવના પૃથક્ અહમ્‌ના લેશ પણ અસ્તિત્વનો સ્વીકાર થતો નથી. આ વિચારને તે વખતે જ શરૂ થયેલા કોલાબાથી અમદાવાદના રેલ્વે માર્ગના દ્દષ્ટાંતથી લેખકે સ્પષ્ટ કરી આપ્યો છે. જીવપદથી શિવપદ પર્યંતના પ્રવાસમાં પ્રેમપ્રધાન ઉપાસના, સંયમપ્રધાન યોગ, અને જ્ઞાનપ્રધાન (વેદાન્ત) વિચાર — —આ ત્રણેય ભિન્ન નામોથી ઓળખાતા માર્ગમાં પરિણામીસ્વરૂપમાં ભિન્નતા નથી. ત્રણેયનું ટરમીનસ તો "વૃત્તિની અંતર્મુખતા" પરાવર્તન (Reflection) છે. રવિકિરણો તકતા પરથી પાછાં ફેંકાય તેમ આપણી વૃત્તિઓ ઇન્દ્રિયો દ્વારા બહારના વિષયોમાં પ્રવેશી-પ્રસરીને સંસ્કાર સહ પુનઃ અંદર ફેંકાય. એને વૃત્તિનું પુનરાવર્તન કહે છે.

આ પરથી લેખક ઉપાસના અથવા ભક્તિનાં બે કર્તવ્યો દર્શાવે છે. (૧) વૃત્તિને અંતર્મુખ કરવાનું ગૌણ કર્તવ્ય અને (૨) અભિમાનીના

જીવપદમાં શમાવેલી વૃત્તિઓના કારણરૂપ મુખ્ય અંતર્મુખ અહંવૃત્તિને તેના મૂલ કારણરૂપ શિવપદમાં શમાવવાનું મુખ્ય કર્તવ્ય. ખેતરમાંથી પસાર થનાર મનુષ્યનું મુખ્ય કર્તવ્ય ગતિ કરવાનું છે પણ સાથે સાથે ધોતિયા - અંગરખામાં ભરાતા કાંટા-ઝાંખરા કાઢીને આગળ પ્રસ્થાન કરવાનું પણ છે. તેમ બાહ્યોપાસનાનાં સાધનો દ્વારા ઉપાસકે સ્વભાવની બહિર્મુખતા ઘટાડી પ્રવાસની મંજિલે પહોંચવાનું છે.

નવીન કેળવણીના પ્રતાપે લેખક રોચક દૃષ્ટાંતો આપવા ઉપરાંત માનસશાસ્ત્રના સિધ્ધાંતો અને પારિભાષિક શબ્દોનો આર્યશાસ્ત્રોના શબ્દો-સિધ્ધાંતો સાથે તર્કયુક્ત મેળ પાડીને વિચારોની વિશદતા સાધે છે. તે તેમણે તૈયાર કરેલા નીચેના જેવા કોઠા પરથી જણાશે.

| પાશ્ચાત્ય માનસશાસ્ત્ર પ્રમાણે અંત:કરણ સામગ્રીના અવયવ | આર્યશાસ્ત્ર પ્રમાણે અંત:કરણ સામગ્રીના અવયવ | સાધનાના પ્રકાર |
|---|---|---|
| Intellect<br>Thought | બુધ્ધિ | વિચાર માર્ગ<br>તત્ત્વ વિચાર<br>સાંખ્યવેદાંત |
| Emotion | અહંકાર | ભક્તિમાર્ગ |
| Volition<br>will | મન, ચિત્ત<br>ઈચ્છા, કામના | યોગમાર્ગ |

સાધનોનો પારસ્પરિક સંબંધ અને એક માર્ગ પર ચાલનાર પ્રવાસીને બીજા માર્ગ પરના સાધનોની ઉપયોગિતા વિશે શાસ્ત્રીય ચર્ચા કરીને લેખક, ભક્તિમાર્ગના નવે પ્રકારોમાં, યોગના

નિદિધ્યાસનમાં તથા જ્ઞાનમાર્ગમાં ઈષ્ટતત્ત્વ કે સ્વરૂપ પ્રત્યેનો અવ્યભિચરિત અનન્ય પ્રેમભાવ અનિવાર્ય હોઈ, તે સર્વ સાધનો કે **સાધનાનું** પર્યવસાન "સ્મરણ"માં રહેલું છે, એમ પ્રતિપાદન કરે છે. ગહન મનન આગળ જ મન થાકી જાય કે પ્રાણાયામ પ્રત્યાહારમાં વૃત્તિ પ્રતિષ્ઠિત થતાં પહેલાં જ સ્થગિત થઈ જાય.....તેના મુકાબલે સુગમતાથી સિધ્ધ થતી સ્મરણભક્તિ નાનામાં નાનાથી મોટામાં મોટા ફળને આપનારી છે, એનું સમર્થન લેખકે વૈદિકશાસ્ત્રના ચોસઠ પહોરી પીપર જેવાં દૃષ્ટાંતોથી કર્યું છે. લેખકે નિર્વિકલ્પ સમાધિ, સ્વરૂપાવબોધ કે નિર્વાણ કૈવલ્ય વગેરે શબ્દોની પરાભક્તિવાચક શબ્દોની તુલનાત્મક સમજૂતી પણ આપી છે – દરેક પૃષ્ઠ પર એક કે અધિક વ્યાવહારિક દૃષ્ટાંત, ઉપમા કે રૂપક તો હોય જ. આ એમની પૃથક્કરણાત્મક શૈલીની વિશિષ્ટતા છે. વળી, સમગ્ર ચર્ચા દરમ્યાન, ભક્તિનાં અંગોપાંગોનું સાચું શાસ્ત્રીય અને તાત્ત્વિક સ્વરૂપ સમજાવતી વખતે લેખક સમાજમાં પ્રચલિત દાંભિક અથવા અજ્ઞાનમૂલક કે સમજ્યા વિના થતી ચેષ્ટાઓની કડવી અને કડક વાણીમાં ઝાટકણી કાઢવાનું પણ ચૂક્યા નથી. એવે વખતે તેમની શૈલીમાં ઉગ્રતા અને આવેશના અંશ છતા થયા વિના રહેતા નથી. પણ તેમ કરતાં તેમણે સ્પષ્ટતા કરી છે કે મોટાભાગના અજ્ઞાની ભગતડાંઓ અને સાચા શુધ્ધ ભક્તોનો ભેદ પારખવામાં ભૂલથાપ ન ખવાય તથા જનતા પારમાર્થિક હાનિથી ઉગરે માટે "વિવેકી પ્રજાને સાવધાન કરવાના ઉદ્દેશથી પ્રસંગોપાત્ત ધર્મના અયથાર્થ સ્વરૂપોનું ખંડન કરવું યોગ્ય ધાર્યું છે." જો તેઓ વધુ જીવ્યા હોત તો તેમની લેખિની દ્વારા ઉત્તમકોટિના તત્ત્વવિદ્યાવિષયક અભ્યાસગ્રન્થો ગુજરાતી સાહિત્યને પ્રાપ્ત થાત, એમાં શંકા નથી.

નગીનદાસ પુરુષોત્તમદાસ સંઘવી

જ્ઞાતિએ પાટીદાર પણ આચાર વિચારમાં ચુસ્ત સનાતની બ્રાહ્મણ શ્રી નગીનદાસ સંઘવી (૧૮૬૪–૧૯૪૨)નું વ્યક્તિત્વ ઓજસ્વી ક્ષાત્રતેજથી દેદીપ્યમાન હતું. દેશપ્રેમની અને ધર્મપ્રેમની જ્યોત તેમના હૃદયમાં જીવનના છેલ્લા શ્વાસપર્યંત જ્વલંત રહી હતી. તેનો ધ્વંસ થતો જોતાં જ તેઓ જ્વાળામુખીની જેમ ભભૂકી ઊઠતા. ધર્મના કોઈ પણ સદંગ પર આક્રમણ કરનાર ઉપર તેમનો પ્રચંડ પુણ્યપ્રકોપ ઉછળતો – પછી તે ગવર્નર જનરલ હોય કે ગાંધીજી હોય ! ત્યારે તેમના વક્તૃત્વમાં કે આલેખનમાં સાત્ત્વિક ક્રોધની કટુતા અને અગ્નિની ભભકતા સાથે વિચારો તથા ભાષાની ભવ્યતા પણ ભળતી.

સ્વરાજ્ય, સ્વદેશી, સ્વધર્મ અને સ્વસંસ્કૃતિના સાચા પક્ષપાતી તરીકે જ તેઓ અનેક પ્રવૃત્તિઓના પુરસ્કર્તા બન્યા હતા અને તેના નિર્મળ પ્રચારની દૃષ્ટિથી જ તેમણે વિવિધ ગ્રન્થોની રચના કરી હતી. અનેક ધુરંધર વિધ્વાનો અને નેતાઓએ "સ્મારક ગ્રન્થ"માં અંજલિ આપી છે તે પ્રમાણે તેઓ વિચાર વાણી અને વર્તનની એકવાક્યતા સાધનારા અણીશુધ્ધ પ્રામાણિક જીવન જીવનારા વિરલ પુરુષો પૈકીના એક હતા. પોતે અભ્યાસ – અનુભવ અને નિષ્ઠાપૂર્વક સ્વીકારેલા સત્ય–ધર્મના આગ્રહમાં જો આત્યંતિક રીતે સ્પષ્ટવક્તા આખાબોલા ન રહ્યા હોત, અને (પોતાના સિધ્ધાન્તોનો અંશતઃ પણ ભોગ આપ્યા વગર) સહેજ સહિષ્ણુ કે સમન્વયવાદી બન્યા હોત તો (ભારતભૂષણ, સદ્ધર્મ–ભાસ્કર, સનાતનધર્મકેસરી, વ્યાખ્યાનમાર્તંડ, વિદ્યાવાગીશ–વાચસ્પતિ, વિદ્યાવારિધિ...વગેરે) સેંકડો (સાચી) પદોપાધિઓ પ્રાપ્ત કરનાર સંઘવીજી રાજકારણ અને સાહિત્યના ક્ષેત્રમાં આગલી હરોળનું સ્થાન ભોગવી શક્યા હોત.

ધર્મ વિનાનું સ્વરાજ્ય કદી સુરાજ્ય કે રામરાજ્ય સર્જી શકે નહી' એવો તેમનો કટ્ટર મત હતો. અને એ મતને પ્રામાણિકપણે વફાદાર રહીને તેમણે સામાજિક અને રાષ્ટ્રીય ઉન્નતિને પ્રેરનારી વિવિધ સંસ્થાઓ સર્જી, કાર્યક્રમો અને આંદોલનો ચલાવ્યાં, વક્તાઓ કાર્યકરો અને નેતાઓને ઘડયા અને સ્વધર્મ સંસ્કૃતિનાં સંરક્ષણ અર્થે તન, મન અને ધન પણ સમર્પણ કર્યું. તેઓ ધર્મવીર અને દાનવીર બંને બન્યા.

૧૪ વર્ષની વયના હતા ત્યારે તેમણે "નીતિવર્ધક સભા"ના પ્રમુખપદેથી આર્ય સંસ્કારોની ઘોષણા કરી. ગુજરાત વર્નાક્યુલર સોસાયટી યોજિત "ઉદ્યોગ" વિષયક વિસ્તૃત નિબંધની સ્પર્ધામાં ૧૭ વર્ષના સંઘવીજીએ "કચ્છ ગિબ્સ મેમોરિયલ ફંડ"નું રૂપિયા એક હજારનું (તે જમાનામાં ઘણું મોટું કહી શકાય એવું) પ્રથમ ઇનામ મેળવ્યું. તેમની આ પ્રથમ કૃતિ ૧૮૮૯માં પ્રસિધ્ધ કરવામાં આવેલી.

આરંભકાળમાં ઇડર રાજ્યમાં મેજિસ્ટ્રેટ, પોલીસ કમિશનર અને રેવન્યુ કમિશનર જેવી ઉચ્ચ હોદ્દાની નોકરી કરનાર સંઘવીજીએ બંગભંગની ચળવળ વખતે દેશભક્તિની ભાવનાથી ઝંપલાવ્યું. દેશી ખાંડની મીલ કાઢીને સ્વદેશીની હિમાયત આદરી. તેમની દેશસેવા અને વિદ્વત્તાની ખ્યાતિ માત્ર ગુજરાત પૂરતી મર્યાદિત ન હતી. સુરત કોંગ્રેસ સમયે તેમની અસ્ખલિત જુસ્સાદાર વાગ્ધારાથી લોકમાન્ય ટિળક અને દાદાસાહેબ ખાપર્ડે ખૂબ પ્રભાવિત થયા હતા. યુવાન સંઘવીએ જહાલ પક્ષમાં સક્રિયરીતે ઝુકાવ્યું. "વિદ્યાર્થીજીવન" નામનું રાજનૈતિક માસિક કાઢી તે દ્વારા તેમણે નવલોહિયા યુવાનોનાં મનમાં સ્વદેશી અને ક્રાન્તિની જવાળા પ્રકટાવી હતી. જનતાએ તેમને "ગુજરાતના ટિળક" તરીકે નવાજ્યા હતા, તે પરથી તેમની દેશભક્તિ અને પ્રવૃત્તિઓની

કલ્પના થઇ શકે તેમ છે. તે વખતે વાતાવરણને ગણવતાં તેમનાં દેશભક્તિનાં કેટલાંક કાવ્યો પૈકી કેટલીક પંક્તિઓ જોવા માત્રથી તેમની દેશદાઝ વરતાઇ આવે છે. ઢંભીઓનું કામ નથી પણ દેશ માટે જેને લગની લાગી હોય એવા – તેમના જેવા – દીવાનાઓનું કામ છે, તે ગઝલનો ઉપાડ જ પ્રોત્સાહક છે :

"હું દિવાનો દેશનો મને કોઇ ન સતાવો ;
હોય જે મારા સમા – મારી કને આવો."

ચુસ્ત સનાતની નગીનભાઇ, ઇશ્વર કરતાં ય દેશને ઊંચું સ્થાન આપતાં કહે છે :

"મન સ્વદેશભક્તિ ન જામી, તવ મહેશભક્તિ નકામી".

("પથ્યસંધિ", પૃ. ૨૬૬)

દેશભક્તિ વિનાના ગ્રેજ્યુએટ યુવકોને તેઓ આકરા ચાબખા મારે છે :

"ભણિયા રે, તેમાં શું ઉધંડિયું ? જો પહેર્યાં ચણિયા,
રણિયા રહે, નિજ દેશતણા તો જનની શિદ જણિયા ?
અધમ દશા જોઇ દેશની, મગજ ન ધમધમિ જાય,
નર એવા, પશુ જેવા ? જડ કે'વા !....
નહિ ! નહિ !! નર એ તો નિમકહરામી અસુરો અવગુણિયા."

(એજન, પૃ. ૨૬૭)

સ્વદેશપ્રેમનો પુણ્યપ્રકોપ તીવ્રતર બને છે ત્યારે નર્મદનો આવેશ ઉતરી આવે છે :

"હિંમત હૈયામાં નહિ મુખમાં ન મળે જીભ,
કર ચૂડી, જડિ ભૂડી, મતિ બૂડી,
તો સતિના શૂરા સુત નહિ પણ એ સાચા શંખણિયા."

(એજન, પૃ. ૨૬૮)

શહીદોને અંજલિ આપતું "વીર શ્રાધ્ધ"નું ૪૪ લીટીનું તેમનું કાવ્ય, મડદાને પણ એકવાર બેઠું કરી દે એ પ્રકારની વીરવાણીથી રસાયેલું છે.

"ખડ્ગધાર ને હાર બરોબર, પુષ્પગેંદ સમ ગોળા સાર,
બરછી અગરબત્તી બે સરખાં, મરણ મોક્ષ નહિ ફેર લગાર ;
ફાંસીને વનમાલા સરખી, જેલ મ્હેલ સરખાં ગણનાર,
એવા ધાયા બૂઢ્ઢા આર્યો, સ્વધાકાર તમને બહુ વાર."
(એજન, પૃ. ૪૬૮)

અંતે શ્રી સંઘવીજીને અન્યાય ન થાય તેટલા માટે પાંચ-છ બાબતો નોંધવાની ખાસ જરૂર છે :

(૧) દેશના પ્રતિષ્ઠિત સાચા કોંગ્રેસી દેશનેતાઓ કરતાં તેમની દેશભક્તિની માત્રા જરા પણ ઉતરતી ન હતી.

(૨) દેશસેવા અને ધર્મસેવા માટે પોતે ઉપાડેલી તમામ પ્રવૃત્તિઓનો મોટાભાગનો આર્થિક બોજો સંઘવીજી પોતે જ ઉપાડતા.... અને તેમની સ્વાર્થત્યાગની સક્રિય ભાવના જ બીજાઓને જનહિતના કાર્યમાં મદદ માટે પ્રેરણારૂપ બનતી.

(૩) જેટલી ઉગ્રતાથી – દ્વેષદંશ રાખ્યા સિવાય – તેઓ નાસ્તિકતા કે સંસ્કૃતિ – ઉન્મૂલન માટે આત્યંતિક વલણ ધરાવતા ઉદ્દામ સુધારકોનો ઉધડો લેતા હતા તેટલી જ ઉગ્રતાથી તેઓ સનાતન ધર્મ-સંસ્કૃતિના સંરક્ષક હોવા છતાં, ધર્મ-સંસ્કૃતિના નામે પ્રવર્તતા. અધર્મ-અનીતિના કાર્યક્રમો અને વહેમ-પાખંડોને પડકારતા.

(૪) પોતાના ધર્મ-સંસ્કૃતિ વિષયક વિચારને વાંધો ન આવે ત્યાં સુધી તેઓ સામા પક્ષવાળાઓને પણ બ્રિટિશશાસક પક્ષ વિરુધ્ધ દેશોન્નતિના કાર્યક્રમમાં ઉદારતાથી મદદરૂપ થતા.

(૫) સૈધ્ધાન્તિક મતભેદ માટે મક્કમ રહીને પણ તેઓ મનોભેદને અવકાશ આપતા નહીં. આ તેમના હૃદયની આધ્યાત્મિક ભૂમિકાનું સૂચન કરે છે. તેમની સબળ શાસ્ત્રીય દલીલો, દેશભક્તિ, નિષ્કલંક ચારિત્ર્ય અને પ્રામાણિક નિષ્ઠા-

નિખાલસતા જોતાં સંઘવીજીમાં "આર્ષદ્રષ્ટાઓએ પ્રતિષ્ઠિત કરેલ પ્રભાવશાળી પ્રજ્ઞા અને શીલનો સુંદર સુમેળ હતો", એવો વિદ્વાનોનો અભિપ્રાય સાર્થક ઠરે છે.

શ્રી રમણભાઇ નીલકંઠના "ભદ્રંભદ્ર"માં જયારે સનાતની ધર્મીઓની અત્યંત અતિરેકપૂર્વક હાસ્યાસ્પદ ઠેકડી કરવામાં આવી ત્યારે સંઘવીજીના અંતરાત્મામાંથી "ભ્રમણચંદ્ર"નું સર્જન થયું. "ભદ્રંભદ્ર"થી ય વધુ સાહિત્યિક અને સચોટ માર્મિક "ભ્રમણચંદ્ર" કૃતિએ સુધારકોને ચૂપ કરી દીધા હતા, એવી અનેક નોંધો મળી આવે છે.

પોતે નિઃસંતાન હોવાથી, સંઘવીજીએ પોતાની અને તેમનાં સ્વ. પત્ની શ્રી હરિમંગળાબહેનની લાખ ઉપરાંત રૂપિયાની કિંમતની મિલ્કતનું ટ્રસ્ટ કરી, ધર્મ, શિક્ષણ અને સંસ્કારની સેવામાં અર્પણ કર્યું છે, તેમાં તેમની ત્યાગવૃત્તિ ઉપરાંત ભાવિ પ્રજાના ઉત્કર્ષ માટેની ઉત્કટ ભાવનાનાં દર્શન થાય છે.

તેમની વિદ્વત્તા સર્વતોમુખી અને સર્વદેશીય હતી. વેદોપનિષદથી માંડી, વર્તમાન કાલ પર્યંતના અગાધ સંસ્કૃત સાહિત્ય અને શાખાપ્રશાખા સહિત તમામ શાસ્ત્રોનું તેમનું ઊંડું સંગીન પરિશીલન અપ્રતિમ હતું – અને તે બધું કંઠસ્થ. નાની વયમાં તેમણે કરેલા શતાવધાનના સ્મરણશક્તિના પ્રયોગો ચમત્કારિક કહી શકાય તેવા હતા. મંત્ર અને તંત્રશાસ્ત્રના તેમના જેવા વિરલ જ્ઞાતાઓ હવે ભાગ્યે જ હશે. સંસ્કૃત અને ગુજરાતી ઉપરાંત હિંદી, અંગ્રેજી, માગધી, બંગાળી અને ફારસી ભાષા પરનું તેમનું પ્રભુત્વ એવું હતું કે તે તે ભાષામાં તેઓ લેખન ઉપરાંત ધારાવાહી પ્રવચન પણ કરતાં. સંસ્કૃતમાં અને ગુજરાતીમાં "ટેલિમેકસ", "ચારુચિત્રા", "રકતબિંદુ", "ઇન્ડિયન નાઇટ", "ચિન્તામણિ", "ધર્મ", "શ્રીગણેશરહસ્ય", "નવરાત્રના ગરબા", "સાંપ્રત શાળાશિક્ષણ", "શ્રી મોરારજી ગોકુલદાસનું જીવનચરિત્ર", "પથ્યસંઘ", "શ્રીસદ્ગુરોર્મહિમ્નઃ સ્તોત્ર",

બાણભટ્ટની "કાદંબરી"ની પ્રતિકથા જેવી "દિવ્યાંબરા" (નવલ);
"શિશુપાલ-મદમર્દન"....વગેરે તેમની અનેક કૃતિઓ ગ્રન્થસ્થ થઇ છે.
આ ઉપરાંત ગુજરાતી, ગુજરાતી પંચ, બુધ્ધિપ્રકાશ, ગુજરાત ગેઝેટ,
રૈકવરમણ, સનાતન ધર્મકેસરી, વિદ્યાર્થીજીવન, મહાજ્યોતિ,
ધર્મમંગલા, મહાકાલ, પ્રાતઃકાલ, સદુપદેશશ્રેણી....વગેરે પત્રોમાં
તેમનું ગુજરાતી, હિંદી અને સંસ્કૃત ભાષામાં એટલું બધું ગદ્યપદ્ય
સાહિત્ય પ્રકટ થયેલુ છે કે તેમાંથી ચૂંટીને પ્રસિધ્ધ કરવામાં આવે
તો પણ તેના અનેક ગ્રંથો થાય.

સાક્ષરશ્રી ડાહ્યાભાઇ પીતાંબરદાસ દેરાસરી સંઘવીની
નાટ્યકૃતિ વિશે વિવેચન કરતાં લખે છે કે :

"શિશુપાળ-વધ અથવા રુક્મિણીહરણ એ પ્રખ્યાત પૌરાણિક
ઇતિવૃત્તને વસ્તુ લઇને રા. ન. પુ. સંઘવીએ એ જ નામનું નવીન નાટક
રચ્યું છે. રા. રણછોડભાઇ અને રા. મણિલાલનાં હાલની શૈલીનાં
નાટકની રીતે આ નાટક લખવામાં આવવા છતાં તેમાં નાટ્યશાસ્ત્રના
નિયમોની ઉપેક્ષા કરી જણાતી નથી. બીજને યથાપ્રસંગ ખિલવવામાં
તેમણે બહુ સફળ પ્રયાસ કર્યો છે. પદ્ય છંદમાં નહિ પણ હાલ
નાટકશાળાઓમાં ગવાતાં ગાયનોના રાગમાં રચ્યાં છે. ભાષામાં
ગણ્યા ગાંઠ્યાં સુંદર નાટકોમાંનુ આ એક છે."[1]

"મહાજ્યોતિ", "ધર્મમંગલા" અને "વિદ્યાર્થીજીવન" એ
સામયિકોના તંત્રી તરીકે તેમણે દેશભકિત અને ધર્મસંસ્કૃતિ વિષયક
કરેલી ચર્ચા આજે પણ ઉપયોગી નીવડે તેમ છે. ખાસ કરીને મૃત્યુંજય,
સોમ-વિદ્યા-વિષયક અપૂર્ણ લેખમાળા અને "શ્રેયઃસર્વસ્વ"માં શ્રીમન્નૃસિંહાચાર્યજીનું
માત્ર આરંભ કરેલું ચરિત્ર મનનીય કોટિનાં છે.

---

૧. શ્રી ડાહ્યાભાઇ પી. દેરાસરી : "સાઠીનું સાહિત્ય",
પૃ. ૧૦૯, પ્ર. ગુ. વ. સોસાયટી.

લગભગ ૭૦૦ પાનમાં પ્રકટ થયેલા "પથસંધિ"માં તેમની વૈવિધ્યભરી કવિપ્રતિભાની પ્રતીતિ થાય છે. અહીં માત્ર વિષય નિર્દેશ જ કરીશું.

(૧) પ્રથમયાત્રા (વિભાગ) માં સરસ્વતી રાસ, શ્રીમેઘરાજ, કવિવૃન્દનો હોળીખેલ, મનહરમંજરી, વિરહપત્ર બારમાસી વગેરે દલપતશૈલીનાં ગીત, ગરબા સ્તવનો ઉપરાંત વિષય, આલંકારિક રજૂઆત અને કલ્પના વૈભવની દૃષ્ટિએ નીચેના વિભાગો ધ્યાનપાત્ર છે:

(અ) શૃંગારશતક – વિભાગમાં પદારવિંદાષ્ટક, જંઘાકદલ્યષ્ટક, નિતંબબિંબાષ્ટકથી માંડી ૧૩મું સુરત ધ્વન્યષ્ટક – વિવિધ છંદોમાં લગભગ ૪૫૦ ઉપરાંત પંક્તિઓમાં ખેડાયેલો આ શૃંગારરસપ્રધાન વિભાગ અભ્યાસને પાત્ર છે, એટલું જ નહીં પણ ગુજરાતી સાહિત્યમાં આ પ્રકારની કવિતા ખાસ જોવા મળતી નથી. ધર્મ–તત્ત્વના સર્વોચ્ચ શિખરો અને અધ્યાત્મગુહાઓનું દર્શન કરાવનારી સમર્થ લેખિની, શૃંગારરસના સાગરમાં આવું અવગાહન–મજ્જન સહૃદયને કરાવે છે, એ જ એની વિલક્ષણતા છે. આ વિભાગ પૂરો થતાં બીજા છ કાવ્યોમાં પ્રતીક્ષા, વિરહવ્યથા, પ્રોષિતભર્તૃકાનાં મનોમંથનનાં શબ્દચિત્રો આલેખાયાં છે.

(બ) મનહરમંજરી – વિભાગમાં આઠ આઠ પંક્તિના ૨૫ "મનહર"માં પાખંડપચીસી, ૩૭ "મનહર"માં શૂરસાડત્રીસી, ૧૮ "મનહર"માં અમલદાર–અષ્ટાદશી – માં વિવિધ અલંકારોથી સમૃધ્ધ એવી કટાક્ષકવિતા વહેતી હોય છે. પરંતુ –

(ક) પાખંડખંડન છપ્પા – વિભાગમાં લગભગ ૩૧ પાનમાં ૬ લીટીનો એક એવા ૧૧૭ છપ્પા આપ્યા છે. તેમાં મર્મપ્રહારની પરાકાષ્ઠા ઉપરાંત, સમાજનું સંપૂર્ણ પ્રતિબિંબ પડેલું છે. અલબત્ત, અખાના છપ્પા કરતાં તેને શામળના છપ્પા કે દલપતની કવિતા સાથે વધારે સારી રીતે સરખાવી શકાય તેમ છે.

(૨) દ્વિતીય યાત્રામાં

(૧) સ્તુતિ – પ્રાર્થનાઓનો સમુચ્ચય છે. (૨) ભજન–ભાગિરથી–માં પણ વૈવિધ્ય છે. (૩) નવરાત્રના ગરબા (૪) વિજયસિંહ વિજય અથવા નવો બોડાણો (૫) અવતાર જયન્તીઓ અને (૬) પ્રકીર્ણમાં ભારત, ભારતીય સંસ્કૃતિ વગેરેને લગતાં દેશદાઝથી ઉભરાતાં અસંખ્ય ગીતો છે. તદુપરાંત સદ્‌ગુરુગૌરવ ગાતાં ઘણાં કાવ્યોનો પણ "પદ્યસંધ"માં સમાવેશ કરેલો છે. આમાંનાં મોટાભાગનાં કાવ્યોમાં વર્ણવિન્યાસ, અનુપ્રાસ, ઝડઝમક અને શ્લેષનો તથા કલ્પના–ઉત્પ્રેક્ષાની નવીનતાનો ઝબકારો સર્વત્ર જોવા મળે છે (૭) "શિક્ષણશતક" નામના તેમના લાંબા કાવ્યમાં તેમણે શિક્ષણ અને સંસ્કૃત વિષયક વિચારો વ્યકત કર્યા છે.

એક વાત સ્પષ્ટ નોંધવાની અત્રે જરૂર છે કે શીઘ્રકવિ સંઘવીજીની પ્રતિભા આટલાં બધાં ગુજરાતી કાવ્યોમાં પ્રકાશે છે તેના કરતાં સવિશેષ ઉજ્જવળતાથી તેમના સંસ્કૃતમાં રચેલા ગદ્યપદ્ય સાહિત્યમાં ઝળહળે છે. વર્ગના ઉત્સવોના પ્રસંગે રચાયેલી અને મહાકાલ વગેરેમાં પ્રસિધ્ધ થયેલી શ્લોકાવલિમાં વધારેમાં વધારે ધ્યાનપાત્ર ઉત્કૃષ્ટકોટિનું તેમનું ૧૦૩ શ્લોકમાં વસંતતિલકા (છેલ્લા બે શ્લોકો માલિની) છંદમાં રચેલું "શ્રીસદ્‌ગુરુમહિમ્નસ્તોત્ર" છે. વર્ગના પ્રત્યેક ઉત્સવે, અભિષેક કે યજ્ઞ વખતે પણ સાધકસમુદાય આ સ્તોત્રનો જ ઉપયોગ કરે છે. આ સ્તોત્રના શ્લોકે શ્લોકમાં અપૂર્વ કાવ્યત્વ, અલંકારવૈવિધ્ય અને કલ્પનાચાતુર્ય માણવા મળે છે. પાંડિત્યપૂર્ણ છતાં, તે મનોહારી પદોનું લાલિત્ય, જયારે ઉચ્ચારાય અને શ્રવણ કરાય ત્યારે જ આસ્વાદ્ય હોવાનું સમજાય છે. એનું વિવેચન તો સ્વતંત્ર પ્રકરણ માગી લે. પણ વિદ્યાભાસ્કર પંડિત શ્રી મણિશંકર વસંતરામ ઉપાધ્યાયે એ શ્લોકો સાતેક વર્ષ પહેલા શ્રવણ કર્યા ત્યારે આશ્ચર્યમુગ્ધ થઇ પૂછવા લાગ્યા કે પુષ્પદંત, કાલિદાસ, શંકરાચાર્ય આદિ કવિવરોની સ્મૃતિને ક્ષણવાર ઝાંખી પાડનાર આ "સંઘવાહ"

(સંઘવી) કવિ કોણ છે ?..... અને પછી તો તેમણે તેમના તે સ્તોત્રનો અભ્યાસ કરીને તે વિશે તુલનાત્મક આલોચના કરતો લાંબો લેખ લખ્યો છે. સંસ્કૃત સાહિત્યસાગરમાં ભારતવ્યાપી શ્રી પુષ્પદંત ઉપરાંત બીજા અનેક કવિઓનાં મહિમ્નસ્તોત્ર હશે, પણ શ્રી સંઘવીજીનું (માત્ર ૨૫-૩૦ પદ્યોનું નહીં પણ) ૧૦૦ ઉપરાંત ૨-૨૨ પદ્યોનું ગુરુમહિમ્નસ્તોત્ર વાસ્તવમાં વિલક્ષણ અને અપૂર્વ છે.

"વધારે આશ્ચર્યની વાત તો એ છે કે જ્યાં ગન્ધર્વરાજ શ્રીમત્પુષ્પદન્ત મહારાજની બુધ્ધિવૃત્તિ નામક સ્રોતસ્વિનીમાંથી વહેતો ભક્તિરસપ્રવાહ શુષ્કતાને પામી પર્યવસાન પામે છે ત્યાં શ્રીયુત્ સંઘવીજીનો રસપ્રવાહ આગળને આગળ વધતો જ જાય છે. સામાન્ય રીતે જોતાં આપણને લાગી શકે છે કે કોઈક સ્થળે શ્રી સંઘવીજીનો પ્રવાહ શ્રીમત્પુષ્પદન્ત મહારાજના કે પંડિતરાજ શ્રીમત્ જગન્નાથના ભક્તિરસ પ્રવાહમાં ભળી ગયો હોય. પણ તે સામ્ય, હું માનું છું કે — અપાતતો દૃશ્યમાન જ હોય છે."[1]

શ્રી મણિશંકર પંડિતજીએ શ્રીપુષ્પદંતના **असितगिरिसमं स्यात्** — વાળા શ્લોકની, શ્રી સંઘવીજીના સ્તોત્રના નીચેના છેલ્લા શ્લોકની માર્મિક રીતે સાહિત્યિક અને તાત્ત્વિક તુલનાત્મક સમાલોચના કરી છે.

अनिमिनिजलतत्त्वं तेजसा रञ्जितं च।
भवति सुपरिपूर्णं भूमिपात्रे प्रयत्नात्॥
पवनलहरीरूपा धाणिकाः स्युं सुपत्रम्।
नहि तदलमसंख्या शारदा कीर्तिकेस्ते॥

---

૧. "શ્રીસદુપદેશશ્રેણી", ૧૩૪, પૃ. ૧૨

"આવી રીતે શ્રી સંઘવીજીની રચનામાં જ્યારે ગંભીરતાપૂર્વક આલોચના કરવામાં આવે છે તો પ્રતીત થાય છે કે શ્રી સંઘવીજીએ પોતાની માતૃભાષા સંસ્કૃતના ઉધ્ધારહેતુ નિમિત્ત અનુત્તમ ભોગ આપ્યો છે. ગુજરાતની તે પાટીદાર વંશપરમ્પરા હાર્દિક ધન્યવાદને પાત્ર છે જેમાં શ્રી સંઘવીજી જેવા વિધ્વાન સંસ્કૃતજ્ઞો પ્રકટ થયા."[1]

અત્રે એ ખ્યાલમાં રાખવાની જરૂર છે કે પંડિત વિભૂષણ સંઘવીજીના આ બધા વાઙ્વૈભવના કેન્દ્રમાં એક જ વસ્તુ નિરંતર જાગ્રત રહેતી અને તે પરમાત્મસ્વરૂપ સદ્ગુરુ શ્રીમન્નૃસિંહાચાર્યજી પ્રત્યેની આત્યંતિક શ્રધ્ધાપૂર્વકની અનુરક્તિ અને પરિપૂર્ણ પ્રપત્તિ. તેમના અનન્ય શિષ્યત્વની ખુમારીથી યુક્ત નીચેનું તેમનું પદ તેઓશ્રી વારંવાર ઉત્સવ પ્રસંગે ગાતા :

"દેખા દેખા દેખા હે નરસિંહ મુખચંદ્ર દેખા હે,
સદ્ગુરુ પદપદ્મ દેખા હે, નરસિંહ.
ઓર તો પુસ્તક હમ ન પઢે હે, ગુરુપદપોથી પેખા હે.
જબ્તેં દર્શન ભયે સદ્ગુરુકે તબતેં જગત તૃણ લેખા હે.
ઓરકે આગે હમ નહિ યાચે, નગીન નૃસિંહ પૈ ભેખા."

શ્રીમન્નૃસિંહાચાર્યજી પણ સંઘવીજીને લાક્ષણિક રીતે "<u>સાક્ષરોત્તમ શીઘ્રકવિ</u>" તથા "<u>વર્ણનો હાથી</u>" કહેતા. એનો સ્વીકાર કરીને સત્શિષ્ય પોતે જ ગાય છે કે :

"હસ્તિગલન્મદ" શ્રીમુખ કહેતા, શ્વાનપણું ન સ્વીકારું રે."

---

૧. "શ્રીસદુપદેશશ્રેણી", પૃ. ૨૧

દી. બ. નર્મદાશંકર દેવશંકર મહેતા

શ્રીમન્નૃસિંહાચાર્યજીએ જેમને "વેદાન્તમાર્તન્ડ"ની ઉપાધિ અને "શુકલવૃત્તિ"નું સાંકેતિક ઉપનામ આપેલું અને સમસ્ત "વર્ગ"માં જેઓ "ઋષિ નર્મદ"ના નામે જ પકાયેલા તે મેધાવી સાધકરત્ન નર્મદાશંકર મહેતા (૧૮૭૧-૧૯૩૯)નું વ્યક્તિત્વ અમૂલ્ય હીરા જેવું હતું. સનદી આઇ.સી.એસ. થયેલા અને વિદેશી શાસનની ઘણુંખરું હિમાયત કરનારા પ્રજાદ્રોહી અમલદારોને જ મોટે ભાગે અપાતો "દીવાન બહાદૂર"નો ઇલ્કાબ, ઉચ્ચ પ્રકારની કાર્યક્ષમતા અને વહીવટી કુશળતા વગેરે માટે નર્મદાશંકરભાઇને મળ્યો, એ સ્વતંત્ર વ્યક્તિત્વ અને સ્વદેશપ્રેમી માનસ ધરાવતી વિદ્વાન વ્યક્તિ માટે વિસ્મયકારક ઘટના કહેવાય. તો બીજી બાજુથી વિઠ્ઠલભાઈ અને સરદાર વલ્લભભાઈ જેવા સ્વાતંત્ર્ય સંગ્રામના ઉચ્ચ શ્રેણીના આગેવાનો નર્મદાશંકરભાઈ માટે અપૂર્વ માન-મમતા અને મૈત્રી ધરાવતા એટલું જ નહીં પણ તેમનાં સલાહ-સૂચનો માગતા-સ્વીકારતા. વિઠ્ઠલભાઈ ઇંગ્લૅંડમાં હતા ત્યારે બોરીવલીથી ૯-૬-૧૯૨૭ના રોજ તેમને લખેલા પત્રમાં નર્મદાશંકર-ભાઇની વેધક દૃષ્ટિ, દેશભક્તિ, સ્પષ્ટ વકતૃત્વ અને અંગ્રેજી ભાષા પરનું પ્રભુત્વ અને રૂપકશૈલીની પ્રતીતિ થાય છે. તેમાંનાં કેટલાંક વાકયો જોઇએ :

"I think India requires a combination of Mahatma Gandhiji's self-control in speech and Patel's timely hammering on the public platform. Mere use of speech without right action is an abuse of our logos."[1]

---

૧. "દી. બ. નર્મદાશંકર મહેતા (સ્મારક ગ્રંથ)", સંપાદકો : ઉમાશંકર જોશી, અનંતરાય રાવળ અને યશોધર મહેતા, પૃ. ૩૨૦.

"The present baby of the Govt. of India Act, 1919, whose pre-natal nursing was attended to by you in England, is an ASHTAVAKRA - crooked in eight limbs - but at least it has the precocious development of a sage whereby the initial weakling has attained sufficient wisdom to guide a Rajarshi like you."[1]

X X X

"We Hindus and Mahomedans will break our heads like children and make peace. Foreigners need not be anxious about our internal quarrels. Hindu-Moslem problem is a question of internal policy and not of external one. Let the British admit that important point, and I hope the common electorate with proportionate representation of Mohomedans in Provincial and Central Councils will remove the communal tension. The Communal electorate must go at the earliest opportunity."[2]

X X X

દેશી રાજ્યોના રાજવીઓ સંબંધી તેમના વિચારો કેટલા દૂરદર્શી હતા. તેઓ લખે છે :

"They are more obstinate than the British bureaucrats. They are like frogs in a well, forgetting that there is an ocean of British India outside their limits. They must be persuaded to forgo some of their privileges

---

૧. "દી. બ. નર્મદાશંકરભાઈ મહેતા (સ્મારક ગ્રંથ)", સંપાદકો : ઉમાશંકર જોશી, અનંતરાય રાવળ અને યશોધર મહેતા, પૃ. ૩૨૧

૨. એજન, પૃ. ૩૨૩

secured by treaties with the British Government. The British Nation can not break the promises, but the Indian Chiefs with a fore sight ought to see that a homogeneity of government is better than heterogeneous forms of rule for the betterment of India as a whole."[1]

કારકુનમાંથી મામલતદાર અને ડે. કલેકટર અને પછી મુંબઇ-અમદાવાદમાં બબ્બેવખત મ્યુનિસિપલ કોરપોરેશનના ડેપ્યુટી અને ચીફ કમિશનર તરીકે અને છેલ્લે છેલ્લે ખંભાત રાજ્યના દીવાન તરીકે નર્મદાશંકરભાઇએ જે અભૂતપૂર્વ સેવાઓ આપી તે પર તો અંગ્રેજી અમલદારો ઉપરાંત શ્રી મોરારજીભાઇ દેસાઇ, શ્રી કનૈયાલાલ મુનશીથી માંડીને પ્રજાના દરેક થરના અગ્રેસરોએ પ્રશંસાનાં પુષ્પો વેર્યાં છે અને તેમને "સ્થાનિક સ્વરાજ્યના નિષ્ણાત", "અમદાવાદના વિધાયક".... વગેરે બિરૂદોથી નવાજ્યા છે.

આ તો થઇ ભૌતિક વ્યવહાર વ્યવસાયના ક્ષેત્રની કારકિર્દી અને કીર્તિની નિષ્કલંક કથા. આ બધી બાબતો તેમને પણ ક્ષુદ્ર અને ક્ષુલ્લક હતી. આ વિશિષ્ટ દૃષ્ટિસંપન્ન ચિંતકનું આંતરમન તો દર્શનાધ્યયન, તત્ત્વચિંતન અને સાહિત્યગગનમાં ઉડ્ડયન કર્યા કરતું હતું. સર્વોચ્ચ કક્ષાના પંડિતોની પ્રથમ પંક્તિમાં વિરાજનાર અને સરકારમાં તથા પ્રજામનમાં પરમોચ્ચ પદ-પ્રતિષ્ઠાને ભોગવવા ભાગ્યશાળી બનેલા નર્મદાશંકરભાઇ, તેમના સદ્ગુરુ શ્રીમન્નૃસિંહાચાર્યજીના નૃસિંહાશ્રમમાં તો હાથમાં સમર્થ લેખિનીને બદલે માર્જની પકડતા અને

---

૧. એજન, પૃ. ૩૨૪

નિષ્ઠાપૂર્વક આંતરસમાર્જનની પ્રક્રિયાને વેગ આપતા. આચાર્યહૃદય અને તેમના હૃદય સમા વિશ્વવંદ્યની અનુજ્ઞા-સૂચનાનુસાર તેમણે ઉત્સવો પ્રસંગે વર્ગમાં અને વર્ગનાં માસિકોમાં – તથા વર્ગ બહાર પણ – સો ઉપરાંત પ્રવચનો આપ્યાં, લેખો લખ્યા ;"ત્રિભુવન વિજયી-ખડ્ગ", "યોગિનીકુમારી" જેવા ગૂઢ અને તાત્વિક પુસ્તકોના પ્રવેશકો લખ્યા તથા સંસ્કૃત શ્લોકો રચ્યા ; અંગ્રેજીમાં પણ વિવેચનલેખો લખ્યા – જેની યાદી તેમના સ્મારક ગ્રંથનાં ૧૮ પૃષ્ઠો રોકે છે । નરસિંહરાવ, કેશવલાલ ધ્રુવ, આચાર્ય આનંદશંકર વગેરે વ્યુત્પન્ન વિદ્વાનો તેમને મંત્રતંત્રાગમદર્શનાદિ શાસ્ત્રોના જ્ઞાનકોષ ગણતા. આ જ્ઞાનકોષની વાઙ્મયી પૂજાનો સંક્ષિપ્ત પરિચય પામતાં પહેલાં તેમની તરુણકાળની સિધ્ધિનો ઉલ્લેખ કરવો જરૂરી છે.

૧૮૯૬માં An Account of the Doctrinal Differences amongst the various followers of Shankaracharyaએ વિષય પર મહાનિબંધ લખવા માટે મુંબઇ યુનિવર્સિટી તરફથી તેમને સુજ્ઞ ગોકુળજી ઝાલા વેદાંત પારિતોષિક મળેલું. તે પહેલાં ૧૮૯૪માં ભાઊ દાજીનું વિરલ ઇનામ પણ મળેલું. "વેદાન્તસિધ્ધાંતભેદ"ની પ્રથમ ૧૯૦૨માં અને પછી ૧૯૦૬માં બે આવૃત્તિ પ્રસિધ્ધ થતાં વિદ્વાનોમાં આદરાત્મક ઊહાપોહ મચી ગયો હતો. ત્યારબાદ તો આત્યંતિક જડ કહી શકાય એવી વ્યવસાયવાળી વહીવટી નોકરીની વચ્ચે રહીને પણ "ગોવર્ધનરામયુગના સ્મરણીય સારસ્વત"[1] અને તત્ત્વજ્ઞાનના આરૂઢ પંડિત નર્મદાશંકરભાઇએ – પોતે વિદ્યાપીઠના અધ્યાપક કે આચાર્ય ન હોવા છતાં – વિદ્યાવ્યાસંગનો પ્રચંડ પુરુષાર્થ કરીને, અભૂતપૂર્વ કહી શકાય એવું વિપુલ સઘન દાર્શનિક સાહિત્ય ગુર્જરી ગિરાને ચરણે નિવેદન કર્યું.

---

૧. શ્રી વિજયરાય વૈદ્ય

ઉત્તર નર્મદે "ધર્મ વિચાર" દ્વારા ધર્મ ચિંતનના લેખો લખવાની શરૂઆત કરી છે પણ તેમાં મૂળ સંસ્કૃતના ઊંડા પરિશીલનની ન્યૂનતા દેખાય છે. પરંતુ તત્ત્વ સાહિત્યના ક્ષેત્રે મણિલાલ નભુભાઈ, ગો. મા. ત્રિપાઠી, આનંદશંકર ધ્રુવ અને માસ્તરસાહેબ જેવા રથી–મહારથીઓએ, પોતપોતાની મર્યાદામાં રહીને, લાંબાટૂંકા છૂટાછવાયા લેખો તથા ગ્રંથો દ્વારા ફાળો નોંધાવ્યો છે. પરંતુ કોઇપણ સવિશેષ સંપ્રદાય કે વિચારસરણી સાથે અભિનિવેશ સેવ્યા સિવાય, સ્વતંત્ર સત્યાન્વેષી તટસ્થ તાત્ત્વિક દૃષ્ટિથી, માત્ર અંગ્રેજી પુસ્તકોના જ આધાર પર નહીં પરંતુ પ્રાપ્ત તેટલાં તમામ મૂળ સંસ્કૃત ગ્રંથો તેમ જ હસ્તપ્રતોનું પણ મર્મગ્રાહી પરિશીલન કરીને, ઐતિહાસિક તુલનાત્મક રહસ્યમય શાસ્ત્રીય અને વૈજ્ઞાનિક કહી શકાય એવી નૂતન પધ્ધતિથી ભારતીય ધર્મતત્ત્વધારાનું – તે વિષયમાં મૂર્ધન્ય ગણાય તેવું – સુરેખ સંગીન સળંગ ચિંતનાલેખન જો કોઇએ કર્યું હોય તો તે માત્ર નર્મદાશંકરભાઇએ. કેટલીક બાબતોમાં તો તેમનું આ કાર્ય ધ્રુવસાહેબના ચિંતન–આલેખનથી અલગ પડી કે આગળ વધી આગવું અને અનોખું રૂપવ્યક્તિત્વ ધારણ કરતું હોય છે. મણિલાલ તેમના સ્વધર્મસંરક્ષણના આત્યંતિક એકાન્તિક કદાગ્રહને લીધે હિંદુ ધર્મ–તત્ત્વજ્ઞાનના પક્ષપાતી વકીલ અને મિશનરી બની રહ્યા. ન્યાયાધીશની નજરે તત્ત્વદર્શન કરનાર આનંદશંકરની પર્યેષણામાં વ્યાપકતા અને સમગ્રતયા, પાંડિત્ય સાથે રસાળતા પણ ખરી. વિવેચક અનંતરાય રાવળ લખે છે કે :

"નર્મદાશંકર એમના વિદ્યાગુરુ આનંદશંકરની જેવી જ ઊંચી કક્ષાના ધર્મશાસ્ત્રજ્ઞ અને સંસ્કૃતના પંડિત, પણ એમનું પાંડિત્ય મુકાબલે શાસ્ત્રપંડિત કે દર્શનશાસ્ત્રીનું વિશેષ. કૂટ શાસ્ત્રગ્રંથોમાં અવગાહન કરવાથી ક્યારેય જરાય ન ત્રાસતા દેખાતા નર્મદાશંકરનું શાસ્ત્રપાંડિત્ય કદાચ મણિલાલ અને આનંદશંકર

કરતાં વધારે પણ હોય. હાથ પરના વિષય અંગે, પછી તે હિંદના તત્ત્વજ્ઞાનનો કે શાક્ત સંપ્રદાયનો ઇતિહાસ ગ્રંથ હોય કે ઉપનિષદ્-વિચારણાનો ઇતિહાસ હોય કે વેદાન્ત, જૈન કે બૌધ્ધ દર્શન અંગેનો લેખ હોય, તેઓ એટલી બધી આધાર સામગ્રી જોઇ વળે છે અને ગ્રંથમાં કે લેખમાં તેનો ટાંકીને કે ઉલ્લેખીને વિપુલ વિનિયોગ કરે છે કે તેમનાં લખાણો તેમનું શાસ્ત્રજ્ઞાન ઝીણું ને ઊંડું (Intensive) હોવાનું તરત સિધ્ધ કરી આપે. પ્રતિપક્ષને ઉત્તર અપાઇ ચૂકયો હતો અને ખંડનમંડન ઝાઝું આવશ્યક રહ્યું હતું નહિ એ સમયભૂમિકાએ લખતા નર્મદાશંકરનું ધર્મતત્ત્વજ્ઞાનવિષયક લેખન શાસ્ત્ર સિધ્ધાન્તો કે સાધનામાર્ગો વિશે મૂલ ગ્રંથોમાંથી પૂરતા આધાર આપી વિગતપૂર્ણ શાસ્ત્રીય માહિતી રજૂ કરવા અને કેટલીકવાર તેનું રહસ્યદર્શન કરાવવા જ પ્રયોજાય તેમ બનવું સ્વભાવિક હતું. વિગતપ્રચુરતાને લીધે તેમ જ આવી ઝીણવટને કારણે તેમનું લખાણ વિધ્વત્તાભારે અને શુષ્ક બની કુતૂહલાર્થી અને અલ્પાભ્યાસી વાચકોને થકવે કે ભગાડી મૂકે પણ નિષ્ઠાવાન્ જિજ્ઞાસુઓને પોતાને ઘણું નવું જાણવા મળ્યાનો સંતોષાનંદ સંપડાવે એવું બન્યું છે."[1]

આ જ કારણથી "કવિ બાલ" વિશે નર્મદાશંકરભાઇએ આપેલા વ્યાખ્યાન પ્રસંગે આનંદશંકર ધ્રુવે પ્રમુખસ્થાનેથી બોલતાં જણાવ્યું હતું કે,

"નર્મદાશંકરભાઇ એટલે જ Thoroughness. જે વિષય પોતે હાથ પર લે તેનો તળિયાઝાટક અભ્યાસ કરી તેને ન્યાય આપવો એટલે નર્મદાશંકર."[2]

---

૧. "દી.બ. નર્મદાશંકર મહેતા (સ્મારક-ગ્રંથ)", સંપાદકો - ઉમાશંકર જોશી, અનંતરાય રાવળ, યશોધર મહેતા, પૃ. ૧૧-૧૨.

૨. એજન, આનંદશંકર ધ્રુવ, પૃ. ૧૮૪

કવિ બાલને ઘેર ઉછરેલા પોતે તેના ભાણેજ હોઇ તથા વેદાંત શાકત અને તંત્રાગમના પોતે જ્ઞાતા હોઇ, ઉપરોકત વ્યાખ્યાનમાં બાલાશંકર અને તેમની કવિતાના રહસ્યને સમજવાની સાચી દિશા–ચાવી તેમણે આપી હતી. ગોવર્ધનરામનની ન સમજી શકાય એવી "સ્નેહમુદ્રા"નો તથા ગોવર્ધનરામની તપોમયતા અને ધર્મભાવનાનો મર્મ પણ નર્મદાશંકરે સૌથી પ્રથમ તેમના વિદ્વત્તાપૂર્ણ વ્યાખ્યાનોમાં વિશદતાથી સમજાવ્યો હતો. દયારામને રસિક પ્રણયકવિ તરીકે પુરસ્કૃત કરનારા ક.મા.મુનશીના તમામ ભ્રામક મુદ્દાઓનું તર્કસંગત દલીલોથી નિરસન કરીને અલૌકિક શુધ્ધ માધુર્યરસના ભકતકવિ તરીકેની તેમણે સૌથી પ્રથમ પ્રસ્થાપના કરી હતી. એટલે તો દયારામ વિશેના વ્યાખ્યાન પછી પ્રમુખસ્થાનેથી ઉપસંહાર કરતાં શ્રી કૃષ્ણલાલ મો.ઝવેરીએ નર્મદાશંકરભાઇની શૈલી વિશે અહોભાવ યુકત ઉદ્ગાર કાઢેલા કે,

".....નર્મદાશંકરભાઇ જેને અડે તે સોનું થઇ જાય છે. સોનું તો તેમણે આંચ્યું જ અને તે પણ સોએ સો ટચનું અને નિર્મળ."[1]

શ્રી હીરાબહેન પાઠક, નર્મદાશંકરની નિખાલસ નિર્ભીક વિવેક–તાટસ્થ્યવાળી ન્યાયતોલન વૃત્તિની, ગોવર્ધનરામના જેવી રૂપકશૈલીની, શાસ્ત્રસિધ્ધાંત નિપુણમતિના પરિણામ રૂપ "વિવેચ્ય કૃતિની મૂલગ્રાહી પકડ, તે વિષે બૌધ્ધિક અભિગમ ને સ્વચ્છ સ્પષ્ટ વિચારણા" વગેરેના સમુચ્ચયરૂપ "ગૌરવ અને સામર્થ્ય"ની, "કૃતિના રસિક અર્થઘટનની લોકપ્રિય વાર્તિક શૈલી"ની .....સોદાહરણ લાક્ષણિકતા બતાવતાં અંજલિલેખનો અંત આ પ્રમાણે લાવે છે :

"સામાન્ય રીતે, આનંદશંકર અને નર્મદાશંકર બન્ને તત્ત્વચિંતકો અને પંડિત વિવેચકો છે. છતાં તેમની વચ્ચે ફેર આટલો ને માર્મિક :

---

1. સાપ્તાહિક "ગુજરાતી", તા. ૬–૧૦–૧૯૨૯ માં દી.બ. શ્રી કૃષ્ણલાલ મો.ઝવેરી.

નર્મદાશંકર પ્રખર પંડિત છે ને તેથી સાહિત્ય- વિવેચક કરતાં તેઓ વિશેષે ધર્મચિંતક પર્યેષક રહ્યા છે, તેમની વિવેચનામાં આ અસાધારણ જ્ઞાનની સખ્તાઇ પેલી રૂપકશૈલીના સાહિત્યરાગથી રંગાયરસાય છે, ત્યારે હૃદ્ય બને છે; જયારે આનંદશંકર કંઇક રસિક લલિત પ્રકારના પંડિત છે અને તેથી જેટલા તેઓ તત્ત્વચિંતક તેટલા જ સાહિત્યવિવેચક પણ ખરા. અને તેમની શૈલી યે ભાવનાની સુગંધથી ફોરતી હળવી લાગે છે. નર્મદાશંકરની વિવેચનશૈલી વિશે એટલું કહી શકાય કે પ્રખર પાંડિત્યવાળી છતાં તે સરળ ને પ્રાસાદિક છે. સંસ્કૃત ને પારિભાષિક સાજવાળી છે અને જ્ઞાનસભર છતાં કિલષ્ટ તો નથી જ.

ગુજરાતી વિવેચકોની હારમાં નર્મદાશંકરનું સ્થાન કયાં ? આપણે ત્યાં કેટલાક સર્જક વિવેચકો, કેટલાક કેવળ વિવેચકો અને કેટલાક તત્ત્વચિંતક વિવેચકો છે. તેમાંથી દેખીતી રીતે નર્મદાશંકર ત્રીજા પ્રકારમાં પડે છે ને તેથી તેમના વિવેચનને વેધકતા વ્યાપકતાનો બેવડો ફાયદો થયો છે.

નર્મદાશંકરનું ગુજરાતી વિવેચનાને પ્રદાન શું ? ત્રણ બાબતે. એક, મધ્યકાલીન ગુજરાતી કવિઓ જેવા કે અખો, દયારામ, વ. નું નિશ્ચિત ને છેવટનું મૂલ્યાંકન. બીજું સમર્થ અર્પણ તે પોતાના સમયના સમર્થ સાહિત્યકારોનું તેમ જ તેમના સંપ્રદાય - આચાર્ય વ. ના સાહિત્યનું યુગબળોના પરિવેશ (Setting) માં કરેલું નિરીક્ષણ. ત્રીજું તેમના વિવેચનમાં સમરસ બનેલી તેમની ધર્મતત્ત્વવિચારણા. જાણે કે એ તત્ત્વના અનુલક્ષમાં જ તેઓ સાહિત્યપ્રદેશે વિવેચન અર્થે વિચરતા ન હોય ! તેમના એ ચિંતનને અવકાશ મળે તેવી જ કૃતિઓ અને કર્તાનું વિવેચન તેઓ પસંદ કરે છે, કારણ ધર્મતત્ત્વચિંતન એ તેમની પ્રધાન લેખન લીલા છે. અને વિવેચનને અમુક અંશે તત્ત્વચિંતન જોડે નાતો છે પણ ખરો. જો નર્મદાશંકર વિશે ચોકસાઇપૂર્વક વિધાન કરવું હોય તો, સાહિત્ય- વિવેચન એ તેમના તત્ત્વચિંતનનું લાસ્ય- સ્વરૂપનું વિલસન છે."[1]

---

૧. "નર્મદાશંકર મહેતા સ્મારક ગ્રંથ"માં શ્રી હીરાબહેન પાઠક, પૃ. ૬૧, ૬૨.

આ તમામ અભિપ્રાયોની પરિપૂર્ણ પ્રતીતિ તેમના નીચેના ગ્રન્થો પૈકી પ્રથમ ચાર ગ્રન્થોના અધ્યયનથી સહૃદયને થયા વિના રહેતી નથી.

(૧) હિંદ તત્ત્વજ્ઞાનનો ઇતિહાસ

(૨) ઉપનિષદ્ વિચારણા

(૩) શાક્તસંપ્રદાય

(૪) અખાકૃત કાવ્યો

(૫) સુપ્રજનન શાસ્ત્ર

(૬) સંધ્યાકર્મ વિવરણ

"અખાકૃત કાવ્યો"માં અખાની કૃતિઓના દુર્બોધ અંશોને સ્ફુટ કરી, અટપટી ભાષામાં રજૂ થયેલા શાસ્ત્રીય વિચારોનું સ્પષ્ટીકરણ કરનારી નર્મદાશંકરની તાત્પર્યગામી દૃષ્ટિએ, અખાને માત્ર તત્ત્વચિંતક જ નહીં પણ બ્રહ્મનિષ્ઠ જ્ઞાની કવિ તરીકે સૌથી પ્રથમ જ વાર પૂરવાર કર્યો છે. અખો, બાલાશંકર અને ગોવર્ધનરામની "સ્નેહમુદ્રા"ના પોતે વર્ષોથી આદરેલા અભ્યાસયજ્ઞમાં શ્રી ઉમાશંકર જોશીને નર્મદાશંકરભાઇ દ્વારા જે દિશા ઉઘાડ મળ્યો તે માટે એક જ વાકયમાં ઘણું કહી જાય છે :

"હસ્તપ્રતોની મદદથી અખાની કૃતિઓની વાચના આપવા કોઇએ પ્રયત્ન કર્યો હોય તો તે એકલા શ્રી નર્મદાશંકરભાઈએ.

છેલ્લી પચીસીથી અખો અને બાલાશંકર એ બંને અંગેનો મારો સ્વાધ્યાય ચાલુ છે અને તેમાં સતત મને નર્મદાશંકરભાઇના અક્ષરદેહનો આત્મીયભાવે પરિચય રહ્યા કર્યો છે અને એમાં એક પ્રકારના આનંદનો અનુભવ થયો છે. "અખેગીતા"ના ૭ કડવામાં ૐકારમાંથી સૃષ્ટિસર્જન કેવી રીતે થયું એનું કવિએ કરેલું વર્ણન નર્મદાશંકરભાઈએ પ્રાણવિદ્યાની આપેલી સમજૂતી વિના પામવું મુશ્કેલ છે."[૧]

---

૧. એજન, પ્રસ્તાવના, શ્રી ઉમાશંકર જોશી, પૃ. ૧૦

૧-૨-૩ માં દર્શાવેલી ગ્રંથત્રયી દર્શન સાહિત્યના ઈતિહાસમાં અપૂર્વ છે એટલું જ નહીં પણ આપણી પરંપરામાં "પ્રસ્થાનત્રયી"ને જે બહુમાન મળ્યું છે તેટલું જ માન, આ ગ્રંથત્રયીને, તમામ પંડિત વિવેચકોએ આપ્યું છે. મુનશી, કાકાસાહેબ વગેરે વિધ્વાનોએ સ્પષ્ટ શબ્દોમાં જાહેર કર્યું છે કે આ ગ્રંથોના (ખાસ કરીને ૧લા ગ્રંથનો) હિંદી અને અંગ્રેજીમાં અનુવાદ કરીને પ્રકટ કરવામાં આવે તો માત્ર ભારતમાં જ નહીં પણ સમસ્ત વિશ્વના દાર્શનિક સાહિત્યમાં તે અદ્વિતીય આદરના અધિકારી બને. તેનું મુખ્ય કારણ તેની શૈલી અને વ્યુત્પન્ન વિધ્વાનોને નવા અભિગમથી વિચાર કરવા પ્રેરે તેવાં લેખકે નિરૂપેલાં મૌલિક અર્થઘટનો અને વિધાનો છે. આપણે અહીં માત્ર આ ગ્રન્થત્રિપુટીની મૌલિક વિશેષતાઓનો નિર્દેશ માત્ર કરીશું.

{૧} "હિંદ તત્ત્વજ્ઞાનનો ઇતિહાસ"

સં. ૧૯૭૦ના માર્ગશીર્ષના "વસન્ત"માં ભારતીય દર્શન-સાંકળીની કડીઓને ઓળખવામાં ભૂલ થતી હોવાથી આપણા તત્ત્વજ્ઞાનનો સંપૂર્ણ સંકલિત ઈતિહાસ રચાતો નથી.....માટે એ દિશામાં પ્રયાસ થવો જોઈએ - એ ભાવના આનંદશંકરભાઈના લખાણમાંથી પ્રેરણા લઈને નર્મદાશંકરભાઈએ કમર કસી અને ગ્રંથમણિ "હિંદ તત્ત્વજ્ઞાનનો ઈતિહાસ" {બે ભાગ} શ્રી ધ્રુવ સાહેબે સૂચવેલી ઐતિહાસિક પધ્ધતિથી લખવાનું ભગીરથ કાર્ય ૧૯૧૯ના સપ્ટેમ્બરમાં આરંભી દીધું. અહીં એ યાદ રાખવાની જરૂર છે કે ડો. રાધાકૃષ્ણનનાં અને પ્રો. દાસગુપ્તાનાં Indian Philosophy પરનાં પુસ્તકો તો છેક ૧૯૨૨-૨૩માં પ્રસિધ્ધ થયેલાં. એટલે શ્રી નર્મદાશંકરભાઈનો આ પ્રયાસ તદ્દન સ્વતંત્ર હતો.

ભારતીય તત્ત્વચિંતનની {૧} વૈદિક {૨} બૌધ્ધ અને {૩} જૈન - એ ત્રણ મુખ્ય વિચારધારાઓ સંબંધી ઘણા વિધ્વાનોએ અધ્યયન અને વિવેચન - સંસ્કૃતમાં, અંગ્રેજીમાં અને હિન્દીમાં - કરેલું છે,

પરંતુ તેઓ ન્યૂનાધિક અંશે એકદેશી નીવડ્યા છે. કેટલાકમાં કેવળ એક જ દર્શનની વિચારધારાને સર્વોપરી માનવા – મનાવવાનું વલણ, તો કેટલાકમાં અન્ય ધારાઓના 'યેનકેન પ્રકારેણ' ખંડન માટેનો હઠાગ્રહ, તો ક્યાંક ક્યાંક સાંપ્રદાયિક સંકુચિતતા કે પૂર્વગ્રહિત મતમાં આસક્તિને લીધે અન્ય ધારામાં સ્પષ્ટ જણાતી સદ્વસ્તુને ય સ્વીકારવા પૂરતા ઔદાર્યનો અભાવ વરતાય છે. ખાસ કરીને વૈદિક અને બૌધ્ધ-જૈન પરંપરાઓ પર પરસ્પરનો કોનો કેટલો પ્રભાવ પડ્યો તે વિષયમાં સંદિગ્ધ કે ઐકાન્તિક અભિપ્રાયો સંલબ્ધ હતા. પરંતુ નર્મદાશંકરે શક્ય હોય ત્યાં સુધી મૂળ (First hand) ગ્રંથોના અભ્યાસના અબ્ધિમાં સૂક્ષ્મ સર્વાંગી અને સંગીન ઊંડું અવગાહન કરીને મરજીવાની જેમ મૌલિક મૂલ્યવાન મૌક્તિકો મેળવ્યાં એટલું જ નહિ પણ, પરંપરા અને પ્રતિષ્ઠાની પરવા કર્યા સિવાય કેવળ જ્ઞાન ખાતર જ્ઞાનના સિધ્ધાંતને અનુસરીને, નીડર સત્ય-સ્પષ્ટવક્તા બનીને પોતાના વિચારો પ્રકટ કર્યા અને વિધ્વદ્વર્તુળમાં પ્રવર્તતા કેટલાય ભ્રમોનું નિરસન કર્યું. તત્ત્વચિંતનના ક્ષેત્રની ચુસ્ત વાડાબંધી તેમણે તોડી નાખી, અને ભારતીય દર્શનોનો – અલગ અલગ નહીં પણ – પૂર્વાપર ક્રમપ્રભાવ અને રીતનો ધારા-વિકાસ પારખીને સળંગ સુસંકલિત અભ્યાસ કરવાની – શાસ્ત્રીય અને વૈજ્ઞાનિક કહી શકાય એવી – કેડી તેમણે પહેલી જ વાર પાડી.

શ્રી નર્મદાશંકરનું નિરૂપણ સમગ્ર અને સર્વગ્રાહી છે. તેમની દૃષ્ટિ ઐતિહાસિક અને સમન્વયી છે. તેમની શૈલી ખંડનમંડનની નથી પણ તટસ્થ તાર્કિક વિવેચનની છે. વિવિધ દર્શનોના મતોનું તેમનું પ્રતિપાદન નીડર અને નિષ્પક્ષપાતી છે. પ્રસ્તાવનામાં જ શ્રી મહેતાએ સ્પષ્ટ જણાવ્યું છે કે :

"બ્રાહ્મણોના, બૌધ્ધોના અને જૈનોના વિચારોનો જેઓ સમન્વય કરી જાણતા નથી તેને મારી અલ્પમતિ તત્ત્વજ્ઞ કહી શકતી નથી ; પરંતુ ધર્માન્ધ કહે છે."[1]

ડૉ. રાધાકૃષ્ણન્ અને પ્રો. દાસગુપ્તાથી જુદા પડીને "વિશિષ્ટ દૃષ્ટિવાળા ચિંતક" નર્મદાશંકરભાઇએ (૧) વલ્લભ વેદાન્તને શ્રી રામાનુજથી પણ પહેલું સ્થાન આપ્યું છે. (૨) શૈવ વૈષ્ણવ મતને વેદાન્તના શાંકરમતની પૂર્વે સ્થાન આપ્યું છે. (૩) સાંખ્ય-યોગ દર્શનોને ઉપનિષદોના દાર્શનિક વિચારોની પછી તુરત જ સ્થાન આપ્યું છે... વગેરે મૌલિક લાક્ષણિકતાઓ દર્શાવતાં ડૉ. પી. એમ. મોદી લખે છે કે :

"પ્રો. દાસગુપ્તા અને ડૉ. રાધાકૃષ્ણન્ જેવા વિધ્વાનો કરતાં મુ. નર્મદાશંકરભાઈએ ભારતીય તત્ત્વજ્ઞાનના ઈતિહાસમાં ઉદ્દભવેલાં દર્શનોનો ઐતિહાસિક ક્રમ વધુ સારી રીતે જાળવ્યો છે, તેમ જ ઐતિહાસિક હકીકતો પણ કેટલીક એવી રજૂ કરી છે કે જે સારા વિધ્વાનોએ નોંધી નથી."[2]

(૨) <u>ઉપનિષદ્ વિચારણા</u>

અત્યાર સુધી હિંદુધર્મના સાર-સર્વસ્વ-સ્વરૂપ ઉપનિષદો અને તેની વિચારધારા વિશે સર્વસામાન્ય રીતના નિબંધો અથવા કેટલાંક ઉપનિષદો વિશે છૂટાંછવાયાં લખાણો (મોટે ભાગે તો અંગ્રેજી અનુવાદ પરથી) થયાં છે તો ઈશાવાસ્ય કે કઠ જેવાં ઉપનિષદોનાં ભાષાંતરો થયાં છે. પરંતુ મૌલિક અર્થઘટન અને તટસ્થ સકલતાપૂર્ણ દૃષ્ટિથી ઉપનિષદોનું સર્વાંગી વિવેચન શ્રી નર્મદાશંકર પહેલાં કે પછી કોઈએ કર્યું નથી. વળી આ કૃતિની બીજી મૌલિક વિશિષ્ટતા એ છે કે ઉપનિષદ્ સાહિત્યના

---

૧. "હિંદ તત્ત્વજ્ઞાનનો ઈતિહાસ", બીજી આવૃત્તિ, ૧૯૬૨, લેખકની મૂળ પ્રસ્તાવના, પૃ. ૨૩.

૨. દી. બ. નર્મદાશંકર મહેતા સ્મારક ગ્રંથ, શ્રી પ્રતાપરાય એમ. મોદી, પૃ. ૫૪

મુખ્ય પ્રવર્તકો મહીદાસ, ઉદ્દાલક, યાજ્ઞવલ્ક્ય, માંડૂક્યમુનિ, પિપ્પલાદમુનિ, સત્યકામ જાબાલ વગેરે ઋષિઓ અને ચિંતકો વિશે વેદોથી માંડીને પુરાણોપર્યંત મળતી માહિતીને સમન્વિત કરીને લેખકે પ્રત્યેક ઋષિનું – તેમના વ્યકિતત્વનું-સવિગત સુરેખ ચિત્ર અંકિત કર્યું છે. આ પ્રયાસ અભૂતપૂર્વ ગણી શકાય.

તેમાં અંગ્રેજી તત્ત્વજ્ઞાનના ઈતિહાસની પધ્ધતિ ન પકડતાં લેખકે પ્રાચીન શિષ્ટ પધ્ધતિ અને અર્વાચીન વિવેચન પધ્ધતિનો સમન્વય સાધીને ઉપનિષદોના બહિરંગ અને અંતરંગની પરીક્ષા કરી તેના પ્રતિપાધ વિષયોની સમીક્ષા કરી છે. શબ્દબ્રહ્માત્મક અને અર્થબ્રહ્માત્મક ઉપનિષદોના વિચારો સાથે સાંખ્યયોગનો અને ભકિતશાસ્ત્રનો સંબંધ, ઉપનિષદ્કાળના સમાજનું દિગ્દર્શન, વેદબાહ્ય દર્શનાગમો અને વેદાનુસારી દર્શનોનો ઉપનિષદો સાથેનો સંબંધ વગેરેની સૂક્ષ્મ પર્યેષણા કરીને લેખકે ઉપનિષદ્ વિચારધારાની પશ્ચિમની તત્ત્વવિધા ઉપર કયારે કેવી અસરો થઈ તેની વિગતો આપી, ઉપનિષદ્વિધાની તુલના (અર્વાચીન નહીં પણ) પ્રાચીન પાશ્ચાત્ય તત્ત્વજ્ઞાન સાથે કરેલી છે, એમાં લેખકની વિવેચનની મૌલિકતા દેખાઈ આવે છે. ગ્રન્થના અંતમાં લેખકે સ્પષ્ટ સૂચન કર્યું છે કે,

"મૂલ ઉપનિષદ્સાહિત્યનો અભ્યાસ કર્યા પછી જ ન્યાય-પ્રસ્થાન એટલે બ્રહ્મસૂત્રનો અભ્યાસ કરવો યોગ્ય છે. હાલનો ક્રમ અવળો છે, અને તેથી ઉપનિષદોના મર્મો જેવા જોઈએ તેવા સ્ફુટ થતા નથી."[૧]

(૩) <u>શાકત સંપ્રદાય</u>

વિધ્વાનોમાં લગભગ અસ્પૃશ્ય રહી ગયેલા શકિતવાદના વિષયનો તલસ્પર્શી સર્વગ્રાહી અભ્યાસ કરી તે વિશે આધારભૂત

---

૧. "ઉપનિષદ્ વિચારણા", પૃ. ૨૩૮

મૌલિક ગ્રંથ આપનાર એકલા નર્મદાશંકર મહેતા જ છે.

"આ વેદવાદીઓની અને તાંત્રિકોની એકદેશી મતાંધતાને લીધે શાક્ત સંપ્રદાયને વેદવાદીઓ વામમાર્ગ ગણી નિંદે છે, અને તાંત્રિકો વેદવાદીઓને "પ્રચ્છન્ન બૌધ્ધ" અથવા મિથ્યા માયાવાદી ગણી ઉપહાસ કરે છે. વેદવાદીઓ અને તાંત્રિકો વચ્ચેની અણસમજ દૂર થાય, અને શાક્તસંપ્રદાયમાં કેટલું ધર્મતત્ત્વનું વ્યાપકપણું અને ઊંડાપણું રહેલું છે તે સરલતાથી સમજાય એવા હેતુથી આ નિબંધ લખવાનું શ્રી ફાર્બસ ગુજરાતી સભા તરફનું નિમંત્રણ મેં સ્વીકાર્યું હતું."[1]

શક્તિનું મૂલસ્વરૂપ, તેનો બ્રહ્મવસ્તુ સાથેનો સંબંધ, તેના વિવિધ વ્યૂહો અને પ્રકારો વગેરે વિશે ભિન્ન ભિન્ન મતો સંહિતના સાહિત્યનું અન્વેષણ કરી, લેખકે સંશોધનના ફલ રૂપે આ વિસ્તૃત ગ્રન્થ તૈયાર કર્યો છે. આરંભમાં વેદોપનિષદથી માંડી વેદાંગો, સૂત્રો, આગમો, તંત્રો, પુરાણો પર્યંત શક્તિવાદના સાહિત્યનો પરિચય આપી લેખકે તેમાંથી શાક્તોના તાત્ત્વિક સિધ્ધાંતની સમજૂતી આપી છે, એટલું જ નહીં પણ શક્તિ સિંધ્ધાંત વિચારની સાથે તેમના અધિકારીના, વિધાના, યંત્રના, મંત્રના અને પૂજાપધ્ધતિના પ્રકારભેદોનું પણ સોદાહરણ વિવરણ કર્યું છે. શક્તિવાદ બૌધ્ધ અને જૈનધર્મમાં કેવી રીતે ક્યારે પ્રવેશ્યો તથા ગુજરાતમાં તેનો પ્રસાર-પ્રચાર કયા સ્વરૂપે કેવી રીતે થયો અને તેનો ગુજરાતી સાહિત્ય પર કેવો પ્રભાવ પડયો તે વિશેની સવિગત આલોચના લેખકની તાટસ્થ્યપૂર્વકની સંશોધનશક્તિની પ્રતીતિ કરાવે છે.

ઉપાસ્ય અને ઉપાસકને પરસ્પર સંયોજન કરાવનાર દૈવી સામર્થ્યરૂપ સ્વયંપ્રકાશ શિવ તત્ત્વનો પરિપૂર્ણ પરામર્શ કરવાની

---

૧. "શાક્ત સંપ્રદાય", પૃ. ૧-૨

સ્વયંભૂ આનંદદાયી ચિચ્છક્તિની અને શક્તિવાદની ભૂમિકાનાં દર્શન આધુનિક નર્મદ ઋષિ ઉષાસૂર્યાદિનાં સૂક્તોમાં અને અંભૃણ-તનયાના રચેલા વાક્સૂક્તમાં કરે છે. તે હકીકતથી ઋગ્વેદના અભ્યાસીઓ માટે નવા પ્રદેશનાં બ્હારો ખુલ્લાં થાય છે, એવો ડોલરરાય માંકડનો અભિપ્રાય છે.[1]

પ્રસ્તુત ગ્રન્થ, એક બાજુથી શાક્ત ભક્તો માટે અને બીજી બાજુથી તત્ત્વ સાહિત્યના અભ્યાસીઓ માટે શાસ્ત્રીય શાસ્ત્ર અને આકરગ્રન્થની ગરજ સારે તેમ છે. મંત્રશાસ્ત્રના તજ્ઞ અને અનુભવી હોય એવા સાહિત્યકાર તો ગુજરાતમાં ભાગ્યે જ મળી આવે. અહીં તો સદ્ગુરુના અનુગ્રહાંકિત માર્ગદર્શન નીચે સર્વ શાસ્ત્રોનું પર્યાપ્ત પરિશીલન કરવામાં પ્રતિભાપટુ એવા નર્મદાશંકરભાઈના મંત્ર-તંત્રના અભ્યાસપરિપાકનો આ ગ્રન્થને પૂરેપૂરો લાભ મળ્યો છે, એ દૃષ્ટિએ આ મૌલિક ગ્રન્થ બહુમૂલો બની રહે છે. શાક્તધર્મ વિચારણીય કરતાં વિશેષ તો સાધનાનુષ્ઠાનનિર્ભર આચારણીય કોટિનો હોઈ, તેમણે અત્યંત પરિશ્રમપૂર્વક શક્તિસંપ્રદાયના ભિન્ન મતોમાં પ્રવર્તતાં બે श्रीचक्र મેળવી, તેની પધ્ધતિ અને સમજૂતીનાં બે પટલ બે પરિશિષ્ટમાં અધિકારીઓનાં મનન માટે આપ્યાં છે, તે અપૂર્વ છે. ગ્રન્થના અંતનો પરિચ્છેદ, ગ્રન્થના પ્રયોજનને સ્પષ્ટ કરે છે :

"શાક્તધર્મના સાહિત્યનું સર્વાંશ અવલોકન નિષ્પક્ષપાત વૃત્તિથી નહિ થયેલું હોવાથી, તથા તેની પરિભાષા અને "સંધાભાષા" (સંકેતભાષા) નહીં સમજાયાથી, તે ધર્મના પાલન કરનારા ઘણા અજ્ઞાન અને અંધશ્રધ્ધાવાળા હોવાથી, તે ધર્મના આચરણ કરનારા અને કરાવનારા ગુરુઓમાં સિધ્ધાન્તનું જ્ઞાન નહિ હોવાથી, અને

---

૧. દી.બ. નર્મદાશંકર મહેતા સ્મારક ગ્રંથ, શ્રી ડોલરરાય માંકડ, પૃ. ૫૫-૫૬.

માત્ર ક્રિયા પધ્ધતિમાં જડભાવે પ્રવૃત્તિ કરનારા હોવાથી શાકત સંપ્રદાયની શુધ્ધ બાજુ જેવી જોઈએ તેવી પ્રકાશમાં આવી નથી. આ શુધ્ધ દ્રષ્ટિ ઉઘાડવા પૂરતો આ સોળ કળાવાળો સોળ પ્રકાશનો નિબંધ છે અને તેવી દ્રષ્ટિ ઉઘડયા પછી :-

योगो योगस्य उपाध्याय । (पातञ्जल व्यास भाष्ये)

એ ન્યાયે શાકત્તયોગ પોતે જ તેના ઊંડા વ્યવહાર અને પરમાર્થના ઘણા મર્મો અભ્યાસકને ઉઘાડી શકશે, એવું મારું માનવું છે. આ શાકત્તયોગના એટલે મંત્રવર્ગના પ્રકાશ વિના કેવલ વેદાન્તશાસ્ત્ર સાધકના શ્રેયસને સાધી શકે તેમ નથી. ખરેખર :-

शक्तिज्ञानं विना देवि मुक्तिर्हास्याय कल्पते ।

હે દેવી ! તારા સ્વરૂપના જ્ઞાન વિના મુક્તિ હસવાને પાત્ર બને છે. "[1]

એ જ રીતે શ્રી મહેતાએ બૌધ્ધધર્મ અને તંત્રશાસ્ત્રનો પણ અભિનવ દ્રષ્ટિકોણથી અભ્યાસ કરીને, તે તે વિષયોમાં પ્રવર્તતી ગેરસમજણો દૂર કરી શકય ત્યાં સમન્વય સાધી ધર્મનું સર્વાંગ સુંદર સ્વરૂપ રજૂ કરવાનો ભગીરથ પ્રયત્ન કર્યો છે. The Influence of Buddhism on Vedant - માં તેમણે મૌલિક વિધાનો તારવ્યાં છે. આ ઉપરાંત Evolution of the Conception of Pranava ; Hindu Euggnics ; Introduction to Panchikarana વગેરે અંગ્રેજીમાં લખેલા ગ્રન્થોનું તથા અનેક પ્રગલ્ભ ચિંતનાત્મક લેખોનું તેમનું સાહિત્ય ઉત્કૃષ્ટ કોટિનું હોઈ, તેમણે કરેલી દર્શન-સાહિત્યની સેવા અદ્વિતીય અને અપૂર્વ છે.

આ સર્વ સિધ્ધિઓની ગુરુચાવી એમની અડગ ગુરુભક્તિ છે, એ રખે વીસરાય.

---

૧. "શાકત સંપ્રદાય", પૃ. ૧૭૭-૧૭૮

શ્રી જેકિસનદાસ જેઠાભાઈ કણિયા

શાસ્ત્રોના ઊંડા મર્મને સમ્યક્ રીતે સમજવાની દ્રષ્ટિથી ભારતીય તત્ત્વજ્ઞાનના ગ્રંથભંડારનું પર્યેષકબુધ્ધિએ પરિશીલન કરનારા વર્ગના વિરલ વિધ્વાન તત્ત્વનિષ્ઠ અને આચારનિષ્ઠ ઉચ્ચાધિકારને પ્રાપ્ત સાધકો પૈકી શ્રી જેકિસનદાસ જેઠાભાઈ કણિયાનું વ્યકિતત્વ નીરનીરાળું હતું. તેમનો વિચારપ્રવાહ અને વાક્પ્રવાહ ભારે પ્રભાવશાળી અને અવિચ્છિન્ન હતો. વર્ગના ઉત્સવો પ્રસંગે થતાં તેમનાં વિધ્વત્તાપૂર્ણ વ્યાખ્યાનો હંમેશાં - નર્મદાશંકરભાઈનાં પાંડિત્યપૂર્ણ પ્રવચનોની જેમ - પ્રૌઢ ગૌરવાન્વિત વાગ્મિતાથી અલંકૃત હોય જ. તેઓ સંસ્કૃત પરિભાષાના શબ્દો જેવા ને તેવા વાપરતા પણ તેના પર હંમેશાં વિશદ સમજૂતી માટે અર્થવિસ્તરણ કરતા. મહાકાલ આદિ સામયિકોમાં કેટકેટલા શાસ્ત્રીય વિષયો પરની વર્ષો સુધી ચાલતી તેમની પાંડિત્યપ્રભાથી આલોકિત લેખમાળાઓ ગ્રંથમાળા રૂપે પ્રકટ કરવાની જરૂર છે. અવતાર, પ્રતીકોપાસના, ગુરુતત્ત્વ....જેવા નાના વિષયો હોય કે બ્રહ્મમીમાંસા, યોગદર્શન....જેવા ગહન વિષયો હોય, પણ તે દરેકને તેઓ તેમની અન્વેષક બુધ્ધિ અને સેંકડો શાસ્ત્રોના આધારોથી પ્રતિપાદ્ય સિધ્ધાંતને પુષ્ટ કરવાની તુલનાત્મક પૃથક્કરણાત્મક પધ્ધતિથી વિશદ વિસ્તૃત વિવેચન કરીને પૂરતો ન્યાય આપવાનો પ્રયત્ન કરતા. ભાવનગર કૉલેજના સંસ્કૃતના પ્રોફેસર તરીકે તેઓ ૬૦-૬૫ વર્ષ પહેલાંના સમયમાં વિધમાન સર્વોચ્ચ કોટિના પંડિતોમાં પંકાયેલા હતા.

સુપ્રસિધ્ધ સાપ્તાહિક "ગુજરાતી"ના ૧૦-૩-૧૯૦૭ના અંકમાં સાક્ષર શ્રી હીરાલાલ વ્રજભુખણદાસ શ્રોફે {કે જેમની સામે વાદવિવાદ કરવાની ટક્કર ઝીલવાની ભાગ્યે જ કોઈ હામ ધરતું - એમ કહેવાતું !} "સદ્ગુરુ ગૃહસ્થી હોઈ શકે કે નહીં" એ વિષય પર ચર્ચાલેખ છાપ્યો હતો. તેમાંના મુખ્ય મુદ્દાઓના વિચારોથી

પ્રેરાઈને (ચર્ચાના પ્રત્યુત્તરરૂપે નહીં પણ) સ્વતંત્ર અભ્યાસના નિચોડરૂપે શ્રી કણિયાજીએ "શ્રી સદ્‌ગુરુ કોણ હોઈ શકે ? ગૃહસ્થ કે સંન્યાસી" એ વિશે "મહાકાલ"ના ત્યાર પછીના બે-ત્રણ વર્ષોના અંકોમાં, શાસ્ત્રીય પધ્ધતિએ વિગતપ્રચુર મીમાંસા કરતી લેખમાળા પ્રકટ કરી હતી. તેમાં પૂર્વપક્ષનું તટસ્થતાપૂર્વક પ્રતિપાદન કર્યા પછી જ, તેના વિચારોનું ખંડન અને શાસ્ત્રોનાં પ્રમાણો સહ સમર્થન કરવાની પ્રાચીન છતાં અર્વાચીન લાગતી વાદપ્રતિવાદ-શૈલીથી ગુજરાતના વિધ્વાનો ખૂબ પ્રભાવિત થયા હતા.

તે જ પ્રમાણે "સિધ્ધાન્તદર્શનમ્" એ શીર્ષક હેઠળ યોગપ્રક્રિયાઓની શાસ્ત્રીય અને પ્રાયોગિક (Practical) સમજ આપતી તેમની લેખમાળા "ચમદંડ" માસિકના અંકોમાં મુદ્રિત થયેલી છે. તે તથા "મહાકાલ"ના અંકોમાં છપાયેલી "આંતરમનના અદ્‌ભુત ચમત્કારો તથા તેમાં પ્રવર્તતા નિયમો" વિશેની માનસશાસ્ત્રીય દ્રષ્ટિએ વિવિધ વિલક્ષણ લાગતા વ્યતિકરોનું વિશદ વિશ્લેષણ કરતી લેખમાળા તથા "શ્રીયોગસાર" નામની લેખમાળા ગ્રંથસ્થ કરવી જોઈએ. "પ્રાતઃકાલ"ના અંકોમાં યોગવિષયક "શ્રીઘેરણ્ડસંહિતા" વિશેનું તેમનું વિસ્તૃત વાર્તિક તથા શ્રેણીમાં વિશિષ્ટાદ્વૈત વિશેની લાંબી લેખમાળા પણ પ્રસિધ્ધ કરવા યોગ્ય છે. શ્રી કણિયાએ બાયોકેમિસ્ટ્રી (જીવનરસાયણ વિદ્યા) વિશે વર્ષો પહેલાં ગુજરાતીમાં સૌથી પ્રથમ પુસ્તક લખ્યું હતું. તેમાં તેમણે બાયોકેમિક ચિકિત્સા પધ્ધતિ, તેનાં બારે ઔષધોનું સ્વરૂપ અને તેના ઉપયોગ વિશે વિસ્તારથી સમજૂતી આપી છે.

"વેદાન્ત પરિભાષા વ્યાખ્યા" નામક તેમની લાંબી લેખમાળા સદુપદેશશ્રેણીના અંકોમાં પ્રસિધ્ધ થયેલી છે. વેદોપનિષદ્ વગેરે અસલ સંસ્કૃત ધર્મગ્રંથો અને તેના પર આચાર્ય પુરુષોએ અને અન્ય વિધ્વાનોએ લખેલાં વાર્તિકો અને ભાષ્યોમાં સામાન્ય બુધ્ધિનો કે પ્રાકૃતજનનો પ્રવેશ ન થઇ શકે અથવા તેના ગહન સિધ્ધાંતોને સમજવામાં મુશ્કેલી

પડે એ સ્વાભાવિક છે. તે માટે કણિયાએ આ વિસ્તૃત લેખમાળામાં વેદાન્તાન્તર્ગત એક એક પ્રચલિત પારિભાષિક શબ્દોની વ્યાખ્યા અને સરળ સમજૂતી વિવિધ રોચક દૃષ્ટાંતો સહ આપી છે. આ લેખમાળા ગ્રંથરૂપે પ્રકટ કરવામાં આવે તો તે ગ્રંથ માત્ર વેદાન્તના જ નહીં પણ હિંદુધર્મશાસ્ત્રોના તમામ વિષયોને સમજવામાં અત્યંત માર્ગદર્શક અને મદદરૂપ નીવડે એમ છે. શ્રી સાંખ્યદર્શન વિશેની વૃત્તિસહિત આલોચના કરતી લેખમાળા પણ તે વિષયનું શાસ્ત્રીય પણ તુલનાત્મક પધ્ધતિથી - સાધાર - વિવેચન કરે છે.

શ્રી વિશ્વવર્ધના દેહવિલય પછી મહાકાલ અને સદુપદેશશ્રેણીમાં શ્રેયસ્સાધકોના અને અન્ય સજ્જનોના સંદેહ-પ્રશ્નોનાં શાસ્ત્રીય અને સચોટ સમાધાન - ઉત્તરો શ્રી કણિયાજી આપતા.

"બ્રહ્મસૂત્ર અથવા બ્રહ્મમીમાંસા" એ વિષય પરની મહાકાલના અંકોમાં વર્ષો પર્યંત પ્રકટ થયેલી તેમની વિધ્વત્તાપૂર્ણ અનુવાદ અને આલોચનાયુકત લેખમાળાએ પણ તે વખતના વિધ્વાનોને અને સંસ્કૃતના પંડિતોને પણ વિસ્મયચકિત કર્યા હતા. આજે પણ તે દળદાર ગ્રંથ રૂપે પ્રકટ કરવામાં આવે તો આ ગહન વિષય પર, પ્રો. આનંદશંકર ધ્રુવને બાદ કરતાં, ગુજરાતી ભાષામાં કોઈએ આટલી વિસ્તૃત વિશદ અને શાસ્ત્રીય મતમતાંતરોની સમ્યક્ તટસ્થ તુલના સહની પર્યેષણા કરી નથી, એમ સ્પષ્ટ થશે. શ્રી ધ્રુવસાહેબે તો આ વિષય પર પ્રકાશ નાખનારા પૃથક્ પૃથક્ લેખો જ લખ્યા છે, પરંતુ સ્વતંત્ર સળંગ ગ્રંથ લખ્યો નથી.

શ્રી કણિયાનાં વિધ્વત્તા, અભ્યાસ અને સાધના-જીવનના કીર્તિકલાપ સમી દળદાર ગ્રંથરૂપે પ્રકટ થયેલી તેમની અપૂર્વ કૃતિ "શ્રીપાતંજલયોગદર્શનમ્" છે. તેમાં તેમની પ્રતિભા અને તેમનું મનનપૂર્ણ પાંડિત્ય પૂર્ણરૂપે પ્રકાશી ઊઠયાં છે. સને ૧૯૮૯માં ગુજરાત વર્નાક્યુલર સોસાયટી : હાલ ગુજરાત વિધાસભા : એ તેમની પાસે

મૂળ સંસ્કૃત પરથી "પાતંજલયોગદર્શનમ્"નું સટીક ભાષાંતર કરાવ્યું હતું. ૧૮૯૯માં શ્રેયસ્સાધકઅધિકારી વર્ગ તરફથી તેની બીજી આવૃત્તિ પ્રસિધ્ધ થઇ અને તેનું ત્રીજું સંસ્કરણ ૧૯૬૩માં ગુજરાત વિદ્યાસભા તરફથી કરવામાં આવ્યું છે. તે હકીકત આ મહાન ગ્રંથની અપૂર્વતા, ગુણવત્તા અને ઉપયોગિતાની તથા તેના કર્તાની ઉચ્ચ પ્રતિની પ્રતિભાની પ્રતીતિ કરાવે છે.

આ ગ્રંથની વિશિષ્ટતા એ છે કે આ પ્રકારનો આ પ્રથમ જ (હજુ પણ અદ્વિતીય) ગ્રંથ છે. અધિકારી વાચકોને આવા દુર્ગમ ગ્રંથબોધને સમજવામાં થોડી/ઘણી પણ સુગમતા થાય તે માટે લેખકે દ્વિતીય આવૃત્તિ વખતે :(૧૮૯૯) ૬૦ પાનનો વિધ્વત્તાપ્રચુર "યોગસૂત્ર ભૂમિકા"નો નિબંધ જોડયો છે તે તેની બીજી મહત્ત્વપૂર્ણ વિશિષ્ટતા છે. આ લેખને જ સ્વતંત્ર પુસ્તિકા રૂપે પ્રકટ કરવામાં આવે તો એક ઉપયોગી કૃતિ તરીકે અવશ્ય પ્રતિષ્ઠા પામે તેમ છે. તેમાં તેમણે, ટૂંકાણમાં પણ, શાસ્ત્રીય સમાલોચનાની પધ્ધતિએ જ, પ્રાપ્તવ્ય–કર્તવ્ય–જ્ઞાતવ્યનો નિર્ણય, વેદનું ઈશ્વરપ્રણીતત્વ અને અપૌરુષેયત્વ, અણુ–વ્યક્તિ રૂપ સંસારના પદાર્થોનું પ્રકૃતિ, વિકૃતિ, પ્રકૃતિ– વિકૃતિ અને ત્રણેયથી પૃથક્ – ચતુર્વિધ વર્ગીકરણ, ગુણત્રયનું સ્વરૂપકાર્ય, અસંખ્ય પુરુષોના પાંચ પ્રકાર, વિવેકખ્યાતિ અને વિવેક સાક્ષાત્કાર માટે સંપ્રજ્ઞાતયોગ, : પ્રમાણાદિચર્ચા, કાર્યકારણ સંબંધે આરંભવાદ, પરિણામવાદ અને વિવર્તવાદ, જગતના સ્વરૂપ સંબંધી ભિન્ન ભિન્ન મતાનુસાર સમજૂતી ....વગેરે ફૂટ વિષયો પર વેધક પ્રકાશ નાખીને, પાતંજલયોગસૂત્રના વિષયોની ભૂમિકા માટે વાચકને તૈયાર કર્યો છે.

પતંજલિ બુધ્ધ પૂર્વે કે બુધ્ધ પછી એ વિષયની પણ લેખકે સંક્ષિપ્ત આલોચના કરી છે. પતંજલિનાં સૂત્રો પરનાં વિવિધ વ્યાખ્યાનો, (વ્યાસરચિત ?) ભાષ્યો, તે તે દુર્બોધ ભાષ્યો

પરની વાચસ્પતિમિશ્રની અને વિજ્ઞાનભિક્ષુની ટીકાઓ વગેરે સંબંધી થોડી માહિતી આપી છે. ભોજવૃત્તિ અથવા રાજમાર્તંડની ટીકાનું (સૂત્ર સહિત) અંગ્રેજીમાં ઉત્તમ ભાષાન્તર ડૉ. રાજેન્દ્રલાલ મિત્રે કર્યું છે તેનો પણ લેખકે નિર્દેશ કરેલો છે.

યોગશાસ્ત્રના પ્રમાણ-પ્રમેયાદિ વિષયક સિધ્ધાંતોના અર્થનું પ્રતિપાદન ગ્રંથકારે આ યોગાનુશાસન ગ્રંથથી કર્યું છે. ગ્રંથ સૂત્રરૂપે રચાયેલો હોવા છતાં, તેમાં ૧૯૪ સૂત્રોની અવિચ્છિન્ન યથાર્થ સંકલના રહેલી છે. તે સૂત્રોને ચાર વિભાગમાં વહેંચી નાખ્યા છે.

(૧) સમાધિપાદમાં ૫૧ સૂત્રો છે.
(૨) સાધનપાદમાં ૫૫ સૂત્રો છે.
(૩) વિભૂતિપાદમાં ૫૪ સૂત્રો છે.
(૪) કૈવલ્યપાદમાં ૩૪ સૂત્રો છે.

આ ચારેય વિભાગોના આલેખનમાં પતંજલિનું મૂળ સંસ્કૃત સૂત્ર આપીને, તેના સૂત્રાર્થ અર્થશઃ સમજાવવા લેખકે વિવિધ ભાષ્યો પરના પોતાના ઊંડા અભ્યાસને આધારે, વિશદતાપૂર્વક સફળ વિવેચન કર્યું છે. જ્યાં જ્યાં ભિન્ન મત કે અભિપ્રાયને અવકાશ હોય ત્યાં તેમણે ટિપ્પણ અને ફૂટનોંધનો ઉપયોગ કર્યો છે.

તેઓશ્રીનો દેહવિલય ઇ.સ. ૧૯૨૩ના જાન્યુઆરી માસમાં થયો હતો. વર્ગ તરફથી તા. ૨૪-૧-૨૪ના રોજ શ્રી કણિયાજીને નિવાપાંજલિ આપવા નિમિત્તે "શ્રી વિદ્યાધરસ્મરણસંમેલન"[1] યોજવામાં આવ્યું હતું અને તન્નિમિત્ત કીર્તનપુસ્તિકા પ્રકટ કરી, તેનું ગાન કરવામાં આવ્યું હતું. તેમાંની નમૂનારૂપ કેટલીક પંક્તિઓ આ પ્રમાણે છે :

---

૧. શ્રીનૃસિંહાચાર્યજીએ તેમનું સાંકેતિક નામ "વિદ્યાધર" રાખ્યું હતું.

"વિદ્યાધર ! જય જય જય સૂર્યાવતારિ !
પ્રકટ સદ્ગુરુમહેશ્વર પ્રસાદિધારિ !
જ્ઞાનદીપ્તિ સહસ્ત્રાવધિ, આપે તે પ્રસારી દીધી,
અંતરે ચૈતન્ય ભરતી, હૃદયધ્વાન્તહારી,
— — — — — — — — — — — — — — — — —"

સ્વતંત્ર ભારતની સર્વોચ્ચ અદાલત (Supreme Court) ના પ્રથમ ચીફ જસ્ટીસ સ્વ. શ્રી હરિલાલભાઈના પિતાશ્રી જેકિશનદાસ કણિયાનું ગુજરાતી તત્ત્વજ્ઞાનના સાહિત્યમાં કરેલું પ્રદાન ખરેખર શ્રેયસ્સાધક અધિકારી વર્ગને ગૌરવ અપાવે એવું છે, એની તેના ઇતિહાસ લખનારે નોંધ કરવી જ રહી.

## શ્રી કૌશિકરામ વિઘ્નહરરામ મહેતા

વર્ગના ઘણાખરા વિધ્વાનો સંસ્કૃત દર્શનશાસ્ત્રોના ઊંડા અભ્યાસી હતા. શ્રી કૌશિકરામ વિ. મહેતા (૧૮૭૪ થી ૧૯૪) તો વૈદિક સાહિત્ય ઉપરાંત કાલિદાસ, ભવભૂતિ, બાણ, હર્ષ આદિ કવિઓના પ્રશિષ્ટ (Classical) સંસ્કૃતના વિશાળ વાઙ્મયના મર્મજ્ઞ અભ્યાસી અને રસિક વક્તા હતા. તેમણે ગુજરાત-સૌરાષ્ટ્રનાં વિવિધ વિદ્યાલયોમાં અને જાણીતી શિક્ષણસંસ્થાઓમાં સંસ્કૃતના શિક્ષક અને આચાર્ય તરીકે વર્ષો સુધી કામ કર્યું હતું. તેમની શિક્ષણ આપવાની તથા પ્રવચન આપવાની શૈલી અત્યંત મનોહર અને રસપ્રદ હતી. પોતાના મુદ્દાઓના સમર્થનમાં તેઓ તત્કાલીન વૈજ્ઞાનિક સિધ્ધાંતોનો વિનિયોગ સાધવા પ્રયત્ન કરતા. પૂર્વોક્ત ત્રણેય વિધ્વાનો – સર્વશ્રી ન. દે. મહેતા, જે. જે. કણિયા અને ન. પુ. સંઘવી–ની પંડિતભોગ્ય શૈલીની તુલનામાં શ્રી કૌશિકરામની શૈલીમાં સરળતા, પ્રાસાદિકતા અને વિનોદનાં લક્ષણો પ્રસ્ફુટ થતાં. તેમ છતાં વિષયનું જ્ઞાન, ચર્ચાના મુદ્દા, તેમાંની તાર્કિક વિશદતા વગેરે તો તેમાં ઉચ્ચ પ્રતિનાં જ રહેતાં. તેઓ તેમની અનોખી શૈલીના દાવણમાં

તેનું અતિગાંભીર્ય ગાળી નાખતા અને વિષયને સર્વગ્રાહ્ય બનાવતા. નિવૃત્ત થતાં પહેલાં તેમણે જૂનાગઢ, રાજકોટ વગેરે સ્થળે શિક્ષણક્ષેત્રે અને છેવટે ભાવનગરમાં વિદ્યાધિકારી તરીકે પ્રશસ્ય કામગીરી બજાવ્યા બાદ અમદાવાદમાં શેઠશ્રી અંબાલાલ સારાભાઇની આદર્શ કુટુંબ શાળામાં અને વનિતા વિશ્રામમાં મુખ્ય અધ્યાપક તરીકે આયુષ્યના અવધિ પર્યંત શિક્ષણ અને તત્ત્વજ્ઞાનના વિષયમાં અમૂલ્ય સેવાઓ આપી હતી.

માનસશાસ્ત્ર અને શિક્ષણશાસ્ત્રના સિધ્ધાંતોને નજરમાં રાખીને તેમણે વિદ્યાર્થીઓ માટે "સરલ સંસ્કૃત" ભાગ ૧-૨ રચ્યાં હતાં, અને તે પુસ્તકો તે સમયે ઘણાં લોકપ્રિય નીવડ્યાં હતાં. ૧૯૨૫માં તેમણે પ્રકટ કરેલી બાળમનોવૈજ્ઞાનિક દૃષ્ટિએ લખેલી "સો ટચની વાતો" બાળસ્વભાવના એમના ઊંડા નિરીક્ષણને આભારી છે. ઇસપનીતિની વાતો કરતાં આ વાતો વધુ શિક્ષણશાસ્ત્રીય હોઈ આજે નવાં ઊઘડતાં બાલઅધ્યાપનમંદિરોમાં તેનો ઉપયોગ થવો જરૂરી છે.

તેમની સ્મરણશક્તિ અમોઘ હતી. દશહજારથી પણ વધુ શ્લોકો તેમને જિહ્વાગ્રે હતા. કેટલાક સમય સુધી તેઓ "સ્વધર્મ જાગૃતિ" માસિકના તંત્રી હતા. તેમાં તેઓ ધર્મ, નીતિ અને સાહિત્ય વિષયક લેખો લખતા. વર્ગના ઉત્સવોમાં તેઓ હંમેશાં શ્રી નૃસિંહાચાર્ય, શ્રીઉપેન્દ્રાચાર્ય કે શ્રી વિશ્વવંદ્યના કોઈપણ પદ કે પદની પંક્તિઓ પર, શાસ્ત્રીય આધારો, વિજ્ઞાનના સિધ્ધાંતો અને વ્યાવહારિક દૃષ્ટાંતો વડે વિનોદી રોચક શૈલીમાં પ્રવચન કરતા.

ગુજરાતી સાહિત્ય પરિષદનું સૂરતમાં અધિવેશન ભરાયું ત્યારે શ્રી મહેતા પરિષદના (એક) મંત્રી હતા. છઠ્ઠી સાહિત્ય પરિષદ ભરાઈ ત્યારે તો પરિષદે તેમને જાહેર વ્યાખ્યાન માટે નિમંત્રણ આપ્યું હતું. ગુજરાત સાહિત્ય સભા, અમદાવાદ તરફથી ૧૯૦૩માં

ગૂર્જર સાક્ષર જયંતી–વ્યાખ્યાનોનો કાર્યક્રમ યોજાયો હતો. કવિ ન્હાનાલાલ, કેશવ હ. ધ્રુવ, આચાર્ય આનંદશંકર વગેરે વિધ્વાનોનાં અભ્યાસપૂર્ણ વ્યાખ્યાનો થયાં હતાં. તેમાં શ્રી કૌશિકરામ મહેતાનું "ધીરો અને તેની કવિતા" વિશેનું વ્યાખ્યાન અત્યંત મનનીય અને સંશોધનાત્મક કોટિનું હતું. અધ્યક્ષપદેથી આનંદશંકર ધ્રુવે કૌશિકરામની વિધ્વત્તા, પ્રવચનશૈલી અને ગુરુતત્ત્વનું પ્રતિપાદન, કવિ કોને કહેવાય.....વગેરે મુદ્દાઓની વકતાએ કરેલી છણાવટની ખૂબ પ્રશંસા કરી હતી.[1] વિધ્વાન વકતાના વ્યાખ્યાનનો ઉપસંહાર મનનીય છે. તેના છેલ્લા પરિચ્છેદનો આજે પણ વિધ્વાનો ઉલ્લેખ અને ઉતારો કરે છે.

"ધીરાની કવિતા સરલ અને સ્વાભાવિક છે. સ્વાતંત્ર્ય અને વીરત્વથી તે ઉભરાય છે, વેધક પણ મૃદુ છે, કરડી પણ માધુર્યથી ભરપૂર છે, સ્પષ્ટ પણ નર્મગર્ભિત છે, લુહારના હથોડાની પેઠે, પાણીના ધોધની પેઠે અને તોપગોળાની પેઠે જડબેસુલાખ કામ કરનારી છે. ઝડઝમકવાળી તથા અનેક અર્થાલંકારવાળી છતાં ટાપટીપિયા નથી. તેનું કવન અંત:કરણના ઉભરારૂપ છે, ઉદરનિર્વાહ, ખ્યાતિ કે પ્રતિષ્ઠા માટે નથી. તેનાં કાવ્યમાં અનેક મનોહર શબ્દચિત્રો જોવામાં આવે છે. સઘળાં અંગોનું આળસ ઉડાડનાર અને રગેરગમાં જાગૃતિ સારનાર તેની કાફી તે કાફી જ. જનમંડળ પ્રતિ તેને સંદેશ કહેવાનો હતો તે તેણે છાતી કાઢીને એવો સ્પષ્ટ કહ્યો છે કે ગુજરાતી ભાષાના અસ્તિત્વ પર્યંત "ધીંગડમલ ધીરાની" વાણી વીસરી જવાય એમ નથી."[2]

---

૧. જુઓ "વસન્ત", વર્ષ ૪, અંક ૩, ચૈત્ર સં. ૧૯૬૧

૨. "જયંતી વ્યાખ્યાનો", સંપાદક : નવલરામ જ. ત્રિવેદી, પૃ. ૧૧૧

ગુજરાતી સાહિત્ય પરિષદનું ૧૫મું અધિવેશન વડોદરામાં ભરાયું હતું ત્યારે કવિતા, ધર્મ, તત્ત્વજ્ઞાન અને શિક્ષણ વિષયક સાહિત્ય-વિવેચનની તેમણે કરેલી સેવાઓ બદલ પરિષદે તેમને સંમાન્ય સભાસદ તરીકેનું બહુમાન કર્યું હતું.

તેઓ સારા કવિ હોઇ, તેમણે સંસ્કૃતમાં અને ગુજરાતીમાં સંખ્યાબંધ કાવ્યો રચેલાં છે. વર્ગ તરફથી પ્રસિધ્ધ થતાં સામયિકોમાં અને અર્ધવાર્ષિક સદુપદેશશ્રેણીમાં બોધક શૈલીમાં લખાયેલા પચાસેક લેખો, શ્લોકબધ્ધ સંસ્કૃત કાવ્યો-સ્તોત્રો, ગુજરાતીમાં સ્તુતિ-ભક્તિ અને જ્ઞાનનાં ગેયપદો - વગેરે ગ્રંથસ્થ થવા યોગ્ય છે. ૧૯૦૪ થી વર્ગના સામયિકમાં પ્રકટ કરવા માંડેલા તેમના "સવૈયા"ની "ગ્રંથ અને ગ્રંથકાર" પુ. ૧માં અનોખી કૃતિ તરીકે નોંધ લેવાઇ છે. શ્રી દુર્ગાસપ્તશતી અને મંત્રશાસ્ત્રના રહસ્ય વિશેની તથા "પ્રકટ પરમેશ્વર" વિશેની શ્રેણીમાંથી લેખમાળાઓ પુસ્તિકા રૂપે પ્રસિધ્ધ કરવાની જરૂર છે.

તેઓશ્રીએ અંગ્રેજીભાષામાં પણ કાવ્યો લખ્યાં છે. શ્રી માર્કંડરાય રતનરાય ધોળકિયાએ શરૂ કરેલી The World Motherhood જગદંબાપ્રવૃત્તિને વિકસાવવામાં તેમણે સક્રિય સાથ આપ્યો હતો એટલું જ નહીં પણ અમદાવાદ, મુંબઈ વગેરે "માઈ મંડળો" સ્થાપી, તેમના માટે, ગુજરાતી કવિઓનાં શક્તિવિષયક ગીતો-ભજનોનું સંપાદન "માઇકીર્તન પદ્યમાલા" નામે પ્રકટ કર્યું હતું - આ મંડળો હજુય ચાલે છે.

તેમનાં પ્રકટ થયેલાં પુસ્તકો ત્રણ છે.

: ૧-૨ : પુરુષ અને સ્ત્રી ભા. ૧ અને ભા. ૨

: ૩ : શ્રી ગૌરીશંકર ઉદયશંકર ઓઝાનું જીવનચરિત્ર

પુરુષ અને સ્ત્રી ભા. ૧-૨

શ્રી કૌશિકરામ કેળવણીકાર અને આદર્શ શિક્ષક, વ્યુત્પન્ન વિધ્વાન પણ વિનોદી સ્વભાવના. એટલે તેમણે આ બે ગ્રંથોમાં અત્યંત રમૂજી અને રમણીય શૈલીમાં, સામાજિક અને વ્યાવહારિક જીવનમાં પ્રતિપળે મૂઝવતા પ્રશ્નોની પર્યેષણા કરી છે. પ્રથમ ભાગમાં મનુષ્ય જન્મની ઉત્તમતા, શરીરસંપત્તિ, આરોગ્ય મંદિરના સ્તંભો, મધ અને માંસાહારનો નિષેધ, ખુલ્લી હવાના લાભો, રમતો, કસરતો, ક્રીડાંગણો, સ્નાન, વસ્ત્રપરિધાન, બુધ્ધિબળ, અવલોકન, વાચન, વર્ગીકરણ, ભાવના, સદ્દગુણસંપત્તિ, સત્ય અને અહિંસા, સંગતિ વગેરે મુખ્ય સદગુણોનું; તથા બીજા ભાગમાં ઉધોગ, પ્રારબ્ધ અને પુરુષાર્થ, યુનિવર્સિટી, સંપ, વ્યક્તિ અને સમાજનો સંબંધ, સ્વદેશાનુરાગ, શાળાઓમાં નીતિનું શિક્ષણ, અધ્યાત્મબલ, ધર્મબલ, હૃદ્દબલ, શ્રધ્ધા અને વહેમ, સાહસ અને ધૈર્ય, જૂનું અને નવુંમાં વિવેક, આસ્તિક-નાસ્તિક..... વગેરે વિષયોનું આકર્ષક મનોહારી અને સરળ શૈલીમાં યુક્તિપૂર્વક વિવેચન કરેલું છે. તેમાં તેમણે વિજ્ઞાનની શોધખોળનાં, કુદરતી વ્યતિકરોનાં અને બીજાં રોચક ઉદાહરણોથી વિષયને આસ્વાધ બનાવ્યો છે. છેલ્લાં પોણોસો પાનમાં લેખકે સ્ત્રી વિષયક ચર્ચા કરી છે તે આજે પણ દરેક યુવતીએ વાંચવા યોગ્ય છે. પશ્ચિમના વિધ્વાનો, વૈજ્ઞાનિકો, માનસશાસ્ત્રીઓ વગેરેનાં સપ્રયોગ મંતવ્યો ટાંકીને લેખકે સ્ત્રી અને પુરુષની શારીરિક, માનસિક, બૌધ્ધિક, નૈતિક અને વ્યાવહારિક પ્રત્યેક સ્તર પરની સર્વાંગી તુલના કરી, સૂક્ષ્મ નિર્ણયાત્મક વિચારણા રજૂ કરી છે. તે એટલે સુધી કે જુદી જુદી વયનાં કિશોર-કિશોરીઓ અને તરુણ તરુણીઓનાં વિવિધ અંગોપાંગો અને ભાવો-પ્રતિભાવો તથા ક્રિયા-પ્રતિક્રિયાનાં સૂક્ષ્મ ભેદો સુધીની ઝીણવટભરી વિશદ વિસ્તૃત ચર્ચા લેખકે કરી છે.

શ્રી ગૌરીશંકર ઉદયશંકર ઓઝાનું જીવનચરિત્ર

ઈ.સ. ૧૯૦૩માં લગભગ સાતસો પાનના આ દળદાર ગ્રંથમાં શ્રી કૌશિકરામે, ભાવનગરના સર્જક–દીવાન અને ઉત્તરાવસ્થામાં સ્વામી શ્રી સચ્ચિદાનન્દ સરસ્વતી તરીકે ભારતમાં અને પરદેશમાં[1] પણ આદર પામેલા "ગગા ઓઝા"નું વિસ્તુત જીવનચરિત્ર પ્રકટ કરીને – ચરિત્રાલેખનની ન્યૂનતાના તે સમયમાં – ગુજરાતી પ્રજાની અને સાહિત્યની કિંમતી સેવા કરી છે.

આ ગ્રંથના પ્રથમ પાંચ પ્રકરણ સાક્ષર શ્રી મણિલાલ નભુભાઈ દ્વિવેદીએ લખી મૂકયાં હતાં. તેનું સંસ્કરણ કરી શ્રી મહેતાએ આ ભગીરથ કાર્ય હાથ પર લીધું અને વિસ્તૃત માહિતીપૂર્ણ ચરિત્ર લખ્યું. બીજા પ્રકરણમાં કાઠિયાવાડના અને સવિશેષપણે ભાવનગરના પ્રાચીન–અર્વાચીન ઇતિહાસનું વિસ્તૃત આલેખન કરવામાં આવ્યું છે તે ચરિત્રનાયક ગૌરીશંકરનું યશસ્કર પ્રધાનપદ નિર્વહણ સારી રીતે સમજવામાં ઉપયોગી નીવડે તેમ છે. બાકીનાં પ્રકરણોમાં શ્રી મહેતાએ ચરિત્રનાયકના વ્યકિતત્વ-વિકાસનું એવી રીતે ગુંફન કર્યું છે કે જયોતિર્ધર પુરુષની મહત્તા અને મહાનુભાવિતાની પ્રતીતિ થવા ઉપરાંત વાચકને તત્કાલીન ઈતિહાસ અને લોકજીવનની નાની નાની પણ મહત્ત્વની વિગતોનું સુરેખ શબ્દચિત્ર નિહાળવા મળે છે. છેલ્લાં પ્રકરણોમાં શ્રી સચ્ચિદાનંદ સરસ્વતીની જીવનઝલક અને તેમના તત્ત્વબોધનું નિરૂપણ વાચકોને પ્રેરણાદાયક પાથેય પૂરું પાડે છે. ૧૯મી સદીના રાજકારણનું અને સમાજજીવનનું પ્રતિબિંબ પાડતો આ પ્રકારનો આકરગ્રંથ – ચરિત્ર ગ્રંથરૂપે – નોંધપાત્ર બને છે. આ ગ્રંથનો પરિચાયક ઉદ્ઘાટનલેખ સાક્ષરશ્રી મનઃસુખરામ સૂર્યરામ ત્રિપાઠીએ લખ્યો છે.

---

૧. જુઓ પ્રસ્તુત જીવનચરિત્રાન્તર્ગત મિ. જે. બી. પીલ, કર્નલ ચેન્ડર્સન, ગર્વનર જેમ્સ ફરગસન, બી. એચ. એલીસ, જોન જાર્ડિન, સર બાર્ટલ ફ્રિયર, જી. બ્યૂલર, એલેકઝાન્ડર ઇઝાટ વગેરે સો ઉપરાંત બ્રિટિશરોના પત્રો.

## શ્રી જગન્નાથ પ્રભાશંકર પંડિત

શ્રી જગન્નાથ પંડિત પણ શ્રીમન્નૃસિંહાચાર્યજીના દીક્ષિત શિષ્ય હતા. તે તો મૂળથી જ વડોદરામાં નૃસિંહાશ્રમની સામે પોતાના મકાનમાં રહેતા હતા. તે ભક્ત અને કવિ હતા. તેમની લેખિની પણ પદ્ય-ગદ્ય બંને પ્રવાહોમાં સર્જનશીલ રહી છે. વર્ગની પ્રતિષ્ઠા વધારનારાં વિવિધ સામયિકોમાં સં. ૧૯૫૯ થી શરૂ થયેલા "પ્રાતઃકાલ"ના તંત્રી તરીકેની તેમની સેવા નોંધપાત્ર છે. વર્ગનાં બીજાં માસિકોમાં પણ તેમની લેખમાળા ચાલુ રહેતી. સં. ૧૯૬૩માં તેમણે "ધર્મધ્વજ" માસિક શરૂ કર્યું હતું.

તેઓ સત્સમાગમી હતા. મજુસરવાસી બ્રહ્મવિહારી શ્રી મુગુટરામ મહારાજના સહવાસ અને સત્સંગનો તેમને સારો લાભ મળ્યો હતો. તેમના જીવન વિશે સંપૂર્ણ માહિતી એકત્ર કરી તેમણે શ્રી મુગુટરામ મહારાજનું જીવનચરિત્ર પ્રસિધ્ધ કર્યું છે. તદુપરાંત તેમણે શ્રી ગૌરાંગ (ચૈતન્ય) મહાપ્રભુનું પણ જીવનચરિત્ર લખ્યું છે. આ બંને ગ્રંથોમાં મહાન અધ્યાત્મવિભૂતિઓના જીવનની વિલક્ષણ ચમત્કૃતિપૂર્ણ વિગતો તથા વેદાન્ત અને [illegible]ના રહસ્યના સિધ્ધાંતોની સરળભાષામાં તેમણે સમજૂતી આપી છે. "અનુભવપ્રકાશ" નામક દળદાર ગ્રંથમાં તેમણે કરેલું વેદાન્તવિષયક વિશ્લેષણ આજે પણ નવોદિત સાધક-અભ્યાસીને ઉપયોગી નીવડે તેમ છે.

શ્રી જેકિસનદાસ કણિયાની જેમ તેમણે પણ રોગ હજાર, દવા બાર વિશેનું માહિતીપૂર્ણ જીવનરસાયણવિદ્યા વિષયક પુસ્તક પ્રસિધ્ધ કર્યું છે. તેમણે તો આ બાર દવાઓ બનાવવાની ફાર્મસી કાઢી હતી અને દર્દીઓને પ્રત્યક્ષ તપાસીને મફત અથવા રાહત દરે દવાઓ પણ આપી જનસેવા કરતા હતા. આ સદીના આરંભમાં તેમણે બંગાળી અને હિંદીમાંથી કેટલીક નવલકથાઓ અને "મેવાડ પતન" વગેરે નાટકોનાં ભાષાંતર પ્રકટ કર્યાં હતાં.

આ બધું છતાં મુખ્યત્વે તો તેઓ ભક્તકવિ અને સારા ભજનિક હતા. તંબૂરા કે મંજિરા સાથે ઘણીવખત તેઓ, ભાવિકો સમક્ષ (નૃસિંહાશ્રમમાં ઉત્સવ વખતે તો ખાસ) ગુરુનાં પદોનું અને સ્વરચિત પદોનું ઉચ્ચ મધુર સ્વરે ગાન કરતા ત્યારે તેમને સાંભળવા એ એક લ્હાવો હતો. વર્ગનાં માસિકો અને શ્રેણીના અંકોમાં તેમનાં ૩૦૦ ઉપરાંત ગુજરાતી-હિંદી પદો પ્રકટ થયાં છે. ૧૯૨૬માં "શ્રી જગન્નાથ-રસતરંગિણી" નામે એમનો પદસંગ્રહ પ્રસિધ્ધ થયેલો છે તેમાં કુલ ૨૬૩ કાવ્યોનો સમાવેશ કરેલો છે. તેની પ્રસ્તાવનારૂપ "વિવેચના"માં વિધ્વદવર્ય શ્રી નર્મદાશંકર દે. મહેતા રૂપકશૈલીમાં લખે છે કે :

"આ તરંગિણીના તરંગોનું વર્ગીકરણ કરતાં સમજાય છે કે તેના કર્તા જગન્નાથે તેને ચતુર્વ્યૂહમાં જાણે અજાણ્યે ગોઠવ્યાં છે. તરંગો એટલે પ્રવાહનાં મોજાં. તે મોજાં પ્રસંગે ઉછળતાં હોય, પ્રસંગે ફેન બુદ્બુદ્વાળાં હોય, પ્રસંગે સામાન્ય લહરીરૂપ (લહરીઓ) પણ હોય, અને પ્રસંગે સમુદ્રમાં શમતાં પણ હોય. પહેલા વર્ગના તરંગોને -

(૧) પ્રાર્થના તરંગો કહીએ. તેમાં અભ્યર્થના વિજ્ઞપ્તિ વગેરેનો સમાસ થાય છે.

(૨) બીજાને "ઉદ્ગાર" કહીએ.

(૩) ત્રીજાને અનુભવ અથવા ઉપદેશ કહીએ. તેમાં પ્રબોધ-વચન વિગેરેનો સમાસ થાય છે. અને

(૪) ચોથાને સ્તોત્ર અથવા સ્તુતિ કહીએ."[૧]

---

૧. "શ્રી જગન્નાથ-રસતરંગિણી", પંડિત જગન્નાથ પ્રભાશંકર, પ્રસ્તાવના પૃ. ૪

એ સ્વાભાવિક છે કે સાધકભક્તની કવિતા ભક્તિરસપ્રચુર હોય અને તે રસનો આલંબન વિભાવ સદ્ગુરુ—પરમાત્મા જ હોય. અલબત્ત, અભિવ્યક્તિની દૃષ્ટિએ તેમાં એક સરખું ઉચ્ચકોટિનું કાવ્યત્વ નથી, કેટલાંક જ પદોમાં તે ઝબકારા મારે છે. પણ શ્રી નર્મદાશંકર નોંધે છે તેમ, "આ જગન્નાથ કવિની આ રસતરંગિણી એક કુદરતી ભાવનદી છે. તે કૃત્રિમ કેનાલ અથવા ન્હેર નથી."[1]

શ્રી જગન્નાથે चिदानंद ઉપનામ ધારણ કર્યું હતું. "શ્રી ચિદાનંદ ભજનાવલી"માં અને શ્રેણીમાં પ્રકટ થયેલાં હિંદી અને ગુજરાતી પદોમાં ચિદાનંદની મસ્તી અને ખુમારીના અંશો પ્રતીત થાય છે.

(૧) "જીતે દુનિયામાં હમ તો, મર ગયે ભાઈ,
મરતે સબ, જીતે મરતે, ઉનકી બડાઈ.
બ્રહ્મગિરિકા ચરમ, શિખર પર જાઈ,
બેઠે જહાં કાલગતિ, ન પહુંચાઈ."

(૨) "ઐસો કૈસો રંગ ડારો, રંગરાજ !
તનમન મેરો ભીંગ ગયો એ, રંગરાજ !"

(૩) "તું અપની ગઠડી ખોલ, ઉનમેં રતન ભરે અણમોલ."

સ્ત્રીવિષયક સાંસારિક ઉપાધિઓથી સંત્રસ્ત થયેલા કોઈ ગૃહસ્થે "પ્રાતઃકાલ"ના તંત્રી પાસે માર્ગદર્શન માગ્યું. તેનાથી પ્રેરાઈને સર્વને ઉપયોગી થાય એટલા માટે "દંપતી આભરણ"નાટકનાં ચાર પુસ્તકો લખીને પ્રસિધ્ધ કરવાની શરૂઆત કરી. પ્રથમભાગમાં "લગ્ન", બીજામાં "સુપ્રજનન", ત્રીજામાં "વિનયન" અને ચોથા ભાગમાં

---

૧. એજન, પૃ. ૩

"નવજનન" (Regeneration) ની ચર્ચા પાત્રોના સંવાદરૂપે કરેલી છે. તેમણે "પ્રગતિ", "મહત્વાકાંક્ષા અને તેની સિધ્ધિ" વગેરે છૂટક લઘુ ગ્રંથો પણ લખ્યા છે.

શ્રી જેકિસનદાસ ગંગાદાસ ભક્ત

શ્રીમન્નૃસિંહાચાર્યજીના ધર્મોપદેશને અમલમાં આણી જીવનને ઉન્નત કરનાર શ્રી જયકૃષ્ણ (જેકિસન) દાસ ભક્ત, શ્રીમદુપેન્દ્રાચાર્યની શ્રધ્ધાભક્તિપૂર્વક સુશ્રૂષા કરતા. તેમણે સને ૧૯૦૪માં "ભક્ત" માસિક શરૂ કર્યું હતું. તેમાં તથા વર્ગનાં બીજાં માસિકોમાં તેમના ધર્મનીતિવિષયક લેખો પ્રકટ થતા. ઉત્સવો પ્રસંગે તથા જાહેરમાં પણ તેમનાં વ્યાખ્યાનો રસપ્રદ અને અસરકારક નીવડતાં. તેમની શૈલી ઉપદેશક અને પ્રચારકની હતી. તેમના સદ્‌ગુણો અને બોધક શૈલીનો એટલો સરસ પ્રભાવ પડતો હતો કે ૬૦ વર્ષ પૂર્વે અમદાવાદ ડિસ્ટ્રીકટ કોર્ટના ન્યાયાધીશ ના. દયારામ ગીદુમલે તેમને, ભક્તના વતન સૂરતમાં, "દારૂ નિષેધ" વિશે પ્રવચનો અને અન્ય કાર્યક્રમો કરવા નીમ્યા હતા અને તેની – તે વખતે જ્યારે દારૂબંધી ન હતી અને દારૂની બદી પૂરજોશમાં વધી રહી હતી ત્યારે – લોકો પર (ખાસ કરીને પછાત કોમના લોકો પર) સારી અસર થઈ હતી. જનસેવાની આવી અનેક પ્રવૃત્તિઓમાં તેઓ રચ્યાપચ્યા રહેતા. તેમના લેખોમાં ઊંડી વિદ્વત્તા નથી, પરંતુ વિચારોની વિશદતા, દૃષ્ટાંતોની સમુચિતતા અને શૈલીની સરળતા છે. "સાધનનિષ્ઠા" જેવા ચિન્ત્ય-કોટિના તેમના કેટલાક નિબંધો પુનઃમુદ્રણને પાત્ર છે. તેમનું અવસાન ૨૮–૩–૧૯૧૩ના રોજ સૂરતમાં થયું હતું.

શ્રી મણિલાલ યજ્ઞેશ્વર શેલત

શ્રીમન્નૃસિંહાચાર્યજીના હાથે દીક્ષિત થયેલા અને શ્રીઉપેન્દ્રાચાર્યજીના કૃપાપાત્ર સાધક શ્રી મણિલાલ શેલતે વડોદરામાં જ શિક્ષક તરીકે જીવન ગાળ્યું. યોગવિધિમાં તેમણે ગુરુગમ્યતા દ્વારા સારી પ્રગતિ સાધી હતી.

સદુપદેશશ્રેણીમાં તથા "શ્રેયસ્સાધક"ના અંકોમાં પ્રાણાયામ,આરોગ્ય, ભાવના, ધર્મતત્ત્વ, સદ્ગુરુ વગેરે વિષયો પર તેમના લેખો અને થોડાંક બોધક પદો છપાયાં છે. તેમની કવિતામાં પ્રાસને અનુસરીને વિચારો ગોઠવવાનો આયાસ હોય છે. ખાસ કવિત્વ જેવું નથી. શ્રીઉપેન્દ્રાચાર્યજી અને શ્રી સુરેશ્વરાચાર્યજી વર્ગના ઉત્સવો પ્રસંગે, નાનીમોટી યોજનાઓ ઘડવામાં અને તેનો અમલ કરવામાં શ્રી મણિભાઈમાં પૂરો વિશ્વાસ રાખતા. ગુરુગૃહની સેવા કરનારા વિરલ શ્રેયસ્સાધકો પૈકીના તેઓ એક હતા. તેમની એક ખાસ ખાસિયત નોંધવા જેવી છે. ઉત્સવ પ્રસંગે અને ઉત્સવ સિવાયના દિવસોમાં પણ જયારે જયારે નવરાશના સમયે તેઓ શ્રીઉપેન્દ્રાચાર્ય વગેરેના સાન્નિધ્યમાં બેસતા, ત્યારે ત્યારે તત્કાળ ઉપસ્થિત સાધકો અને સંભાવિત સજ્જનો સાથે ગુરુદેવનો જે અવિધિસરનો વાર્તાલાપ થતો તેની તેઓ ઘેર આવીને અક્ષરશઃ નોંધ કરી લેતા. તેમના હસ્તાક્ષરમાં લખેલી આવી મૂલ્યવાન બેત્રણ નોંધપોથીઓ મેં પણ જોયેલી છે. કોઇ પણ આધાર,ઉલ્લેખ કે અભિપ્રાયની ચોકસાઈ કરવી હોય તો શ્રી મણિભાઈની નોંધપોથીમાંથી નીકળે. આ નોંધપોથીમાંથી તેઓ,શ્રી સુરેશ્વરાચાર્યજી સંપાદિત સદુપદેશશ્રેણીના છમાસિક અંકોમાં પસંદ કરેલાં પાનાંઓ "શ્રીઉપેન્દ્રસદ્બોધસુધાસિંધુ" એ શીર્ષક નીચે પ્રકટ કરતા. એનું ઐતિહાસિક મૂલ્ય તો તે ગ્રંથસ્થ થાય ત્યારે જ આંકી શકાય.

<u>શ્રી જેઠાલાલ દેવશંકર દવે</u>

વર્ગના જુદા જુદા સાધકોની વિદ્વત્તા ભિન્ન ભિન્ન ક્ષેત્રોમાં વૈશિષ્ટ્ય ધરાવતી હતી. શ્રી જેઠાલાલ દવે વૈદક, જ્યોતિષ, ગૃહવિજ્ઞાન અને એવા અન્ય વ્યાવહારિક ઉપયોગિતાના વિષયોના ઊંડા અભ્યાસી અને અનુભવી પુરુષ હતા. શ્રી માસ્તર સાહેબની પ્રેરણાથી તેમણે "ભાગ્યોદય" માસિક ૧૯૧૩ના માર્ચ માસમાં શરૂ

કર્યું હતું અને સ્વાતંત્ર્ય પ્રાપ્તિ પર્યંત ચાલુ રહ્યું હતું. તેમાં વર્ગના વિધ્વાનો ઉપરાંત અન્ય સજ્જનોના પણ કદી કદી લેખો પ્રકટ થતા. તેમાં શારીરિક, માનસિક, આર્થિક, વૈધકીય અને ધાર્મિક વિષયોને ચર્ચાતા લેખો, નિબંધો, વાર્તાઓ, ચરિત્રો ઉપરાંત પંડિત માધવશર્મા રચિત "રાણી ભવાની" જેવી ઐતિહાસિક નવલકથા અને વૈદકનો મહાન પ્રાચીન ગ્રંથ "ચરકસંહિતા"નું સટીક ગુજરાતી ભાષાંતર આપવામાં આવતાં હતાં. અંગ્રેજી, મરાઠી, હિંદી, ગુજરાતી, બંગાળી અને સંસ્કૃત ભાષા ઘેર બેઠાં લખતા વાંચતાં અને બોલતાં બાર મહિનામાં જ શીખી શકાય તે માટેનું ઉપયોગી પુસ્તક "માસ્ટર ઓફ નોલેજ", ઘેર બેઠાં વિવિધ હુન્નરો દ્વારા આર્થિક સ્થિતિ સુધારવામાં ઉપયોગી પુસ્તક "ધનવાન્", જ્યોતિષવિદ્યાને લગતી સવિસ્તર માહિતી અને માર્ગદર્શન આપતું પુસ્તક "ભવિષ્ય વેત્તા", સામાન્ય જનતાને વિવિધ કાયદાઓની આંટીઘૂંટીને સરળ સમજૂતી અને ઉપયોગી માહિતી આપનાર પુસ્તક "કાયદાનો શિક્ષક", વ્યાધિ, ઔષધ, વનસ્પતિ વગેરેની ચરક, સુશ્રુત, ભાવપ્રકાશ, વાગભટ્ટ વગેરેને આધારે લોકસુલભ ભાષામાં શાસ્ત્રીય માહિતી આપતાં "વૈદ અને વૈદક"નાં પુસ્તકો,- વગેરે શ્રી જેઠાલાલ દવેની કૃતિઓ તે સમયે ઘણી ઉપયોગી હતી અને તેમાંની કેટલીક તો આજે પણ ઉપયોગી નીવડે તેમ છે.

<u>શ્રી દલપતરામ પુરાણી : દિલ :</u>

શ્રી દલપતરામ પુરાણીના ભક્તહૃદયમાંથી વહેતી ભાગીરથીએ સેંકડો ભજનો આપ્યાં છે. તેમનાં સો ઉપરાંત ભજનો વર્ગનાં સામયિકોમાં અને શ્રેણીના અંકોમાં પ્રકટ થયાં છે. ઉત્સવપ્રસંગે તેમનાં ભજનો તે પોતે જ બુલંદ અવાજે ગાતા ત્યારે ભાવાવેશમાં આવી જતા. તેમના ભાણેજ કવિશ્રી ઉશનસ્ પાસેથી માહિતી મળે છે કે તેમણે સારી

સંખ્યામાં ભજનો લખ્યાં છે. તેમનાં કેટલાંક ભજનોમાં ઉચ્ચ વિચારો, કલ્પના અને અભિવ્યક્તિની છટા જોવા મળે છે. મોટાભાગનાં ભજનોમાં શરણાગતિનો સૂર સંભળાય છે. એકાદ નમૂનો જોઈએ:

"ઓ ગગનવિહારી હંસલા,
હવે જા તું; હવે જા તુજ નિલયન માંહ્ય –
પીયૂષસભર તુજ હૃદયસરોવર, છલક છલક છલકાય;
હવે જા તું. (૨) (સદ્. ૯૯, ૧૭)

શ્રી ચૂનીલાલ મગનલાલ દેસાઈ

આદર્શ સાધક અને શિષ્ય શ્રી ચૂનીલાલ દેસાઈએ ભૂતપૂર્વ વડોદરા રાજ્યમાં શિક્ષણક્ષેત્રમાં સમસ્ત જીવન વ્યતીત કર્યું હતું. કિશોરકાળથી જ તેઓ વર્ગમાં જોડાયા હતા. વિભાગ-શાળાધિકારી અને થોડાક વખત પછી નાયબ વિદ્યાધિકારી તરીકે તેમણે ગામડે ગામડે કેળવણીના દીવડા પ્રકટાવવા પ્રયત્ન કર્યો હતો અને નિરક્ષરતા નિવારણના ક્ષેત્રમાં ઘણી સેવા આપી હતી. પ્રાચ્યવિદ્યામન્દિર તરફથી પ્રકટ થતી ગ્રંથમાળામાં તેમના ચારેક અનુવાદ ગ્રંથો પ્રકટ થયા છે.

(૧) જુવાનીની ચાવી
(૨) ધર્માદિની બાલ્યાવસ્થા
(૩) શાળા અને શિક્ષણપધ્ધતિ
(૪) વડોદરા રાજ્યનો ઈતિહાસ.

શ્રી ચૂનીલાલ જયશંકર ઓઝા

શ્રી જયશંકર ઓઝાના સુપુત્રો શ્રી ચૂનીલાલ, (સ્વ.) શ્રી ભોગીલાલ અને શ્રી છોટાલાલ ઓઝા – એ ત્રણેએ પોતાની મર્યાદાનુસાર વર્ગની ઠીક ઠીક સેવા કરી છે. ભોગીલાલ અને છોટાલાલે છૂટાછવાયા લેખો લખ્યા છે. છોટાલાલે શ્રી વિશ્વવર્ધના

કેટલાક અપ્રકટ પદ્યોને શ્રીનૃસિંહશતાબ્દી પ્રસંગે પ્રકટ કર્યાં છે.

હાલમાં વિદ્યમાન વયોવૃધ્ધ સાધકો – ચૂનીલાલ અને છોટાલાલ ઓઝા પૈકી શ્રી ચૂનીલાલભાઈ પ્રતિભાશાળી લેખક અને બહુશ્રુત વિદ્વાન છે. ધીરગંભીર શૈલીમાં થતાં તેમનાં વ્યાખ્યાનોમાં પણ ઊંડું ચિંતન નીતરી આવે છે. શ્રી વિશ્વવંદ્યનો અને શ્રીઉપેન્દ્રાચાર્યજીનો તેમનો શિષ્યભાવનો સંપર્ક બહુ નિકટનો હતો. વર્ગનાં સામયિકોમાં તથા શ્રેણીમાં તેમણે થોડાક લેખો લખ્યા છે. શ્રીઉપેન્દ્રાચાર્યજીના સ્વરૂપાવસ્થાન પછી તેમણે "રસદર્શન"માં કોઈ કોઈ વાર ભજનો પણ લખ્યાં છે. વર્ગના સાહિત્યનો એમને ઊંડો પરિચય અને અભ્યાસ છે. વર્ગના સાધક શ્રી મહેન્દ્રકુમાર દેસાઈ રચિત "શ્રીમન્નૃસિંહાચાર્યજી"નો દળદાર ગ્રંથ પ્રાચ્યવિદ્યામન્દિર, વડોદરા તરફથી ૧૯૪૫માં પ્રસિધ્ધ થયા પછી, શ્રી ઓઝાએ પણ સને ૧૯૪૮માં સવિશેષ માહિતીથી સમૃધ્ધ એવું "શ્રીમન્નૃસિંહાચાર્યજી"નું જીવનચરિત્ર પ્રકટ કર્યું છે. પ્રથમ ચરિત્રમાં ભાવના કરતાં સાહિત્યિક અભિગમનું આધિપત્ય છે જયારે શ્રી ઓઝાના ગ્રંથમાં માહિતીપ્રાચુર્ય અને ભક્તિભાવની સઘનતા છે. આચાર્યશ્રી અને તેમના વર્ગની પ્રવૃત્તિઓ વિશે વર્તમાન પેઢીને અને સાહિત્યરસિક વર્તુળને પૂરતી વિગતો પૂરી પાડવામાં બંને ગ્રંથો પૂરક અને ઉપકારક નીવડે તેમ છે.

સં. ૧૯૬૨માં વર્ગ તરફથી તેમણે "ચમહંડ"મા સિક શરૂ કર્યું હતું. ઘણાં વર્ષો સુધી તેમણે તે માસિક દ્વારા સાહિત્યસેવા કરી છે. "ચમહંડ"માં છપાતી "સિધ્ધમંડળનો મહાત્મા" નામની અર્ધવાર્તાત્મક લેખમાળા ગ્રંથસ્થ કરવા યોગ્ય છે.

શ્રી ચૂનીલાલ ઓઝાનું મહત્સેવાપૂર્ણ કાર્ય તેમણે ૧૯૬૩ માં પ્રકટ કરેલું શ્રી છોટાલાલ માસ્તરસાહેબનું જીવનચરિત્ર "શ્રી છોટાલાલ જીવનલાલ" છે. તેમાં તેમની વિશ્વવંદ્ય અને વર્ગ પ્રત્યેની ભક્તિભાવના ઉપરાંત, ચરિત્રલેખન માટે સંગૃહીત કરેલા પત્રો વગેરેની સામગ્રી તથા

તેનો ગ્રંથાકારે વિનિયોગ કરવામાં દાખવેલી દક્ષતા, અથાગ શ્રમ અને ખંતની પ્રતીતિ થાય છે. આ ગ્રંથની ઉપયોગિતા વિશે પ્રાસ્તાવિકમાં હાસ્યરસના લેખક શ્રી જ્યોતીન્દ્ર હ. દવે લખે છે કે :

"સરળ, પ્રસન્ન, ભાવવાહી શૈલીમાં, વર્ણ્ય વિષયોની પૂરેપૂરી જાણકારી સાથે તથા ચરિત્રનાયકના માટે સમભાવ ને સદ્ભાવપૂર્વક એમણે આ ગ્રંથનું આલેખન કર્યું છે. શ્રીમાન્ ઓઝા જ્ઞાનવૃધ્ધ, અનુભવવૃધ્ધ અને વયોવૃધ્ધ એવા શ્રેયસ્સાધક છે. અને એ રીતે શ્રીમાન્ માસ્તર સાહેબના જીવનચરિત્રનો ગ્રંથ લખવાના પૂરેપૂરા અધિકારી છે. એક રીતે એ એમનો અધિકાર જ નહિ, એમનું કર્તવ્ય પણ બની રહે છે. અને એ અધિકારનો ઉપભોગ—અથવા એ કર્તવ્યનું પાલન—સર્વથા સમુચિત રીતે કરી શકયા છે તે બદલ એમને અભિનંદન ઘટે છે."[1]

તેઓશ્રીએ ધર્મ, નીતિ, વિદ્યા, વિજ્ઞાન વગેરે સંબંધી મનન કરવા યોગ્ય ઉપયોગી લેખો લખવા ઉપરાંત "અર્વાચીન માનસશાસ્ત્ર", "અધ્યાત્મમંજરી" વગેરે શીર્ષક નીચે અભ્યાસપૂર્ણ લેખમાળા શરૂ કરી હતી. વળી તેઓ "ચમદંડ" અને "વીણા" માસિકોના તંત્રી પણ હતા. આ વયે પણ શ્રી ચૂનીલાલ ઓઝા તેમનો સાધનાક્રમ ચાલુ રાખવા ઉપરાંત, વર્ગના અપ્રકટ સાહિત્યનું સંપાદન કે ઇતર લેખન માટે ચિંતનશીલ રહે છે.

<u>શ્રી મણિશંકર હરગોવિન્દ ભટ્ટ</u>

"સર્વદર્શનસંગ્રહ"ના અલભ્ય અનુવાદથી પ્રસિધ્ધિ પામેલા શ્રી મણિશંકર હ. ભટ્ટ પણ શ્રેયસ્સાધકઅધિકારી વર્ગની વાટિકાનું જ મઘમઘતું પુષ્પ હતા. "ભક્તિ", "સાધનવિચાર" જેવા વિવિધ લેખો લખવા ઉપરાંત તેમણે "ગીતાસિધ્ધાંત કૌમુદી"નામની લેખમાળા પણ વર્ગના માસિકમાં શરૂ કરી હતી.

---

૧. "શ્રી છોટાલાલ જીવનલાલ", લેખક : ચુનીલાલ જ. ઓઝા, પ્રસ્તાવના, પૃ. ૭

આ સિવાય જૂની પેઢીના સાચા સેવાભાવી ગુરુભક્ત શ્રેયસ્સાધકો પૈકી જેમના લેખો વર્ગના માસિકોમાં અને શ્રેણીઓમાં છપાયેલા છે તથા જેઓ વર્ગના ઉત્સવો પ્રસંગે વિચારપૂર્ણ વ્યાખ્યાનો કરતા હતા તે પૈકી કેટલાકના નામનો ઉલ્લેખ કરી સંતોષ માનીશું. આ અને બીજા પણ લેખક કે વક્તા નહીં એવા અનેક સાધકોએ વર્ગની અન્ય રીતે પણ સાંસ્કારિક સેવાઓ આપી છે, એ ચિરસ્મરણીય છે. સર્વશ્રી જમનાદાસ ગંગારામ મહેતા, અંબાલાલ બુ. જાની, ઈચ્છારામ દેસાઈ, ઠાકોરલાલ પ્રાણલાલ મોલા, ઈશ્વરભાઈ જીવાભાઈ પટેલ [ઈશ્વરબાપા], તેમના સુપુત્ર ગોરધનભાઈ, સોલીસીટર હીરાલાલ ઠાકોરભાઈ નાણાવટી, સોલીસીટર હીરાલાલ મોતીરામ મહેતા, અમૃતરાય આત્યાજીભાઈ બક્ષી, મૂળશંકર યાજ્ઞિક, મોહનલાલ દલસુખભાઈ ઠક્કર, છગનલાલ પ્રહલાદજી, પ્રાણલાલ ગિરિધરલાલ દીક્ષિત, ચીમનલાલ ખુશાલરાય મહેતા, મૂળજીભાઈ જેઠાભાઈ પટેલ, જટાશંકર દયારામ વ્યાસ, ભાસ્કરરાયાર્થ જોશી, સ્વામી ત્રિવિક્રમતીર્થ, વસનજી દયાળજી, છગનલાલ હરિલાલ વ્યાસ, ચુનીલાલ ટોગો, વ. દા. રણદીવે, એ. કે. કુમારસ્વામી, શંકરલાલ મગનલાલ વ્યાસ, વાડીલાલ સંઘવી, દિલખુશ જી. શાહ, વિઠ્ઠલભાઈ, ર. દિ. પરમાર, ચન્દ્રમૌલિ સુકુલ, મૂળજીભાઈ જેઠાભાઈ, છગનલાલ મનસુખભાઈ, બચુભાઈ અમરતલાલ પરીખ, ચુનીલાલ હીરકાદાસ નાણાવટી, દલપતરામ નાથજી, શામળદાસ નાનુભાઈ, "વેણુવિહારી" વગેરે અનેક સાધકસજ્જનોએ સાહિત્ય-સંસ્કારમાં ઓછોવત્તો ફાળો આપ્યો હતો.

o o o

અન્ય સાંપ્રત સર્જકો

વર્તમાન સમયમાં જેઓએ વનપ્રવેશ કર્યો છે, અથવા કરવાની તૈયારીમાં છે એવા પ્રૌઢ કહી શકાય તેવા સાહિત્ય અને

સંસ્કારજીવનના ક્ષેત્રમાં યશભાગી બનેલા કેટલાક સાધકો કે સાધકકુટુંબના સભ્યોનો અહીં નિર્દેશ કરવો જરૂરી છે. કારણકે તેમાંની કેટલીક વ્યક્તિઓ બાલ્યકાળથી જ તેમનાં માતાપિતાની સાથે વર્ગના સંબંધમાં આવી હોવાથી, ઉત્સવાદિ પ્રસંગોમાં તેમનાં ચિત્ત પર વર્ગના વિચારો, સંસ્કારો, સાહિત્ય અને વિવિધ કાર્યપ્રણાલીએ ઉજ્જવલ અને સુદૃઢ પ્રભાવ પાડ્યો છે એટલું જ નહીં પણ વર્તમાન કાળે તેઓએ કલા, સાહિત્ય વગેરે ક્ષેત્રમાં જે કાંઈ સફળતા પ્રાપ્ત કરી છે તેનાં બીજાંકુરોનું સિંચન-પોષણ તેમને વર્ગના અને કુટુંબના સાધકજીવનના વાતાવરણમાંથી જ મળ્યું છે. જેઓએ તેમના પરના વર્ગના ઋણનો જાહેરમાં સ્વીકાર કર્યો છે એવાઓનો જ આપણે અત્રે ઉલ્લેખ કરીશું. તેમાંના અગ્રણી છે શ્રી યશોધર મહેતા, શ્રી રાજેન્દ્ર શાહ, ~~શ્રી રાજેન્દ્ર શાહ~~, શ્રી પિનાકિન ત્રિવેદી, શ્રી મહેન્દ્રકુમાર દેસાઈ વગેરે.

**:૧: શ્રી યશોધર મહેતા**

સમર્થ સાધકવર્ય પિતાનો જ્ઞાનવારસો પચાવનાર સો લિસીટર શ્રી યશોધર મહેતા, પરદેશગમન કર્યા પછી, અનેકવિધ પ્રવૃત્તિઓને અંતે "અગમનિગમ"ના ભેદરહસ્યને મૌનમાર્ગે પામવાના પરમ પંથના યાત્રી બન્યા છે. તેમણે તો અવારનવાર જ્યાં મોકો મળ્યો ત્યાં "અગમનિગમ"માં કે રોટરી કલબમાં, વર્ગની વ્યાસપીઠ પર કે થિયોસૉફિકલ સોસાયટીના મંચ પર, ગુજરાત સમાચારનાં કે લોકસત્તા-જનસત્તાનાં પૃષ્ઠો પર, બેધડક છાતી ઠોકીને જાહેર કર્યું છે કે : શ્રીમન્નૃસિંહાચાર્યજી માહેશ્વરલીલાતનુ છે, તેઓશ્રીની તેમના પર અનહદ કૃપા છે, સ્થૂળ શરીરે નહીં પણ સાંકેતિક સ્વરૂપે તેમનો સાક્ષાત્કાર તેમને લંડનમાં અને ભારતમાં પણ થતો રહ્યો છે, એ બાબતમાં તેમને લેશ શંકા નથી, વગેરે.

અને તેમની કૃપાના બળે જ તેઓ, આચાર્યશ્રીના અતિગૂઢ રહસ્યભર્યા ગ્રંથ "ત્રિભુવનવિજયીખડ્ગ"નો, તેમની પોતાની આગવી શૈલીમાં સંક્ષેપ કરી શક્યા છે.[૧]

નવલકથાઓ, નાટકો, નિબંધિકાઓ વગેરે અનેક સાહિત્યસ્વરૂપો ખેડી, તેમણે ગુજરાતી સાહિત્યના ઈતિહાસમાં માનભર્યું સ્થાન પ્રાપ્ત કર્યું છે.[૨] જ્યોતિષ શાસ્ત્રના પણ તેઓ ઊંડા અભ્યાસી છે. વીસેક વર્ષ પહેલાં તેમણે પ્રકટ કરેલું જ્યોતિષ વિશેનું પુસ્તક તે વિષયના વિધ્વાનોમાં પ્રમાણભૂત ગણાયું છે. આવા ઉચ્ચ પ્રતિભાશાળી સાહિત્યકારની, કેન્દ્ર સરકારે તથા રાજ્યસરકારે નીમેલી કાયદાની પરિભાષા વિષયક સમિતિઓના એક સભ્ય તરીકે વરણી થઈ છે, તે ગૌરવની વાત છે.

૯૨ : <u>શ્રી રાજેન્દ્ર શાહ</u>

શ્રેયસ્સાધક માતાપિતાના સત્પુત્ર કવિશ્રી રાજેન્દ્ર શાહે તો પોતાના પ્રથમ કાવ્યસંગ્રહ "ધ્વનિ"ના પ્રથમ જ પાને અર્પણવિધિમાં જણાવ્યું છે :

"ગુરુદેવ શ્રીઉપેન્દ્રને
જેણે કીધો દીક્ષિત
અને
શ્રી ત્રિલોકચંદ્રસૂરિને
જેણે દીધી લેખિની."

મૂળ કપડવણજના વતની, હાલ મુંબઈના વ્યાપારી શ્રી રાજેન્દ્ર શાહે કૉલેજનો અભ્યાસ વડોદરામાં રહીને કર્યો હતો. "ધ્વનિ", "આંદોલન", "શ્રુતિ", "શાંત કોલાહલ" અને "ચિત્રણા" એમનાં

---

૧. જુઓ પ્રકરણ ૩ : "ઉમાહૈમવતી", પૃ.
૨. શ્રી યશોધરની કૃતિઓ માટે જુઓ પૃ.

કાવ્યસંગ્રહો છે. આપણા અદ્યતનયુગના કવિ તરીકેનું સ્થાન તેમણે પ્રાપ્ત કર્યું છે. શ્રેષ્ઠ કાવ્યો માટે "કુમાર" તરફથી કુમાર ચંદ્રક અને "ધ્વનિ" માટે રણજીતરામ સુવર્ણચંદ્રક – તથા "શાંત કોલાહલ" માટે સાહિત્ય અકાદમી તરફથી પ્રથમ પારિતોષિક-એમ ગૌરવચિહ્નો દ્વારા તેમનું બહુમાન કરવામાં આવ્યું છે. યોગસાધના અને અધ્યાત્મજીવનના મર્મમાર્ગમાં તેઓ ઊંડો રસ ધરાવે છે.

આ સૌન્દર્યલુબ્ધ કવિનાં કાવ્યોથી – ખાસ કરીને આકાશવાણી પરથી પ્રસારિત થતાં ગીતોથી – ગુજરાત સુપરિચિત છે. રાજેન્દ્રનાં ગીતોનો વિષય પ્રણય, પ્રકૃતિ, પરમાત્મા કે કોઈપણ તત્ત્વ હોય છતાં તે ગીતોમાં કવિતા પ્રથમ અને ગીત પછી છે. ગીતની સફળતાને માટે તેઓ કાવ્યત્વનો ભોગ આપતા નથી. નિરર્થક વિસ્તાર કે પુનરુક્તિ તેમને પ્રિય નથી. તેમનાં ગીતોને રહસ્યભરી ચિંતન પ્રેરણા અને વ્યંજના વ્યાપી રહેલ છે, છતાં તે કાવ્યોમાં દુર્બોધતા કે ભારેપણું પ્રવેશતાં નથી. તત્ત્વરહસ્ય, એવી સરળતા અને ઋજુતાથી ગીતમાં વહી જાય છે કે ભાવકને તેની કોમળ કવિતાનો તત્ત્વભાર લેશ પણ સ્પર્શ કરતો નથી. કવિ ચિંતનપ્રધાન છે, તેની ના નથી, પરંતુ કવિતામાં તો ભાવસભરતા જ પ્રધાનપદે જણાય છે. ભાવનાનો આવિર્ભાવ એ જ રાજેન્દ્રનાં ગીતોની રસનિષ્પત્તિનું હાર્દ છે. ભાવચમત્કૃતિને લીધે જ તે વિશેષ મનોહર બને છે. પરંતુ વર્ગની શ્રેણીઓમાં છપાયેલાં તેમનાં આધ્યાત્મિક ભાવનાં ઊર્મિગીતોમાં કાંઈ ઓર ઝલક વરતાય છે.

"અલખનો આવિષ્કાર" એ પ્રાચીન ભજનના ઢાળમાં ગવાતા ગીતનો ઉપાડ અને અંત બંને આલંકારિક અને ચમત્કારિક છે. તાત્ત્વિક પરિભાષા લાવ્યા સિવાય તત્ત્વજ્ઞાન કેવી તરલતાથી કવિતામાં વહે જાય છે :

"કાયાને કોટડે બંધાણો અલખ મારો, લાખેણા રંગમાં રંગાણો.
કોઈ રે જયાં ન્હોતું ત્યારે, નિજ તે આનંદ કાજે,
ઝાઝાની ઝંખના હો કીધી,
ગહીરાં અંધાર કેરી મૂંગી તે શૂન્યતાને
માયાને લોક ભરી લીધી. અલખ૦
અનાદિ આકાશ કેરી અણદીઠ લ્હેરૂમાંયે
રણુકી રહયો રે ગીત છંદે,
અંગડે અડાય એને, નયને લહાય એવો
પરગટ હુઓ રે ધૂળ-ગંધે. અલખ૦
નજરૂંનો ખેલ એણે રંગ્યો, જોનારની જયાં
અળગો સંતાણો અણજાણ્યો,
જાણ રે ભેદુએ જોયો નિજમાં બીજમાં જેણે
પોતે પોતાનો સંગ માણ્યો. અલખ૦"
(સદ્, ૧૦૨, ૬)

પ્રણવ-મહુવર, કુંડલિની - નાગણ, સિદ્ધિઓ - દુહિતાઓ વગેરેના રૂપકની અભિવ્યંજનાથી રસાયેલું આ ગીત પણ ઉત્તમ છે :

"મહુવર વાગે રે અંકાશમાં,
એ જી પાતાળ નાગણ જાગે રે.
ઊછળી ઊછળીને ઓરી આવતી, રેલી વખનાં વહેણ ;
આગ રે એવી કે ગજવેલ ગાળતી, હસતું રહે રે કરેણ,
મહુવર વાગે રે અંકાશમાં."

છેલ્લી ટૂંકમાં,

"બોલે રે મહુવર, નાગણ ડોલતી, તેજ મસ તેજ રે રેલાય,
અમરતનું અખેભાણ ખોલતી ; સમદર સુખનો લ્હેરાય,
મહુવર વાગે રે અંકાશમાં."

તે જ પ્રમાણે

: ૧ : "તરસ અને તૃપ્તિ"માં

"છાયાની છબીઓ તો અમને ભોળવ્યાં, હો જી,
તારી તે નજરુંના ઝલમલ આભમાં અલબેલા !
આજે આટલે દા'ડે રે અમને ઓળખ્યાં હો જી...."

(સદ્ગુ. ૧૩૩, ૬)

(૨) "ઓ રે ચંચલ મન !
કહીં લગી આ છલનાછાયા પાછળ તવ હજી ય ભ્રમણ ?"

(૩) "આપ હે અરુણ તવ કિરણ જ્યોતિ
ગહન અંધારની ઊંડે છીપ ને
નિરખીએ નિભિલનું શુધ્ધ મોતી." (સદ્ગુ. ૧૧૭, ૯)

(૪) "સુરતા શોધે રે એનો સાહયબો, શેરી શેરીને સંસાર.
નામની ટેલ્યું દે પળપળ, બાવરી, એનો કહીં રે ભરતાર ?"

(સદ્ગુ. ૧૨૨, ૧૩)

વગેરે અનેક ગીતોમાં ઊર્ધ્વપંથની અભીપ્સા કરતી કવિની આંતરવૃત્તિનું ઉત્કૃષ્ટ નિરૂપણ અને સાધક આત્માની ભક્તિભાવભરી નિષ્ઠાનું આધ્યાત્મિક દર્શન થાય છે.

(૩) <u>શ્રી પિનાકિન્ ત્રિવેદી</u>

શ્રીઉપેન્દ્રાચાર્યજીના હાથે કિશોરવયમાં દીક્ષિત થયેલા સાધકો પૈકી સર્વશ્રી ભૂપેન્દ્ર ત્રિવેદી, વિપિનચન્દ્ર ત્રિવેદી, નરેન્દ્રભાઈ મહેતા, જગન્નાથ ડૉકટર, કેશવભાઇ, છગનલાલ બાળાશંકર ભટ્ટ, પદ્મબહેન મહેતા, લીલાવતીબહેન શેલત..... વગેરે મંડળી, ભજનો ગાવામાં અને "રસદર્શન"નાં સંવાદ, નૃત્ય, ગરબા વગેરેમાં આગળ પડતો ભાગ ભજવતાં. શ્રી પિનાકિનભાઈ અને નરેન્દ્રભાઈ તો શાંતિનિકેતનના પણ અનુભવી. એટલે ત્યાંના બંગાળી સંગીતની છાયા જે તેઓના ગાવામાં ગુંજતી હતી તેનો લાભ વર્ગને પણ મળવા લાગ્યો.

શ્રી પિનાકિન ત્રિવેદીએ વર્ષો સુધી શિક્ષક તરીકે મુંબઈમાં કાર્ય કર્યા પછી હાલમાં નવા ગુજરાત રાજ્યમાં તેઓ માહિતી ખાતામાં દસ્તાવેજી ચિત્રોના પ્રવક્તા તરીકે ગુજરાતના સંસ્કાર વારસાની અમોલી સેવા બજાવે છે. વર્ગના દરેક ઉત્સવનો આરંભ, તેમના સૂરીલા અને પહાડી અવાજે ગવાતા શ્રીનૃસિંહવાણી-વિલાસનાં ભજનોથી જ થાય. તેઓ સંગીતકાર ભજનિક હોવા ઉપરાંત સારા કવિ પણ છે. તેમનાં ઘણાખરાં ભજનો-પદો સદુપદેશશ્રેણીમાં પ્રસિધ્ધ થયાં છે અને થાય છે. તેમાં કલ્પનાની ચમત્કૃતિ ઉપરાંત પદલાલિત્ય અને સંગીતમાધુર્ય આસ્વાદ્ય કોટિનાં છે.

"મારે ઘેર આવતો કા'નો
ભલે તમે કોઇ ન માનો.
માઝમ રાતના સૂનકારે એનો નૂપુરનાદ શુણાય,
કા'ન કાળો કાળી રાતમાં મીઠી મોરલીથી પરખાય,
એ તો નિત્ય આવતો છાનો,
બીજા કોઈ ઓળખે શાનો ?"

(સદુ, ૧૦૨, ૧૮)

તેમનું "હરિદર્શનિયે" પદ ઘણું પ્રસિધ્ધ છે.

"હો મારાં નયનાં નિંદર વિસર્યાં,
એ તો હરિ - દર્શનિયે નિસર્યાં. હો૦
ઘૂમી ઘૂમી જડચેતન જગમાં કયાંય હરિ ના ભાળે,
નામરૂપનાં ઓઢણાં બધે મ્લાન દીઠાં જંજાળે,
જરા શાંતિથી કયાંય નહિ જ ઠર્યાં.
એ તો હરિ-દર્શનિયે નિસર્યાં. હો૦

(સદુ, ૧૩૧, ૩૫)

બીજા વિશ્વયુધ્ધ વખતે લખેલું "સંહારલીલા" ગીતનું શબ્દચિત્ર કેવું તાદૃશ છે !

"એને રોક્યો હવે ન રોકાય રે ; વાલમો રંગે ચઢયો.
એનાં તરસૂળનાં તીરો ભોંકાય રે ; વાલમો રંગે ચઢયો.
ફરે જગમાં મહા ધૂમાધૂમ રે ; વાલમો રંગે ચઢયો.
પડે કારમી બધે બૂમાબૂમ રે ; વાલમો રંગે ચઢયો.
એ તો કરવાને કામના નાશ રે ; વાલમો રંગે ચઢયો.
ખંડે ખંડે તોડે મોહપાશ રે ; વાલમો રંગે ચઢયો.
ધરે કંઠે એ મુંડની માલ રે ; વાલમો રંગે ચઢયો.
ભસ્મકેરું ત્રિપુંડ એ ભાલ રે ; વાલમો રંગે ચઢયો.
કૈંક કોટિને ક્રૂર બની રોળે રે ; વાલમો રંગે ચઢયો.
બધે અંગે ભભૂત એની ચોળે રે ; વાલમો રંગે ચઢયો.
નાગ એનાં આભૂષણ થાય રે ; વાલમો રંગે ચઢયો.
હલાહલ તો એને પચી જાય રે ; વાલમો રંગે ચઢયો.
એ તો તાંડવ મચાવે આજે રે ; વાલમો રંગે ચઢયો.
શિવ સંહારે સર્જવા કાજે રે ; વાલમો રંગે ચઢયો.

(સદ્. ૯૦, ૧૬)

તેમનાં બીજાં પણ સુંદર ગીતો પ્રચલિત છે :

(૧) વાલમે વેણુના વનમાંથી વીણીને વાંસળી મુજને કીધી,
કે વાલમે વિખૂટી વહાલાંથી કીધી ને એકલી મુજને લીધી.

(સદ્. ૧૦૪, ૩)

(૨) હો નાથ ! તારે નયનોનાં નીરમાં નહાવું.
વીંટી વસુંધરા નિત્યે નર્તંતા આ રત્નાકરમાં શું નથી નહાવું ?
મારી કદીક ધાર તૂટે ખૂટે, તોય કયાંથી હું તોલે એની આવું ?
હો નાથ ! તારે નયનોનાં નીરમાં નહાવું.

(સદ્. ૧૦૩, ૧૩)

(૩) હો નાથ ! મને સંયોગે દુઃખ થાય ભારી,
ઉરે ખૂંચે વિયોગની કટારી. (સદ્. ૮૪, ૧૬)
(૪) મને હીરલો લાગ્યો હાથ. (સદ્. ૮૪, ૩)

(૪) શ્રી મહેન્દ્રકુમાર દેસાઈ (કુમાર)

પૂર્વોક્ત શ્રી ચુનીલાલ મગનલાલ દેસાઈ અને તેમના લઘુભ્રાતા (વડોદરાના કલાભવનના અધ્યાપક તરીકે નોકરી કરતા) શ્રી મોતીલાલ દેસાઈ, શ્રી માસ્તર સાહેબ દ્વારા શ્રીઉપેન્દ્રાચાર્યજીના દીક્ષિત શિષ્યો બન્યા હતા. શ્રી મોતીલાલના છ માસના બાળકનું નામ (મહેન્દ્રકુમાર) શ્રીઉપેન્દ્રાચાર્યજીએ જ પાડ્યું હતું અને આશીર્વાદ આપ્યા હતા. ત્યારથી મહેન્દ્રકુમાર કુટુંબની સાથે વર્ગની તમામ પ્રવૃત્તિઓમાં રસપૂર્વક ભાગ લેતા. વર્ગના સંસ્કારોના પ્રભાવનું ઋણ તેમણે પણ (રાજેન્દ્ર શાહની માફક) પ્રસંગોપાત્ત વ્યક્ત કર્યું છે. શ્રીઉપેન્દ્રાચાર્ય દ્વારા યોજાતી આસન, પ્રાણાયામ ઉપરાંત વક્તૃત્વ, પાદપૂર્તિ વગેરેની સાત્ત્વિક સ્પર્ધાઓમાં ભાગ લેવાથી કિશોરકાળમાં જ તેમની પ્રતિભાને ઠીક ઠીક પોષણ મળતું રહેતું. યૌવનકાળમાં તેમને થિયોસૉફિકલ સોસાયટીના વાઙ્મયનો અભ્યાસ કરવાનો, અને તેને અંગે વક્તૃત્વ ચર્ચા આદિ કરવાનો – PEN ના મંત્રી મૅડમ સોફિયા વાડિયા જોડે – મોકો મળ્યો. અને પછી તો વડોદરાની સ્થાનિક થિયોસૉફિકલ સોસાયટીમાં મંત્રી, પ્રમુખ વગેરે હોદ્દા પરથી, આધ્યાત્મિક અને સાંસ્કારિક પ્રવૃત્તિઓ ચલાવી. "પ્રેમાનંદ સાહિત્યસભા" જેવી સંસ્થાના મંત્રી તરીકે પણ તેમણે સેવાઓ આપી છે. હાલ તેઓ મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાં ગુજરાતીના પ્રાધ્યાપક તરીકે કાર્ય કરે છે. અખિલ ભારતીય સંસ્થા "ભારતી સંગમ"ના વડોદરા શાખાના તેઓ મંત્રી છે.

કૉલેજકાળમાં અને ત્યારપછી પણ તેમણે "કુમાર" ઉપનામ ધારણ કરીને, કૌમુદી, સુવાસ, શારદા, ગુણસુંદરી વગેરે પત્રોમાં કાર્ય કર્યું હતું. "ગુણસુંદરી" માસિકના તેઓ તંત્રી હતા ત્યારે તેમણે જહેમત ઉઠાવીને ૧૯૪૭માં ડૉ. એનીબેસન્ટશતાબ્દી - અંકનું સંપાદન કર્યું હતું.

(૧) તેમનો પ્રથમ કાવ્યસંગ્રહ "કુમારનાં કાવ્યો" ૧૯૩૯માં પ્રકટ થયો. તેમાં મોટાભાગનાં સૉનેટકાવ્યો છે. ઊર્મિલતા તરફ દોડતી કવિતાને પ્રો. ઠાકોરે જે ચિંતનને માર્ગે વાળી હતી તે ચિંતનમય કવિતાની કેડીએ શ્રી મહેન્દ્રકુમાર ચાલ્યા છે. પુસ્તકની પ્રસ્તાવનામાં "કવિતા" "અન્વેષણ" "ચિંતામણી" "અવજ્ઞા", "નિવેદન" "દર્શન" "સંસારી સાધુ" વગેરે કાવ્યોનાં ઉદાહરણો આપી સાક્ષરશ્રી રમણલાલ દેસાઈએ, કવિ કુમારની ચિન્તનશીલતા, શબ્દસમૃધ્ધિ, વિશુધ્ધ છંદસિધ્ધિ વગેરેની પર્યેષણા કરતાં જણાવ્યું છે કે,

".....એ ચિંતનના વજ્ર કોઠા પાછળ શબ્દ અને છંદની સરળતામાં તરી આવતી કલ્પનાશક્તિ અને ચિત્રણકલા જ્યારે કવિની ઊર્મિઓને સ્પર્શે છે ત્યારે ખરેખર ભાઈ મહેન્દ્રકુમારના હૃદયમાં સાચી કવિતા આકાર આપે છે એમાં જરાયે શક નથી. કલ્પના વહે નહીં, અને ચિત્રણ એ માત્ર રંગનાં ધાબાં બની જાય તો કવિતા દૂર નાસી જાય. એવો સંભવ ભાઈ મહેન્દ્રકુમારની કવિતામાં ઘણો ઓછો છે. એમાં જ તેમની કવિ તરીકેની ભાવિ કારકિર્દીની ઉજળી આશા રહેલી છે. તેમની રસાળ કલ્પના અને ઊર્મિચિત્રણનાં દૃષ્ટાંતો જોઈએ તેટલાં આપણને "કુમારનાં કાવ્યો"માંથી સહેલાઈથી મળી શકે એમ છે ..............તથા "દર્શન"નામનું - ચિંતનકાવ્યના સારા અંશો રજુ કરતું, સૌન્દર્યસૃષ્ટિ, રૌદ્રસૃષ્ટિ અને એમાંથી પરિણામ પામતી શાન્ત સાત્વિક - સાત્વિકથી એ પરસૃષ્ટિના પડદા ઉઘાડતું કાવ્ય ભાઈ મહેન્દ્રકુમાર તરફ આપણી

દૃષ્ટિ ઘડી ખેંચી રાખે છે, અને તેમનામાં રહેલા સાચા કવિત્વના ઝબકારાથી આપણી પ્રતીતિ કરાવે છે કે આ કાવ્યસંગ્રહની પાછળ સાચી ભાવના, શુધ્ધ સંસ્કાર અને પ્રેમાળ ઊર્મિ ઉછળી રહેલાં છે."[1]

ત્યારપછી અત્યારસુધીમાં તેમણે ગુજરાતીમાં અને સંસ્કૃતમાં ઘણાં ગીતો-કાવ્યો લખ્યાં છે... જે વિવિધ સામયિકોનાં ચાલુ તથા દિવાળી અંક ઉપરાંત (આધ્યાત્મિક કાવ્યો) વર્ગની શ્રેણીના અંકોમાં પ્રસિધ્ધ થાય છે અને આકાશવાણી પરથી પણ ગીતો, સંગીતરૂપકો વગેરે પ્રસારિત થાય છે.

(૨) ભૂતપૂર્વ વડોદરા રાજ્યના - હાલ મ.સ.યુનિ.ના - પ્રાચ્યવિદ્યામન્દિરના વિદ્વાન નિયામક ડૉક્ટર ભટ્ટાચાર્ય તરફથી નિમંત્રણ મળતાં, તેમણે માહિતી વગેરેનું સંશોધન-સંપાદન કરી, લગભગ ૫૫૦ પૃષ્ઠનો દળદાર ગ્રંથ "શ્રીમન્નૃસિંહાચાર્યજી" વિશેનો લખ્યો છે, જે તે સંસ્થા તરફથી શ્રી સયાજી સાહિત્યમાળાના ૧૬૪માં પુષ્પ તરીકે પ્રકટ કરવામાં આવ્યો છે. આ વિષય પરનો આ પ્રકારનો આ પ્રથમ જ ગ્રંથ છે. તેની પ્રસ્તાવનામાં સાક્ષરશ્રી કૌશિકરામ મહેતા લખે છે :

"એમની લેખિનીનું સામર્થ્ય આદિથી અંતસુધી સુસ્પષ્ટ જણાઈ આવે છે. ગમ્ભીરતાસહિત સરળતા, વિસ્તારસહિત સંક્ષેપ, તદ્રૂપતાસહિત તટસ્થતા, ભવ્યતાસહિત સુકુમારતા, પ્રૌઢતાસહિત સુંદરતા - શૈલીનાં આ ઉત્તમ તત્ત્વો વાચકને શ્રીકુમારની કૃતિમાં સ્થળે સ્થળે જણાવ્યા વિના રહેશે નહિં."[2]

---

૧. "કુમારનાં કાવ્યો", શ્રી રમણલાલ વ. દેસાઈની પ્રસ્તાવના, પૃ. ૧૧-૧૨.

૨. મહેન્દ્રકુમાર મો. દેસાઈ : "શ્રીમન્નૃસિંહાચાર્યજી", પ્રસ્તાવના પૃ. ૧૦.

૧૯૫૦માં પ્રજાસત્તાક બંધારણ પ્રગટ થતાં જ કોલેજના બીજા વર્ષના અભ્યાસક્રમને અનુરૂપ તેમનું "સંક્ષિપ્ત નાગરિક શાસ્ત્ર" પુસ્તક પ્રસિધ્ધ થયું છે. તેમણે ડૉ. એનીબેસન્ટનું સંક્ષિપ્ત જીવનચરિત્ર પણ પ્રગટ કર્યું છે.

વર્ગની શ્રેણીમાં પ્રસિધ્ધ થયેલાં અને ગવાતાં તેમનાં આધ્યાત્મિક કાવ્યો પૈકી ગ્રંથસ્થ થવા યોગ્ય નીચેનાં કાવ્યો નોંધપાત્ર છે.

(૧) બ્રહ્માંડનો રાસ અવિકલ રે,
થેઈ થેઈ નાચે અવિચલ રે, બ્રહ્માંડનો રાસ.
(૨) પંખી આપણે પીપલ એક નિવાસી.
(૩) કરુણાની ધારા વરસાવો.
(૪) જીવનમાં હારજીત જોઈ.
(૫) શતદલ પાંખડીમાં પ્રાણપરિમલ ભૂલવે ભાન.
(૬) જરી ઝબકીને મલકંતી ચાલી, ચાંદલિયા
છાઈ શી રૂપેરી ચાંદની.
(૭) મૂંગો કેમ કરી બોલે, રસ-આસ્વાદ વાગોળે.
(૮) આશા ! આ શા ખેલતમાસા.
(૯) વાનરકૂદકા મારે મન આ.
:૧૦: कृष्णा – तारिणी.
:૧૧: मम परमकला भजनीया कैवी शारदा.

○ ○ ○

આ ઉપરાંત સર્વશ્રી કિશોરચંદ્ર દેસાઇ, ચંદુલાલ, હરિલાલ કાગળવાળા, ડાહ્યાભાઇ ઉત્તમરામ ભટ્ટ (દક્ષ), હરિલાલ વૈદ્યબાબુ, હરિનારાયણ જાની, સત્યેશ્વર ત્રિવેદી, પ્રમોદચંદ્ર ત્રિવેદી,

ઉમિયાશંકર ઠાકર, ઈશ્વરલાલ મહેતા, ધનંજય ભટ્ટ, યોગેશ ભટ્ટ.... ....વગેરે નવો દિતોનાં ભજનો છેલ્લાં ૨૦-૨૫ વર્ષોથી શ્રેણીમાં પ્રકટ થતાં રહે છે. તેમાંનાં કેટલાક તો સારા કવિ નીવડવાની આશા આપે છે.

o o o

<u>સ્ત્રીરત્નો</u>

શ્રેયસ્સાધકઅધિકારી વર્ગના વિચારોની અને તે વિચારોને અમલમાં લાવવા માટેના વિવિધ કાર્યક્રમોની એક વિલક્ષણ વિશિષ્ટતા એ છે કે, તેમાં ધર્મની તિ-અધ્યાત્મનુ આધિપત્ય હોવા છતાં સ્ત્રીઓ પ્રત્યે અવહેલનાની ભાવનાએ પ્રવેશ કર્યો નથી. મિથ્યા સુધારાવાદના વહેણમાં તણાઈ ગયા સિવાય પણ વર્ગના અગ્રણીઓએ સ્ત્રીને તેને સુયોગ્ય સ્થાન પ્રાપ્ત કરાવી આપ્યુ છે, બલ્કે "નારી તું નારાયણી"ની ભાવપ્રતિષ્ઠા કરી છે. સ્ત્રીશક્તિ, સ્ત્રીઓની કેળવણી, જાગૃતિ વગેરે વિષયો વિશે વર્ગના વિધાયકો જાગૃત અને પ્રગતિશીલ છે. શ્રીમન્નૃસિંહાચાર્યજીના અધ્યાત્મોન્નતિના વિચાર વર્તુળનુ કેન્દ્રબિંદુ પણ સંસારશુધ્ધિ, સમાજોત્કર્ષ છે અને તેનો પ્રાણપાયો સ્ત્રી છે, ગૃહસ્થાશ્રમ છે..... એવો સૂર આચાર્યશ્રીના બધા જ ગ્રંથોમાંથી ઊઠે છે. પ્રવરપુરુષને શ્રધ્ધાપૂર્વક અનુસરતા શ્રી વિશ્વવંદ્ય અને શ્રીઉપેન્દ્રાચાર્યજીએ પણ એ જ વિચારોનો સવિશેષ પ્રસ્તાર કર્યો છે એટલું જ નહીં પણ ગૃહ-સમાજને સર્વોત્તમ સુખ પ્રાપ્ત કરાવી શકનાર સન્નારીના વ્યક્તિત્વના સર્વાંગી વિકાસ માટે વિવિધ યોજનાઓ અમલમાં આણી છે.

૧૯મી સદીનો ઉત્તરાર્ધનો અને વીસમી સદીનો આરંભનો સમય સ્ત્રીઓ માટે ખરેખર કટોકટીનો હતો. માર્ગદર્શન અને મદદ આપનાર પુરુષવર્ગ કે સંસ્થા પોતે જ, સ્ત્રીઓને ઉન્નતિને નામે અવનતિની ખાઈમાં – જાણેઅજાણે – હડસેલી દે એવી ભયંકર પરિસ્થિતિ

પ્રવર્તતી હતી. કોના પર વિશ્વાસ મૂકવો એ જ મોટો પ્રશ્ન હતો ! ધર્મને નામે સ્ત્રીઉન્નતિની વાતો કરનારો એક વર્ગ સ્ત્રીઓને અંધશ્રધ્ધા અને અજ્ઞાનના અંધારા ઓરડામાં જ પૂરી રાખવા માગતો હતો ; તો ધર્માનુરાગી બીજો વર્ગ તેમની શ્રધ્ધાળુ વૃત્તિનો ગેરલાભ ઉઠાવવા પ્રવૃત્ત થતો હતો. બીજી બાજુથી, જમાનાજૂની જડતા ખંખેરવાને બહાર પહેલો સુધારક પુરુષ સ્ત્રીઓને રસોડામાંથી જાહેર ચોગાનમાં ઘસડી લાવવામાં અને પાશ્ચાત્ય શિક્ષણનો ઓપ લગાવી તેમને પુરુષસમોવડી બનાવવાની વાતો કરવામાં [illegible] પોતાને ક્રાન્તિકારી માનતો હતો. બિચારી "અબલા" બંને આત્યંતિકોની વચ્ચે ભીંસમાં આવી પડતી.... અને અનિષ્ટ પરિણામોનો ભોગ બનતી.

શ્રેયસ્સાધકઅધિકારી વર્ગમાં એક બાજુથી સાચી સમજપૂર્વકની વિવેકમર્યાદાને સ્થાન છે તો બીજીબાજુથી પ્રગતિની ચરમ પરાકાષ્ઠા-પર્યંત પ્રત્યેક સ્થાને, પ્રત્યેક પદે – ક્રમે સ્ત્રીઓને પુરુષોના સમાન અધિકારવાળી હોવાનું જણાવ્યું છે. ક્રમ, દીક્ષા, જપ, તપથી માંડી બ્રહ્મજ્ઞાનચર્ચા અને સમાધિ સાક્ષાત્કાર સુધીનાં સર્વ સોપાનો માટે વર્ગે અધિકારભેદનો સિધ્ધાંત સ્વીકાર્યો છે ; પરંતુ એ અધિકારનો ભેદ સ્ત્રી અને પુરુષ વચ્ચેનો નહીં પરંતુ જીવ અને જીવ વચ્ચેનો અધિકારભેદ વર્ણવાયો છે. સ્ત્રીપુરુષનાં શારીરિક અને પ્રાકૃતિક તફાવતને લક્ષ્યમાં રાખીને – ધાર્મિક રૂઢિરિવાજને નહીં પણ – ઉભયના શ્રેયસ્‌ને સધાવનાર શાસ્ત્રોક્ત મર્યાદાના પાલન પર ભાર મૂકીને, વર્ગના અગ્રણીઓએ ઉભયના શ્રેયોમાર્ગને વધુ સરળ અને સુલભ બનાવ્યો છે. બ્રહ્મવિદ્ અને બ્રહ્મવાદિની બનવાનો માર્ગ જીવમાત્ર માટે યોજાયેલો છે, અને તેમાં ગૃહસ્થાશ્રમ બહુ મહત્ત્વનો ભાગ ભજવે છે, એ વિશે આગળનાં પ્રકરણોમાં વિસ્તૃત ચર્ચા કરેલી છે, એટલે પુનરુક્તિ ન કરતાં એટલું જ જણાવવું ઉચિત છે કે આ વર્ગના વિધાયકોએ શ્રેયસના અધિકારી માત્ર પુરુષોને જ ગણ્યા નથી;

પરંતુ સ્ત્રીઓને પણ શ્રેયસ્‌ની અધિકારિણી ગણેલી છે. "ભામિનીભૂષણ" વગેરે ગ્રંથોમાં તો નિમ્ન – મધ્યમ અધિકારની સ્ત્રીઓ કેવીરીતે ઉચ્ચ અધિકારને પ્રાપ્ત કરી શકે તે માટે આચારસાધ્ય વિવિધ માર્ગો તેમાં દર્શાવેલા છે. તેથી કેવળ ધાર્મિક કે સાંપ્રદાયિક સંકુચિત વલણને પ્રાધાન્ય નહીં કરનારા આ વર્ગમાં આદર્શ સહધર્મચારને સંપોષણ આપવામાં આવ્યું છે. સંસારરથનાં બંને ચક્રો સંપૂર્ણ સંગીન અને સમર્થ હોય તો જ તે રથને સફલતાથી અને સત્વરતાથી ગન્તવ્યસ્થાને પહોંચાડે એમાં લેશ સંશય નથી, એવો વર્ગનો દૃઢ સિધ્ધાંત હોવાથી, સ્ત્રીપુરુષ ઉભયની શારીરિક, માનસિક, બૌધ્ધિક અને આધ્યાત્મિક ઉન્નતિ જે રીતે સધાય તે રીતનાં વિચારો અને પ્રક્રિયાઓનો ઉપદેશ વર્ગના સાહિત્યમાં રસપ્રદ રીતે અપાયો છે, એટલું જ નહીં પણ વિવિધ ઉત્સવો પ્રસંગે ઉભયના વૈશિષ્ટ્યને (પુરુષના પુરુષત્વને અને સ્ત્રીના સ્ત્રીત્વને) સર્વોત્તમ વિકાસ સાધવાની સંપૂર્ણ તક મળે એ રીતથી આયોજના કરવામાં આવતી હતી.

દરેક ઉત્સવમાં જેમ વિદ્વાન સાધકોનાં પ્રવચનો થતાં હતાં તેમ સ્ત્રીવર્ગનાં પણ વ્યાખ્યાનો થતાં હતાં. મોટેભાગે સદુપદેશશ્રેણીમાં તેમનાં વ્યાખ્યાનો તથા લેખો પ્રસિધ્ધ કરવામાં આવતાં.

સાધનસમારંભના ધ્યાનપ્રધાન વિશિષ્ટ ઉત્સવસપ્તાહમાં સાધકોની જેમ બહેનો પણ એકથી ત્રણ/ચાર કલાક સુધી એક જ આસને બેસી ધ્યાન–ચિંતનનો અભ્યાસ કરતી. લલિતકલાઓ અને સ્ત્રીઉપયોગી વિષયોની ચર્ચા અને કદી કદી પ્રદર્શનાદિ ક્રિયાત્મક પ્રવૃત્તિઓનું નિર્વહણ સ્ત્રીસમુદાય દ્વારા સ્વતંત્ર રીતે થતું. શ્રી ઉપેન્દ્રજયન્તી મહોત્સવના પ્રસંગ–નિમિત્તે તો સ્ત્રીઓનું કાર્યક્ષેત્ર વિશાળ બની જતું. દીપમાળા, પાકશાસ્ત્ર, ચિત્રાવલિ, રંગોળી,

વકતૃત્વ, કાવ્ય કે શ્લોકગાન.... વગેરે વિવિધ પ્રકારની સ્પર્ધાઓમાં તેમનું હીર ઝળકી ઊઠતું. પ્રશ્નોત્તર સભાઓ પણ થતી. તેમાં પ્રશ્નો પૂછતાં ધર્મ, તત્ત્વ, નીતિ, ગૃહકાર્ય, અર્થશાસ્ત્ર, બાળઉછેરના વિષયો ઉપરાંત વર્ગનાં ભામિનીભૂષણ, સિધ્ધાંત સિંધુ જેવાં પુસ્તકોમાંથી વિવિધ પ્રકારના પ્રસંગોને અનુલક્ષીને અગ્રણી વિદુષી બહેનો, ચર્ચા ચલાવતી અને એ મહિલામંડળ, સ્ત્રીસંસદનું સ્વરૂપ પામતું. તેમાં વાદવિવાદ અને પરિસંવાદને મોકો મળતો. આમ વર્ગનાં સ્ત્રીહૃદયો પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે સંસ્કારસંમાર્જનના મહદ્ લાભને અનાયાસ પામતાં. અત્રે એક જ પ્રવૃત્તિનો સહેજ ઉલ્લેખ કરીશું.

વ્યાવહારિક અને પારમાર્થિક જ્ઞાનથી સંપન્ન બની સ્ત્રીઓ પોતાના અને ગૃહ—સમાજના વિકાસને સર્વોત્તમ રીતે સાધવા સમર્થ બને તે માટે સૌથી પ્રથમ ઈ.સ. ૧૯૧૬માં એપ્રિલની ૧૫–૧૬–૧૭ તારીખોએ શ્રી વિશ્વવંદ્યોપવનમાં સહચરીસંમેલન નામથી પ્રથમ જ સ્ત્રીવર્ગનો સમારંભ યોજવામાં આવ્યો હતો. આજે તો ઘણાં મહિલામંડળો ચાલે છે અને સ્ત્રીઓ પુરુષની પેઠે નોકરીઓ (વડાપ્રધાનપદેથી પણ) કરી રહી છે ત્યારે "સહચરી સંમેલનની" વાત ખાસ મહત્વની ના લાગે. પરંતુ બાવન વર્ષ પહેલાંની આપણા દેશની – ગુજરાતની – સામાજિક સ્થિતિનો અને સ્ત્રી વિષયક દુર્દશાનો વિચાર કરીશું તો ઉપરોક્ત "સહચરીસંમેલન"નો ઉપક્રમ એક સાહસ વિક્રમ હતો, એમ કહ્યા વિના નહીં ચાલે.

આવા પ્રત્યેક સહચરીસંમેલન પ્રસંગે સંખ્યાબંધ સાધિકાબહેનો, ઉત્સવપૂર્વેની સ્થળસુશોભન તથા અભ્યાસ વગેરેની તૈયારી કરવા ઉપરાંત, મંગલ પ્રાતઃપ્રાર્થનાથી શરૂ કરી, સામૂહિક ધ્યાન, પૂજન કીર્તનાદિ સંપૂર્ણ કાર્યક્રમમાં સ્વયંમગ્ન રહેતાં. વિદુષી બહેનો પ્રવચનો કરતાં, લેખો વાંચતાં અને સામાજિક, વ્યાવહારિક તથા આધ્યાત્મિક પ્રશ્નોની સૂક્ષ્મ ચર્ચા–વિચારણા પણ કરતાં.

તદુપરાંત, તેઓએ પોતે રચેલાં પદો (જે પુસ્તિકારૂપે પ્રકટ થતાં) નું મધ્યરાત્રિપર્યંત સામૂહિક કીર્તન પણ કરતાં. સ્ત્રીઓની સર્વાંગી ઉન્નતિની દિશામાં વર્ગ દ્વારા થતી આ સંસ્કારસેવા ખરેખર મહત્ત્વપૂર્ણ અને મૂલ્યવાન છે. આવા પ્રયાસો અને પ્રયોગોને લીધે જ પ્રતિભાસંપન્ન સન્નારી, કવયિત્રી કે કલાકાર થવા યોગ્ય બહેનોની અંતર્નિહિત શક્તિને પ્રગતિપોષક પ્રકટીકરણ માટે સુવિધા પ્રાપ્ત થતી. બીજા બધા ઉત્સવોમાં પણ બહેનો – પુરુષોની ઉપસ્થિતિમાં મર્યાદિત રીતે પણ – ભિન્ન ભિન્ન રીતે સંસ્કારપોષણ અને પ્રતિભાની માવજત માટેનો અમૂલ્ય અવસર કેવી રીતે મેળવતી.... તેનું અહીં સવિસ્તર વર્ણન કરવું આવશ્યક નથી. અત્રે માત્ર વર્ગમાં અને વર્ગ દ્વારા જે મુખ્ય મુખ્ય બહેનોએ સાહિત્ય, સમાજસુધારો અને સંસ્કારના ક્ષેત્રમાં મહત્ત્વની સેવાઓ આપી છે તેનું માત્ર ઝડપી વિહંગાવલોકન કરીશું.

ગુજરાતી સાહિત્યના મધ્યકાલીન યુગમાં ભક્તિની મહારાણી મીરાંબાઈ સિવાય જ્વલંત પ્રકાશથી ઝળહળતું કોઈ અમૂલ્ય કવિરત્ન દૃષ્ટિગોચર થતું નથી. ૧૯મી સદીના અંત સુધીમાં આવતાં પણ ગૌરીબાઈ, પુરીબાઈ, દિવાળીબાઈ, કૃષ્ણાબાઈ, રાધાબાઈ, રતનબાઈ વગેરે છૂટાંછવાયાં નામો મળી આવે છે. પરંતુ તેઓનાં નામે વૈવિધ્યભરી ધ્યાનપાત્ર કૃતિઓ નોંધાયેલી નથી. પંડિતયુગ અને ગાંધીયુગના સંધિકાળ પહેલાં સાહિત્ય અને સમાજના ક્ષેત્રમાં જેમણે યત્કિંચિત્ સેવાઓ આપી છે તે પૈકી સર્વશ્રી સુમતિબહેન લલ્લુભાઇ મહેતા, હરિસુખગૌરી વામનરાવ મહેતા, દીપકબા દેસાઈ, વિદ્યાબહેન નીલકંઠ, શારદાબહેન મહેતા, લીલાવતી મુનશી, હંસાબહેન મહેતા, હીરાબહેન પાઠક, જ્યોત્સ્નાબહેન શુક્લ વગેરે મુખ્ય છે. તેમાં શ્રેયસ્સાધક વર્ગની બહેનોનો પણ સારો એવો ફાળો છે, તેની હવે આપણે સંક્ષેપમાં ચર્ચા કરીશું.

૧. વ્યવહારયોગે સ્ત્રીજાતિમાં ગણાતી હું આ પુસ્તક લખીશ તો મારી પ્રિય બહેનો જેઓ વિદ્યાનો શોખ રાખતી હશે તેઓને પણ પ્રસંગોપાત્ત લખવાને ઉત્તેજન મળશે, એટલું જ નહિ, પણ માતાપિતાઓ પોતાની પ્રિય પુત્રીને અને જ્ઞાતાપુરુષ પોતાની અર્ધાંગિનાને વિદ્યા ભણાવવાથી આ ઉત્તમ લાભ જાણી કેળવણી આપવા વિચારશે.

૨. આ જગતમાં મનુષ્ય માત્ર ભાષા ભણીને લખી વાંચી જાણવું ને કમાઈ ખાવું એને વિદ્યા માને છે પણ જ્ઞાનવાને તો એને અવિદ્યા ગણી છે."

પછી તેમણે મણિરત્નમાલા વગેરેમાંથી ત્રણ શ્લોકોના પ્રમાણ આપીને સરળતાથી સમજાવીને જણાવ્યું છે કે,

"બ્રહ્મવિદ્યા સંપાદન કરવી એનું જ નામ ભણવું, અને એ જ કેળવણી. એથી અન્ય તમામ વિદ્યાઓ અવિદ્યારૂપ દુઃખનું ઘર છે, તેથી જ્ઞાતા સ્ત્રી અને પુરુષોએ આત્મજ્ઞાન સંપાદન કરવા પ્રયત્ન કરવો જોઈએ, પણ આ કાળે તે સર્વ ઢંકાઇ ગયું છે, તો તે ઉપર લક્ષ ધરાવનાર પણ આ ગ્રંથના ઉદયનું પ્રયોજન છે."[૧]

અંતમાં તેમણે લખ્યું છે કે,

"આ મારો પ્રથમ પ્રયાસ છે તેમ જ મારી વયના આ ચાલતા ચઉદમા વર્ષમાં લખાયો છે તેથી વિવેકી અને વિદ્વત્તાનું અભિમાન ધરાવનાર સ્ત્રીપુરુષો એમાં નજર આવતા દોષોની ક્ષમા આપશે એવી ઉમેદ રાખું છું. ૐ तत्सत् परमात्मने नमः।"[૨]

વિધિની કેવી વિચિત્રતા કે પ્રસ્તુત ગ્રન્થ લખાયા પછી તેમનું અકાળ અવસાન થયું અને ગ્રન્થનું પ્રકાશન તો બે માસ પછીથી થયું !

---

૧. એજન, પ્રસ્તાવનામાંથી

૨. એજન, પ્રસ્તાવનામાંથી

ભગવતી મંગલાદેવી

આચાર્ય થતા પહેલાં શ્રી નરસિંહરામે (શ્રીમન્નૃસિંહાચાર્યજીએ) સુરતમાં શિક્ષણ માટે જેમના મકાનમાં શાળાનો આરંભ કર્યો તે શ્રીયુત જટાશંકર જેઠાભાઈ પંડિત ઉદરનિર્વાહાર્થે દક્ષિણમાં અહમદનગરમાં રહેતા હતા. તેથી તેમનાં પુત્રી શ્રી મંગલાદેવીને મરાઠી ભાષાનું શિક્ષણ મળેલું. માતાપિતાએ તેમનું લગ્ન શ્રીનરસિંહરામ જોડે કરતાં તેઓ બારમા વર્ષની અવધિના સમયે સાસરે આવીને રહ્યાં. અલ્પસમયમાં જ વિચક્ષણ બુધ્ધિ અને શુચિ હૃદયસંપન્ન શ્રી મંગલાદેવીએ નરસિંહપતિના અલૌકિક સામર્થ્યનો સાક્ષાત્કાર કર્યો; તત્ત્વબોધ ગ્રહણ કર્યો; ગુજરાતી ભાષા પર પણ પ્રભુત્વ મેળવ્યું. વિધિવશાત્ તેમણે બાર મહિનામાં જ દેહ છોડ્યો (સંવત્ ૧૯૩૬ કાર્તિક પૂર્ણિમા); પણ સમર્થ યોગીશ્વર પતિના સતત સહવાસમાં મેળવેલા ઉચ્ચ વિચારોની તેઓ નોંધ રાખતાં. આ નોંધને સુસંકલિત કરીને તેમણે ગ્રન્થનું સ્વરૂપ આપ્યું. આશ્ચર્યની વાત તો એ છે કે આ "મંગલ-વિચાર"[1] નામના ગ્રંથની પ્રસ્તાવનામાં તેમણે પોતાનું માત્ર ચૌદ વર્ષનું જ ટૂંકું પણ સમસ્ત જીવનવૃત્તાન્ત લખ્યું. તેમાં તેમણે ગ્રન્થપ્રયોજન વિશે લખતાં જણાવ્યું છે કે,

"સાંપ્રતકાળમાં પુરુષો પુસ્તકો રચવાને જેવી આતુરતા રાખે છે તેવી સ્ત્રીઓને જણાતી નથી. એમાં મુખ્ય દોષ પુરુષનો જ છે, પરન્તુ એ દોષોનું આ પ્રસંગે વિવેચન કરવું અગત્યનું નથી એમ સમજી માત્ર આ ગ્રન્થ લખવાનું પ્રયોજન દર્શાવું છું.

"સાંપ્રતકાળમાં પુરુષો પુસ્તકો રચવાને જેવી આતુરતા રાખે છે તેવી સ્ત્રીઓને જણાતી નથી. એમાં મુખ્ય દોષ પુરુષનો જ છે, પરન્તુ એ દોષોનું આ પ્રસંગે વિવેચન કરવું અગત્યનું નથી એમ સમજી માત્ર આ ગ્રન્થ લખવાનું પ્રયોજન દર્શાવું છું.

૧. શ્રીમતી મંગલાદેવી, "મંગલ-વિચાર", પ્રસ્તાવનામાંથી

સ્ત્રીઓની ઉન્નતિ કરવામાં ઉચ્ચ શિક્ષણ, ધર્મમર્યાદાનુસાર સ્ત્રીસ્વાતંત્ર્ય, કુટુંબમાં અને સમાજમાં સ્ત્રીનું ગૌરવભર્યું સ્થાન..... વગેરેની અગત્ય વિશેના તેમના વિચારો, તેમના જમાનાના પ્રમાણમાં અને તેમની વયના પ્રમાણમાં ઘણા ઉદાત્ત, જ્વલંત અને પ્રગતિશીલ હતા એ આ ગ્રન્થના અવલોકનથી સ્પષ્ટ જણાઈ આવે છે.

"ભક્તિપધતરંગિણી"


હવે આપણે સુરતના જ વતની ઉચ્ચઅધિકારસંપન્ન આઠ શ્રેયસ્સાધક સ્ત્રીઓના સ્વાભાવિક હૃદયોદ્ગાર રૂપે વહેલી પધ-નિર્ઝરિણીનો કલનાદ શ્રવણ કરીશું. આ આઠ કવયિત્રીનાં નામ આ પ્રમાણે છે :

(૧) ધનદાગૌરી : શ્રી નવનિધરાય ગણવછરામ હોરાનાં સુપુત્રી.
(૨) વિમલાગૌરી : શ્રી મદનરાય મુગટરાય રાયજીનાં પત્ની.
(૩) બાળગૌરી : શ્રી હરસુખરાય ત્ર્યંબકરાય જાનીનાં પત્ની, તથા રા.બ. દોલતરાય સંપતરાય મુનશીનાં સુપુત્રી.
(૪) શિવગૌરી : શ્રી કલ્યાણભાઈ ભાણાભાઈ ગજ્જરનાં સુપુત્રી, અને પ્રો. ત્રિભોવનદાસ ગજ્જરનાં બહેન.
(૫) પ્રમીલાગૌરી : શ્રી નરભેરામ મનઃસુખરામનાં સુપુત્રી, તથા સાક્ષરશ્રી નવલરામ લક્ષ્મીરામ પંડયાનાં પ્રપૌત્રી, :અને શ્રીઉપેન્દ્રાચાર્યજીનાં સાળી :
(૬) ઈંદિરાગૌરી : શ્રી રતિરામ મોતીરામ મુનશીનાં પત્ની, તથા રા.બ. મુકુંદરાય મણિરાય રાયજીનાં સુપુત્રી.
(૭) ચંદ્રિકાગૌરી : શ્રી જેહરરાય કપિલરાય મુનશીનાં પત્ની.
(૮) હસમનગૌરી : શ્રી અનંતરામ વિઘ્નહરરામ મહેતાનાં પત્ની, તથા શ્રી બલરામ મોતીરામ મુનશીનાં સુપુત્રી.

"ભક્તિપથતરંગિણી"નાં મોટાભાગનાં પદોમાં સાદુંસીધું દલપતશાઈ કથન છે. કોઈ કોઈ સ્થળે ચાતુરીનાં – શબ્દચાતુરીનાં દર્શન થાય છે તો કોઈ કોઈ પદમાં કાવ્યત્વ ઝબકારા મારી જાય છે. તેમાં ગરબો, ગીતિ, વસંતતિલકા શિખરિણી ભુજંગી હરિણી આદિ છંદો, મ્હાડ મેવાડો પ્રભાત કાફી ભૈરવી આસાવરી ધનાશ્રી ઠુમરી વગેરે રાગો, પ્રચલિત નાટકના ઢાળ અને લોકપ્રસિધ્ધ પ્રાચીન ભજનોના રાહનો ઉપયોગ કરેલો છે. તેમાંનાં બે–ચાર દૃષ્ટાંત જ લઈએ.

(૧) આ સંસાર સમુદ્ર વિશે મને, બુડતી સદ્દગુરુ તારો રે ;
દુર્બળ જાણી આ જગમાં મને, દાખવો નિર્ભય આરો રે....આ૦
મોહપ્રવાહે નિશદિન વહેતાં, ક્ષણ ક્ષણ ગોથાં ખાતી રે ;
તૃષ્ણાતાણે નિત્ય તણાઈ, દુ:ખોદધિમાં જાતી રે.......આ૦
(ધનદાગૌરી, પદ ૨૪)

(૨) દલપતશૈલીના અનુસરણરૂપે નીચેનો દોહરો જુઓ :




ચિતિધન પ્રભુને હું નમું,
ચિન્મય કરજો ઈશ !
ચિતિધુતિમાં પ્રેમે પડું,
ચિદ્રૂપ દો બક્ષીસ.

ચિતિઉદધિ ઉભરાવીને,
ચિત્ત હરો જગદીશ !
ચિન્તન કરી ગુરુચરણનું,
ચિદ્ ભાળું દશ દિશ.

(શિવગૌરી, પદ ૧૧૨)

(૩) ઘટ ઘટવાસી સૂત્રાત્માને, સ્વરૂપે મતિ ના પ્રોય ;
વિમલ ભકિત અમૃત તજીને કાં, પિયે વિષયવિષ તોય.
મન ! તું શીદ માયામાં મહોય, જનને હરિમય
કાં નવ જોય ?

(વિમલાગૌરી, પદ ૬૪)

(૪) પ્રભો ! ચિતિઉદધિ ઉભરાય છે, ત્યાં સ્નાનની રુચિ થાય છે.
બહુ પ્રેમથી તીર આવતી, ધરી રાગને ઝંપલાવતી ;
નિમજ્જને નવ ફાવતી, વૃત્તિ અતિ અટવાય છે. પ્રભો૦

(બાળગૌરી, પદ ૮૯)

(૫) આ જગબાજીમાં જીવડા શું રાચે, માયાવી ચક્રમાં નિશદિન નાચે ?
ખેલ ખરો નથી જોને વિચારી, અનુભવતાં પણ રહે અવિચારી.

○ ○ ○

જીવત્વનું અતિક્રમણ કરીને, ગગનમાં જવું પ્રભુને વરીને.
સત ચિત આનંદઘન જયાં વિરાજે, ગુરુકૃપાથી ત્યાં ચંદ્રિકા ધાજે.

(ચંદ્રિકાગૌરી, પદ ૧૦)

(૬) ક્ષણિક આ જગત્ તણો આભાસ, પલકમાં પડી જતો રે ;
નથી સાચો થતો રે, પ્રવાહમાં ભળી જતો રે.

(હસમનગૌરી, પદ ૧૭)

આ પૈકી ધનદાગૌરીએ તો "ભદ્રવિજયનાટક" "શાંતિશિયળ-નાટક", "અધ્યાત્મનિબંધમાળા" વગેરે કૃતિઓ લખી છે તથા ઈંદિરાગૌરીએ "રીતિદર્પણ" નામનું પુસ્તક પણ રચ્યું છે તે ઉલ્લેખપાત્ર છે.

સ્ત્રીકેળવણીની વિરલતાના તે સમયમાં આ બહેનોની ભક્તિ, શક્તિ અને લેખનસિદ્ધિ ખરેખર અભૂતપૂર્વ અને પ્રશસ્ય છે. આ પૈકી પ્રથમ ત્રણ બહેનોએ તો, શિષ્ટમર્યાદાના પાલનપૂર્વક, સમાજમાં તે જમાનામાં ક્રાન્તિકારી કહી શકાય એવી સુધારક-પ્રવૃત્તિઓ આદરી હતી કે જેના માટે તેમને સમાજ તરફથી અત્યંત સહન કરવું પડયું હતું. એ બહેનોએ આદરેલી કેટલીક પ્રવૃત્તિઓનાં પરિણામ તો આજે પ્રત્યક્ષ જણાઈ રહ્યાં છે. માત્ર બાજીગૌરી જેવાં સાહસિક સાધકબહેનની જ આપણે અલ્પમાં વાત કરીશું.

સુરત નિવાસી બાજીગૌરી બહેનનો જન્મ ઇ.સ. ૧૮૫૬માં થયો હતો. તેઓ શ્રધ્ધાભક્તિસંપન્ન શ્રેયસ્સાધક હતાં. વર્ણના સ્ત્રીઉન્નતિના વિચારોને પચાવીને જીવનમાં તેનો અમલ કરનાર બાજીગૌરીબહેન સુરત તથા મુંબઈની "વનિતા વિશ્રામ" જેવી નારીજીવનનો અભ્યુદય સાધવાના ધ્યેયને વરેલી પ્રતિષ્ઠિત સંસ્થાનાં આધ સંસ્થાપક હતાં. અમદાવાદની શાખાનું કામકાજ ઇ.સ. ૧૯૦૯થી શિવગૌરી ઉર્ફે નાનીબહેન ગજ્જર સંભાળતા હતાં. સ્ત્રીઓના ઉત્કર્ષ નિમિત્તે પ્રવચન, પ્રચાર તેમ જ ફંડ વગેરે પ્રવૃત્તિ તેઓ જાતે જ કરતાં. એકની એક પુત્રીનું બાળપણમાં અવસાન થતાં અને ભરયૌવનમાં પતિનું મૃત્યુ થતાં બાજીગૌરીબહેનના હૃદયને સખત આઘાત લાગેલો.

પરંતુ સદ્‌ગુરુ શ્રીમન્નૃસિંહાચાર્યજીની શિક્ષા-પ્રેરણાને હૃદયમાં સ્થાપીને તેમણે સમાજસેવા અને આધ્યાત્મિકતાના પાકા રંગથી જીવનને ધન્ય અને ઉજ્જવલ બનાવ્યું હતું. ભજનો ઉપરાંત તેમણે બોધમાળા, પતિવ્રતાધર્મ, પ્રશ્નોત્તરમાળા, સુબોધક કહાણી વગેરે પુસ્તકો પણ લખ્યાં છે.

o o o

શ્રીમન્નૃસિંહાચાર્યજીનાં સુપુત્રી શ્રીમતી ભારતીદેવીની પ્રતિભાનો અછડતો ઉલ્લેખ કરીને હવે આપણે શ્રી જયંતીદેવી, શ્રી પ્રમીલાગૌરી, શ્રી અરવિંદાદેવી વગેરે આચાર્યકુટુંબની સ્ત્રીકવયિત્રીઓનો સાહિત્યિક અને સાંસ્કારિક સેવાઓનો અતિસંક્ષેપમાં પરિચય પામીશું.

## શ્રી ભારતીદેવી

શ્રીમન્નૃસિંહાચાર્યજીના સુપુત્રી અ.સૌ. શ્રીમતી ભારતીદેવીનો દેહોદભવ સં. ૧૯૫૧માં (માઘ કૃષ્ણ ૧૨) અને દેહોત્સર્ગ : પતિગૃહે : સં. ૧૯૮૮માં (માર્ગશીર્ષ શુક્લ ૧૫) થયો હતો. ૩૭ વર્ષનું ટૂંકું પણ તેજસ્વી યશસ્વી જીવન જીવનાર શ્રી ભારતીદેવીએ પોતાનાં ચારિત્ર્ય, સંસ્કારસેવા તથા સ્વલ્પ પણ સત્ત્વશાળી સાહિત્યની સૌરભથી ગૃહકુટુંબમાં, સમાજમાં અને સાધકવર્ગમાં આદરણીય સ્થાન પ્રાપ્ત કરી લીધું હતું. સાસરે વિદાય થતી વેળાએ ભારતીદેવીનાં માતુશ્રીએ શ્રીમન્નૃસિંહાચાર્યજી રચિત શ્રીભામિનીભૂષણના પવિત્ર પાંચ અલંકાર સાસરવાસમાં આપતાં અમૂલ્ય શ્રુતિવાક્ય સમાન કર્તવ્યબોધ આપ્યો હતો કે :

"બહેન ! હું કાંઈ એટલી ભણેલી નથી કે તને પૂરતી રીતે શિખામણ આપી શકું. હું તને કાંઈ પણ વિશેષ કહેવા માગતી નથી, પણ તારા બાપજીએ આ ભામિનીભૂષણનો વારસો તારા માટે જ રાખેલો છે, તે જ હું તને આપું છું, અને તે તું તારા જીવનમાં ઉતારજે."

અને ખરેખર ભામિનીભૂષણમાંનું લક્ષ્મીપુત્રી સરસ્વતીનું આદર્શપાત્ર ભારતીદેવીમાં જીવતુંજાગતું હતું, એમ નગીનદાસ સંઘવી, નર્મદાશંકર મહેતા જેવા વિધ્વાન સાધકો જણાવે છે એટલું જ નહીં પણ તેઓ તેમાં એક આદર્શ નારીજીવનના ગુણગૌરવની પ્રતિષ્ઠા થયેલી નિહાળે છે.

શ્રી ભારતીદેવીની પુણ્યસ્મૃતિમાં શ્રીમન્નૃસિંહાચાર્યજીએ માત્ર બાલકોના જ નહીં પણ સાધકજીવન જીવનાર સૌ કોઈના નિત્યપઠન

અર્થે દોહરાઈદમાં "શ્રીભારતીસ્તોત્ર"[1] (સરસ્વતીસ્તવન) રચ્યું હતું, જેનો પાઠ નર્મદાશંકર, કણિયાજી, કૌશિકરામ, સંઘવી વગેરે વિધ્વાનોથી માંડી આજપર્યંત દરેક સાધક શ્રધ્ધાપૂર્વક કરતો આવ્યો છે.

"ભારતી ભારતી ભક્તિ દિયો પીડા પાપ સહુ હરી લીયો." છેલ્લી પંક્તિ આ પ્રમાણે છે :

"ભણ્યું સ્તોત્ર મેં ભારતી શુણી કરજો કલ્યાણ.
ત્રિભુવન વિજયી આપજો વિધા ને વળી વાણ."

તા. ૭-૨-૩૨ના રોજ વડોદરામાં શ્રી વિશ્વવંધઉધાનમાં "શ્રીભારતીદેવી ઉત્તરાર્ચન સંમેલન" ભરાયું હતું. તે સમયે શ્રીભારતીબહેનના દિવ્ય ચરિતને નિવાપાંજલિ આપતા સાધકબંધુઓ અને બહેનોના લઘુલેખોના સંગ્રહરૂપ "શ્રીભારતીઅર્ચન-અઞ્જલિ"નામનું પુસ્તક પ્રકટ કરવામાં આવ્યું હતું.

આ આચાર્યકુટુંબની લગભગ દરેક વ્યક્તિને જાણે કવિત્વશક્તિનું વરદાન મળેલું છે ! લઘુવયમાં રચાયેલો તેમનાં સુંદર ભાવવાળી ૨૪ પધોનો લઘુસંગ્રહ પણ "શ્રીભારતીપ્રતિભા" નામથી ઇ.સ. ૧૯૩૧માં પ્રસિધ્ધ કરવામાં આવ્યો હતો.

શ્રીભારતીબહેનમાં તેર વર્ષની વયે કીર્તન લખવાની નૈસર્ગિક વૃત્તિ જાગ્રત થઈ. શ્રી વિશ્વવંધને તેમણે પોતાની રચના બતાવતાં, તેમણે તેમને યોગ્ય માર્ગદર્શન અને પ્રોત્સાહન આપ્યું. "શ્રીભારતીપ્રતિભા"નાં પદો તેમના તારુણ્યપ્રવેશ સમયે લખાયેલાં છે. છતાં પણ તેમાં આશાસ્પદ કાવ્યત્વના ચમકારા વર્તાય છે. તેમાં પરિણત પ્રજ્ઞાની પ્રૌઢીનો અભાવ જણાય એ સ્વાભાવિક છે.

---

૧. જુઓ પરિશિષ્ટ ૨

ઈષ્ટસ્વરૂપનો અનુભવ કરવા સાધક પ્રતિ સૂચન કરતું નીચેનું પદ સરસ છે.

"અદ્‌ભુત રમ્યતાવાળી, અનુપમ સૌમ્યતાવાળી,
પ્રભુની મૂર્તિ લે ભાળી, મનને નિજ અંતર વાળી. અદ્‌ભુત૦
એ રૂપ કહી ન શકાયે એવું,
ધ્યાને કરી અનુભવમાં તેને લેવું;
આ જ જીવનની માંહ્ય રે,
આ જ જીવનની માંહ્ય, સુભાગ્યશાલી –
થા ઝટ નરહરિન્યાળી. – અદ્‌ભુત૦"

(શ્રીભારતીપ્રતિભા, પદ ૩)

વિરાગપૂર્વક ઈષ્ટ ચિંતન કરવા મનને પ્રબોધતું બીજું પદ જોઈએ :

"મન ! તું છોડ ચાળા રે, જપ પ્રભુનામમાળા રે.
પીને જ્ઞાનપ્યાલા રે ગણી લે પ્રભુને વહાલા રે.
બહાર, ભટક ભટક નહિ કર તું,
ઊંડે ઊંડે અંતરે ને અંતર સર તું
ગ્રહી વિરાગ, કરી શીઘ્ર રે,
ગ્રહી વિરાગ, કરી શીઘ્ર જગત–ઉલાળા,
કર જીવન રસાળાં રે. – મન૦"

: એજન, પદ ૧૧ :

બીજા એક પદની અંતિમ પંક્તિઓમાં કવિ વિનમ્રતાથી કહે છે :

"એવી મતિ પ્રભુ ! પ્રેરો હુમાં જેથી, સર્વત્ર આનંદ ન્યાળું,
સર્વની ભીતર નિવસી રહેલો, સ્વરૂપનો આનંદ ઝાલું રે;
અંતરે આજે પ્રકાશો દયાળું !૦
કુંચી દો એવી કે જેથી હું વાસું, વિશ્વતણા ક્લેશ ઉપર તાળું,
આપ પ્રભુરૂપ ઉરે અનુભવી જયાં ત્યાં આનંદમય બની મ્હાલું રે;
અંતરે આજે પ્રકાશો દયાળું !૦"

:(એજન, પદ ૧૮)

વિશ્વના ક્લેશ પર તાણું વાસવાની ઉદાત્ત ભાવના સેવનાર ભારતીબહેન "વિશ્વહિતૈષિણા"નું નીચેનું સ્વરચિત પદ રોજ ગાતાં.

"નિજમય સર્વ કરજો જી, સઉનાં દુઃખ હરજો જી,
સઉમાં શાન્તિ ભરજો જી, સઉને વર ઉચ્ચરજો જી. નિજ૦
પ્રભુ ! સર્વમાં આનન્દાનન્દ પ્રસારો,
પ્રભુ ! સર્વમાં દૈવી સામર્થ્ય વધારો.
સઉને આપી સહાય રે,
સઉને આપી સહાય, તવપદ ધરજો,
સઉને જય વરજો જી ; નિજ૦"
(એજન, પદ ૨૩)

ત્રણ કવયિત્રીઓ

હવે આપણે આચાર્યકુટુંબનાં સ્ત્રીકવિઓની પ્રતિભાશક્તિનો ટૂંકમાં પરિચય મેળવીએ. અર્વાચીન કવિતા – ૧૯૧૫-૨૦ પછીની કવિતા – ની દૃષ્ટિએ વિચાર કરતાં જણાશે કે (૧) સ્વ. ભગવતી શ્રીજયંતીદેવી (શ્રીઉપેન્દ્રાચાર્યજીનાં પત્ની) (૨) સ્વ. શ્રી પ્રમીલાબહેન (તેમનાં ભગિની) તથા (૩) ભગવતી શ્રીઅરવિંદાદેવી (સાંપ્રત આચાર્ય શ્રીસુરેશ્વરાચાર્યજીનાં પત્ની) – આ ત્રિપુટીએ આપણા કવિતાક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન કર્યું છે. તે ત્રણેયના કાવ્યસંગ્રહો પ્રકટ કરવાની ખાસ જરૂર છે. પ્રારંભમાં આ ત્રણે ય વિદુષીઓની કવિતા વિશે સમાન બાબતોનો ઉલ્લેખ કરીશું.

શ્રીજયંતીદેવી અને શ્રીઅરવિંદાદેવી વર્ગના સાધકસમૂહમાં અને સવિશેષપણે સાધકબહેનોના સમુદાયમાં આદરણીય સ્થાન ભોગવતાં એટલું જ નહીં પણ તેઓની ભાવક દૃષ્ટિ ઉભયને સ્વાભાવિક રીતે ભગવતી તરીકે સન્માને છે. પરંતુ સત્ય તો એ છે કે, આચાર્યકુલના નિત્યસંયોગને કે દિવ્યસંકેતને કારણે બંનેયનું સાધકજીવન પણ

ઉચ્ચકોટિનું સંસ્કારસંપન્ન અને ભક્તિજ્ઞાનની પ્રભાથી આલોકિત હોઈ, સૌ કોઈના આદરને પાત્ર તેઓ બની રહ્યાં. કિશોરવયમાં જ વૈધવ્ય પ્રાપ્ત થતાં, શ્રી પ્રમીલાબહેન પણ શ્રીજયંતીદેવીનાં નિત્યસંગિની બની રહ્યાં. તેમનું સાધકજીવન પણ શ્રીઉપેન્દ્રાચાર્યજીના બોધામૃતને ઝીલતાં ઉત્તરોત્તર પ્રગતિશીલ બન્યું અને તેમની લેખિનીને પણ, વર્ગના – ખાસકરીને આચાર્યકુલના – વાઙ્મય વિભૂષિત વાતાવરણમાં પ્રોત્સાહક વેગ મળયો.

આ ત્રણેય કવયિત્રીઓની પ્રતિભામાં અને વ્યક્તિત્વમાં આગવી વૈયક્તિક છટા હોવા છતાં, એ ત્રણેયના સામર્થ્યના કેન્દ્રમાં તો શ્રીઉપેન્દ્રાચાર્યનું સર્વતોમુખી દિવ્ય ભવ્ય સૌન્દર્ય જ વિલસતું હતું. તેના અલૌકિક સ્વરૂપસામર્થ્ય-સાગરમાંથી તેઓ પોતપોતાની પ્રતિભા-પ્રેરણાના બિન્દુનું સંપોષક બળ મેળવતાં હતાં. અલબત્ત, શ્રીઉપેન્દ્રાચાર્ય અને શ્રીસુરેશ્વરાચાર્યજીનાં મૂર્ત લીલાતનું પ્રત્યક્ષ માર્ગદર્શક-પ્રેરક બની રહેતાં તો પણ તેની સમગ્ર વ્યાપ્તિમાં તેઓ શ્રીમન્નૃસિંહાચાર્યજી અને શ્રી વિશ્વવંદ્યની આદ્યમહાશક્તિના અપરોક્ષ ચિન્મય સ્વરૂપને હંમેશાં પ્રકટ અને નિકટ અનુભવતાં.

આથી, શ્રીઉપેન્દ્રાચાર્યજી અને શ્રી વિશ્વવંદ્યની વાણીનાં પ્રતિબિંબ અને પડઘા આ ત્રણેય બહેનોની કવિતામાં, બાહ્ય અને આંતરસ્વરૂપની દ્રષ્ટિએ પડે, એ સ્વાભાવિક છે. ભક્તિ, જ્ઞાન, ધર્મ, તત્ત્વ, નીતિબોધ, શિખરશૂન્ય કે યૌગિક અનુભવો, કુટુંબ અને સમાજની સુધારણા અને શુધ્ધિ વગેરે વિષયો ઉપરાંત, બંને મહાનુભાવોએ ખેડેલી એકેએક કાવ્યપધ્ધતિનું આ ત્રણેય કવયિત્રીઓએ પોતપોતાની રીતે અનુસરણ કર્યું છે. તેમાં વિવિધ સ્વાનુભવરસિક ઊર્મિપદો, પ્રકૃતિગીતો, ગોપગીતો, ગ્રામ્યગીતો, બાલગીતો, સંવાદ શૈલીનાં ગીતો, રાસ, ગરબા, ઉપરાંત ઢાળ-રાગની બાબતમાં પણ તેઓ પૂર્વોક્ત બે મહાનુભાવોને અનુસર્યાં છે. ખાસકરીને શ્રીઉપેન્દ્રાચાર્યજીની લેખણ-લઢણની

છપ વિશેષ પ્રમાણમાં જોવા મળે છે. આ કારણથી ચંદ્રકુમુદ, મનભ્રમર, આત્મવીણા, હૃત્સર, હૃદયવાટિકા.... જેવાં રૂપકોની પુનરુક્તિ ત્રણેયમાં જોવા મળે છે. વિદ્યમાન શ્રીઅરવિંદાદેવીનાં ગીતોમાં તો શ્રીમત્સુરેશ્વરાચાર્યજીનાં ગીતોની જેમ, છેક ૧૯૬૮ સુધીનાં પ્રચલિત રાગ-ઢાળનો પણ વિનિયોગ થતો રહ્યો છે. આ ત્રણેયનાં ગીતો વર્ગના ઉત્સવો પ્રસંગે શ્રેણીમાં અને રસદર્શનમાં પ્રકટ થતાં અને સાધકસમૂહ સમક્ષ રજૂ થતાં ત્યારે તે ગીતોની અદ્ભુત કાવ્ય ચમત્કૃતિ અને હૃદયંગમ ભાવનું વિતરણ-પ્રસરણ સહૃદયનાં ચિત્તને કોઈ વિલક્ષણ ભાવસંસ્કારોથી સ્નિગ્ધ કરી દેતું.

(૧) શ્રીજયંતીદેવી

શ્રીજયંતીદેવીએ કાવ્યરચનાનો આરંભ ૧૩મા વર્ષે કર્યો હતો. તેમણે આરંભમાં જે પદો રચ્યાં હતાં તેમાંનાં ૧૪૫ પદો પસંદ કરીને "શ્રીજયન્તીપદ્યપીયૂષ" નામથી ૧૯૧૯માં પ્રકટ કરવામાં આવ્યાં હતાં. તે વિશે પ્રસ્તાવનામાં વિધ્વાન વિવેચક શ્રી નર્મદાશંકર મહેતાએ જણાવ્યું છે કે,

"આ પદ્યપીયૂષનું વર્ષણ કરનારાં સ્ત્રીકવિમાં નૈસર્ગિક પ્રતિભા છે એમ વિવેકીને અવલોકન કરતાં સહજ સમજાય તેમ છે. ગુજરાતના સુપ્રસિધ્ધ સાક્ષર શ્રીયુત નવલરામ લક્ષ્મીરામનાં દૌહિત્રી શ્રીમતી જયન્તીદેવીમાં કવિતાનો "નાદ" જન્મ સાથે વારસામાં ઊતરી આવે એ સ્વાભાવિક છે. તેમનો જે કુલ સાથે વિવાહથી સંબંધ થયો છે તે કુલના અને શ્રેયસ્સાધકઅધિકારી વર્ગના સ્થાપક પરમાત્મા શ્રીમન્નૃસિંહાચાર્યજીના કાવ્યમય જીવન વડે તેમની પ્રતિભાને ઉદ્દીપનસંસ્કાર મળ્યો હતો, અને શ્રીમતી જયંતીદેવીએ પ્રયોજેલા સુંદર શબ્દમાં કહીએ તો "જયન્તીજીવન" (તેમના પતિ)ના સંગમાં

તેમને વ્યુત્પત્તિ સિધ્ધ થવા પામી છે. આ ત્રણ યોગ વડે શ્રી જયન્તીદેવીનાં કાવ્યોમાં ચમત્કૃતિઓ ઘણાખરાં પદ્યોમાં ઝળકે છે." ૧

આ પદ્યપીયૂષ"ના અંતભાગમાં શ્રી જયંતીદેવીએ સત્યની વીણાના તાર છેડવાના શરૂ કર્યા છે :–

"મારા અંતરમાં વીણા કોઈ વાગી, હું જાગી,
અહો ! રસની ભરી ! ભાવની ભરી.
સર્વવૃત્તિઓ તેમાં અનુરાગી, હું જાગી, અહો૦"
(શ્રીજયન્તીપદ્યપીયૂષ, ૧૪૪)

ચિત્ત–વૃત્તિને નિઃસંકલ્પ શાંત મસ્ત અને વિરાગી કરનાર તથા અલૌકિક જ્ઞાનના અંકુરો સ્ફુરાવનાર, દૈવી પ્રેરણા–રસ રેલાવનાર સ્વરગાન સાંભળતાં,

"સત્યનું રહસ્ય ને માધુર્ય કંઈ જણાયું,
સુણી વીણાગાન જીવલાન આ વિલાયું,
જીવન બન્યું આ સુભાગી ; હું જાગી. અહો૦"
(એજન)

પદ ૧૩૭માં, "અહા આ શો રમ્ય આશ્રમ શોભી રહ્યો" એ ચાર પાનના રામસીતાના સંવાદશૈલીના કાવ્યમાં કવિએ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ઐશ્વર્ય એ ચાર ભાવોને સિધ્ધ કરનાર દાંપત્યયોગના ઊંડા મર્મનું ચિત્ર ઘણી સુંદરતાથી ચિતર્યું છે. આ પુસ્તકમાં તેમણે સંસારસુધારણાના અને ગૃહજીવનના આદર્શોનો બોધ વહેતો મૂકયો છે.

---

૧. "શ્રીજયન્તીપદ્યપીયૂષ", પ્રથમ બિન્દુ, પ્રસ્તાવના પૃ. ૫, શ્રી નર્મદાશંકર દે. મહેતા.

ઇ.સ. ૧૯૨૩-૨૪ પછી તેમની પ્રતિભાએ પ્રૌઢીને ધારણ કરી અને એમના કાવ્યસર્જને નવા નવા ઉન્મેષ પ્રકટ કરવા માંડ્યા. આ બધાં ગીતો છૂટાં છૂટાં "રસદર્શન"માં હોવાથી તેનાં અવતરણોનો ઉલ્લેખ કર્યો નથી. ઋતુઓમાં શરદ ઋતુના આગમનનું ગીત સરસ છે.

"વર્ષા ઓ પેલી જાય, સરકતાં આ.....વાદળાં (૩)
ગર્જતો કેસરી જાતો,
ગર્જતો મેઘ છુપાતો,
સંતાતો, વ્યોમે દૂર એ થાતો.
ચાલી ચપલા મેઘ સાથે,
જે કડાકા કરતી માથે.
અહા ! આભ ઉપરનાં ઉપરણાં અળપાતાં....શામળાં. વર્ષા૦"

અહીં "ઉપરનાં ઉપરણાં"નો યમકપ્રાસ કેવો ચમત્કૃતિમનોહર છે ! મનપંખીને મૂર્ધાકાશમાં ઊડવાનો પ્રબોધ કરતું નીચેનું પદ સુંદર છે :-

"નીચે નીચે પંખીડા ! આમ શું ઘૂમતો,
નીરસને ચુગતો, ઊડ ઊડ મનવા ! નીચે૦
ગગન ભુવન ઊડ ફરરરરરરરર,
પૂરીને પવન ઊડ સરરરરરરરર,
ચૈતન્ય ચમકે, મૂર્ધામાં ઝબકે. નીચે૦
નચવ નચવ રોમ થનનનનનનનન,
ઊડીને ગજવ વ્યોમ ધનનનનનનન,
ગાતાં હરિ ૐ, ધ્યાતાં ગુરુ ૐ. નીચે૦"

તેમનાં સાવસભર ઊર્મિપદોમાં જ્ઞાનની ચમક હોય છે. તેની ભાષા મધુર અને સરળ હોય છે.

"મારો નાનો ઘડૂલો ડૂબી જાય,
એ તો મીઠાં દુધલડે ભરાય,
હૈયું મલકાય ;– છાની ભરનારી ભરે.
જાણું ન બાઈ ! કોણ ઘડૂલો ઉતારે,
એવો કાંઠલડો ન દીઠો સંસારે,
વાતડી અજબ આ કહેવાય,
મારા ઘટમાં તો આવું આવું થાય,
જાણી લોક હાંસી કરે ;– છાની ભરનારી ભરે.
એક દિન ફૂટ્યો ઘડૂલો ઓચિંતો,
સાચો સમજ્યો તવ ખેલ બધો મહીનો,
મારાથી સર્વ આ થાય,
હતી મિથ્યા પ્રતીતિ, એ જણાય,
જુદાં રૂપ જૂઠાં ખરે ; આજ સાચું આંખમાં તરે."

શ્રીજયંતીદેવીએ બંગાળી લયમાં પણ થોડાં ગીતો લખ્યાં છે.

૧. આનંદ આનંદ જાગે, આજ આનંદ કંદ !
થાય હ્રદયમાંહ્ય વિશદ, એક સ્મરણસ્પંદ.

૨. જય હો જય હો, જય પરમાશ્રય ! જય જય.
નિત્ય શુભંકર હો........અમૃતમય !

૩. બાલકપાલક ! ચરણકમલમાં રમતો બાલ તમારાં.

૪. ભક્તવત્સલ ઉપેન્દ્ર ખેલું, હૈ આજ આજ આજ.

કેટલાંક ગીતોનો ભાવ ભવ્યતાને સ્પર્શીને રસાર્દ્ર બની રહે છે. તરંગો કિત્તનું કાવ્ય સાભિનય ગાંભીર્યે ગાન કરે છે અને સુરેખ શબ્દચિત્ર ઉપસાવે છે :–

"અહા ! સાગરમાંહી, છલબલ છલબલ અમે નાચી રહ્યાં.
સુધવાથી અબ્ધિને નાચી રહ્યાં, ઊંચે વહ્યાં, નીચે ગયાં –
અહા૦"

છેવટમાં,

"ઉપરથી રૂપ ધારી, જુદું ઉછળીએ ભારી,
ક્ષણ પછી વેષ ઉતારી, થઈએ જલરૂપ અવિકારી,
તત્ત્વ-પ્રકૃતિ સમ આ ગતિ, ઝટ સમજયાં તે, ઉગરી રહ્યાં
ઉધ્ધરી રહ્યાં, એ તરી રહ્યાં - અહા૦
ભિન્ન સ્વરૂપ જોઈ, પૃથક્ ન લહેશો મોહી,
બ્રહ્મથી ન ભિન્ન જ કોઈ, નિરખો તત્ત્વે મતિ પ્રોઈ,
તરંગ ભાવે એ બતલાવે, આ જ પૃથક્ જે થઈ વહ્યાં,
રૂપ લઈ રહ્યાં, ગર્જી રહ્યાં. - અહા૦"

સમુદ્ર-લહરિના વિનોદમાં આ જ ભાવની અભિવ્યક્તિની છટા જુદી તરી આવે છે.

"લહરિ હું તો જલપર છલબલ નાચું,
નિરખીને ચંદ હું રાચું. - લહરિ.
કૃષ્ણ કાલીય પર નાચ્યા થનથન,
હું તેમ નાચું સિંધુ પર થનગન,
આજે ધારી બળ ઝાઝું. - લહરિ."

બ્રહ્મજ્યોતિને આહ્વાન કરતો તેમનો ગરબો બહુ પ્રખ્યાત છે.

"મૂર્ધમંડલે ઓ બ્રહ્મજયોતિ આવ, તાપહર દેવા દર્શનીયાં;
ઝળહળ તેજે ઝળકાવ, શામળાં પલટી જીવનીયાં.
ધીરે ધીરે તું વ્યાપતી જા પાસે, બુધ્ધિના આવાસે, ચિત્તના ઉલ્લાસે,
આંજી આંજી દે આંખે તારા અંજનીયાં - મૂર્ધમંડલે ઓ૦"

સર્વત્ર સઘળું બ્રહ્મ જ છે એ ભાવને વ્યક્ત કરતાં પદો પૈકી એક પદમાં કવિ ગાય છે -

"ઝળકી રહ્યું બ્રહ્માંડ ચિતિના પ્રકાશે,
ચમકી રહયું બ્રહ્માંડ ચિતિના પ્રકાશે,
ચિતિના પ્રકાશે, પરબ્રહ્મના ઉજાસે."

અંતર્પ્રબુધ્ધ આત્મવિહારી સર્વાત્મદર્શી તત્ત્વજ્ઞનું વિશદ ચિત્ર દોર્યું છે -

"નેત્ર, વાણી, સંકલ્પોમાં સદૈવ,
હોય પ્રશાન્ત અતીવ,
વાસના સંપત્તિનો એ ભિખારી, દરિદ્રી ભારીમાં ભારી !
ખેલે ને ખેલવે ખેલો અનેક,
સ્પર્શે ન પણ તેને એક.
નચવે એ, રહી સઉથી અવિકારી, મનમર્કટનો મદારી."

એક પદમાં વીજળી, ભ્રમર, મૃગ, મોરલાને કવિ અભીપ્સાપૂર્વક પૂછે છે :

"ઓ ચપલા ! કયાં પ્રભુ બતાવ,
કોઈ જણવે નભમાં એ તો છાના છે છુપાયાં.
બોલ તું સત્વર વીજળી હા કે ના,
ના વિસરાતી ભુલાતી ઓ માયા,
શું તું અકેલી, ચમકે બેલી, મુજને મેલી વ્યોમે છૂપેલી,
બોલ, હું આવું ત્યાં વહેલી."

છેવટે,

"હે યોગિન્ ! કયાં પ્રભુ બતાવ,
કોઈ કહે એકાન્તે વિચરે ત્રિકુટી તટમાં ;
હોય ખરું તો ઉતરું હું ઘટમાં,
બોલ તું, ખોલ તું ભેદ ઉલટમાં,
આ વાત છેલ્લી, શુણી સૌ લી, આશાઘેલી, જો ! આવેલી,
બોલ, ન કો થયા બેલી."

ઈષ્ટપ્રેમની ભાવસમાધિના અનુભવનું એક પદ પણ ગૌરવવન્તું છે :

"અચિંતિ આવી પ્રેમખુમારી, મારા નયન મીંચાતાં : ૩ : જય.
મૂર્ધમંડલે લટકાં કરતી, નિરખી મૂર્તિ એક (૨),
સઉ કાંઈ મારું આકર્ષાયું (૨) બનવાને એકમેક. - મારા૦"

છેવટે,

"ભાન ભૂલીને થનગન નાચું, શેષ નહિ કોઇ કામ,
સાચા પ્રેમલ બનતાં ક્ષણ ક્ષણ (૨), પ્રકટ નિકટ પ્રિય શ્યામ.
અચિંતી આવી પ્રેમખુમારી."

શ્રી જયન્તીદેવીએ યોગ વિષયક બેત્રણ કાવ્યો જ રચ્યાં છે. અંતસ્થ ચક્રવર્ણનનું નીચેનું કાવ્ય જાણીતું છે. તેમાં અલંકારની ચમત્કૃતિ છે.

"ઘટમાં છુપાં છે સરોજ
મૂલાધાર ધ્યાની કો ચાર કલિનું પિછાણે. – ઘટમાં૦
ગણેશ સ્થાને આનંદ માણે ;
ઠરતા કો ફરતા સ્વાધિષ્ઠાને,
અહીં ષષ્ઠદલમાં, ધન્ય પળમાં, પ્રેમજલનાં –ભીંજી બલમાં –
રમતા વિધિના સ્થલમાં. – ઘટમાં૦
દશદલમાં આવી કો મણિપૂરકે મહાલે – ઘટમાં૦"

ઈશ્વરાભેદને અનુભવતી વૃત્તિના ઉદ્‌ગારરૂપ એક પદમાં અભિવ્યક્તિ સાદેશ અને ગતિશીલ બની રહે છે.

"નિદ્રામાંથી સ્વરૂપ પ્રતિ મેં, પાસું બદલ્યું આજે સહેજે,
જોયું તો જલ–બુદ્‌બુદ સમ આ, ખેલ રચાયો અમારો.
પ્રિયતમથી અભેદ છે મારો, જીવનથી અભેદ જ મારો.
પુષ્પ સુગંધી ન પુષ્પથી જુદી, તેમ અભેદ છે પ્રભુનો મુજથી,
નામરૂપ પડદાની પાછળ, જોયો જગ રચનારો... પ્રિયતમ૦"

વૃત્તિકુમુદિનીના અનુભવ ગીતનો ઉપાડ સરસ છે.

"અમૃતધારા વર્ષે ધારા ચંદ્ર ઘુમે નભ માંહ્ય,
દર્શન એનાં ઊર્ધ્વે કરંતા, હર્ષે હૃદય ઉભરાય,
ચંદ્રક ખીલ્યો રાત રૂપેરી,
જાગી મસ્તી અહા ! અનેરી,
સૌન્દર્ય ગર્વિષ્ટ કમલ પેલુ સંકોચાતું જાય. – અમૃત૦"

રાસ– નિમંત્રણનો નીચેનો રાસ સંસ્કૃત શબ્દોવાળો છતાં મધુર લયપ્રવાહને લીધે સુગેય બન્યો છે.

"રમવા આ રાસે, આવો ઓ સ્મિતપૂર્વભિભાષિણી !
આમંત્રું સ્નેહની અભિલાષિણી, દેવાંશિની ! સુખકાંક્ષિણી !
અનુપમ શૃંગારી તનમન, આંજી કાંઇ રસનયનાંજન,
ગરબે કરી મધુરું ગુંજન, અહાહા ! શી આ મનરંજન,–
શીતલ ચંદન, અમૃતસ્યંદન યામિની, રસકામિનિ ! ગજગામિનિ !"

શ્રી જયંતીદેવીનાં પદોમાં પણ કાવ્યત્વ ઝળહળે છે.

: ૧ : મને જ્ઞાનતણું ચઢયું વેન, નિરખે અદ્ભુત કંઇ કંઇ નેણ,
શમતું શુણવું ને કહાવવું કહેણ, છુટતી જતી આ જગ–લેણદેણ.

૦ ૦ ૦

શમે બ્રહ્મમાં મન, મતિ, વેણ, બ્રહ્માનંદના વહી રહ્યાં વહેણ.

(૨) અનુભવી અનુભવી સુખકારી, મનહારી, સ્થિતિ ન્યારી.
ઘૂમીને ગગને, બ્રહ્મ–ભુવને, ચઢતાં અજબ ખુમારી,
અહા ! ભૂલી નામ રૂપો ભૂલી–ભૂલી – અનુભવી૦
ઉર હું તો બ્રહ્મજ્ઞાને, પરમાનંદે ઝુલી ઝુલી,
નહિ મારું તારું આત્મભાને, – અહા ! ભૂલી૦

(૩) રાજ ! ઝુલું તું માં ને હું માં ઝુલાવું,
રહીને સંયોગી, આનંદભોગી, તુજથી હસું ને હસાવું.

(૪) પેલું પદ્મ અહા ! વિકસી રહ્યું ઉર, શું મધુર,
એની સુવાસ પ્રસરાય છે !
ગગનમાંથી એણે કાઢ્યું અંકુર, નથી દૂર,
કોઇ સુભાગીને જણાય છે.

(૫) મમ હૃદયસરે રમનારા,
મારું જીવન ખીલવનારા,
મારા મન હરનાર મરાલ.

(૬) રમું ગગનધીર આવી,

ધરી ઉલ્લાસ, ઈષ્ટ પાસ, લગની ખૂબ લગાવી.

આ સિવાય ત્રણે બહેનોએ પ્રભાતગીતો, સ્તુતિવંદનાનાં ગીતો, અંતિમ જયગાન વગેરે, વર્ગના ઉત્સવોના કાર્યક્રમને અનુરૂપ લખેલાં છે.

"શ્રીમદુપેન્દ્રભગવત્સ્તોત્ર"

સને ૧૯૩૭માં ૫૧ વર્ષના આયુષ્યની અવધિએ શ્રીઉપેન્દ્રાચાર્યજીનું સ્વરૂપાવસ્થાન થયું. ત્યારપછી તરત જ શ્રીમતી જયંતીદેવીએ ૫૧ વસંતતિલકા શ્લોકોમાં (અને છેવટનો બાવનમા ફલશ્રુતિનો અનુષ્ટુપ શ્લોકમાં) "શ્રીમદુપેન્દ્રભગવત્સ્તોત્ર" રચ્યું અને ૧૯૩૮માં તેને શ્રેયસ્સાધકોએ પ્રકટ કર્યું. ગુરુનું ઋણ તો કોઈ શિષ્ય-સાધક ક્યારેય – અનેક જન્મોમાં પણ – સંપૂર્ણત: અદા કરી શકતો નથી. પરંતુ ગુરુની જીવનલીલાનું, ગુરુના અસીમ અનુગ્રહનું, ગુરુના અક્ષરદેહનું નિત્ય સ્મરણ-અનુસંધાન કરવામાં ભક્તિની પરાકાષ્ઠા રહેલી છે – અને એ રીતે ગુરુના સ્થૂળ અદર્શનથી થતા શોક-વ્યામોહથી શિષ્યનું મન મુક્ત રહી શકે છે. પ્રાર્થનારૂપે નિત્ય પાઠ માટે રચાયેલા આ સ્તોત્રમાં ગુરુગુણગૌરવનું ગાન ઉપરાંત, પાઠકના અંત:કરણની શુધ્ધિ સધાવી ઉત્તરોત્તર ઉચ્ચતર અધિકારમાં પ્રગતિ કરવા સારુ ઈષ્ટાનુગ્રહ માટેની પ્રાર્થનાનો સૂર પણ ગુંજી ઊઠે છે.

"ધારી પ્રભો ! અકલ વિગ્રહ ભક્ત અર્થે,
ઐશ્વર્ય દાખવી અનેક દીધા પદાર્થ ;
પ્રત્યુપકારતણી લેશ ન આશ ધારી,
એવા उपेन्द्र ! નમિયે સઉ દુ:ખહારી.
જ્યોતિ જવલંત કરી જીવનની અમારી
અભ્યર્થના, તિમિર ભીતર દો નિવારી ;
આપી ક્ષમા સકલ દોષની આજ દાતા
તારો उपेन्द्र ! શરણાગત જે ગણાતા."
(ઉ. સ્તોત્ર, શ્લોક ૪, ૫)

આ સ્તોત્રમાં વિચારો અને ભાવની ગંભીરતા ઉપરાંત, કવિની વસંતતિલકાવૃત્ત પરની હથોટી, તેમનું છંદોલય સાધવાનું નૈપુણ્ય અને અંતરમાંથી જાણે અનાયાસ વહી જતી હોય એવી વાણીનું આર્જવ સ્પષ્ટપણે વર્તાય છે.

"પ્રત્યક પ્રવાહી કરી વૃત્તિ પરાકપ્રવાહી
થાજો સહાય મતિપ્રેરક ઈશ આંહિ;
સૌંદર્ય રમ્ય રૂપનું અવલોકી નેણ
અંતર્ उपेन्द्र ! ચઢજો શિવમસ્તીધેન."

(એજન, શ્લોક ૨૬)

"સાત્ત્વિક આંખ રસ રેલતી થાય ન્યારી,
સાત્ત્વિક શબ્દ અમ વાણી વહે વિચારી;
સાત્ત્વિક વાત શુણિયે અમ હિતકારી,
એવું उपेन्द्र ! બલ દો મનને સુધારી."

(એજન, શ્લોક ૨૮)

વૃત્તપ્રભુત્વ પરથી એ સ્પષ્ટ થાય છે કે શ્રીજયન્તીદેવીએ છંદોબધ્ધ કાવ્યો લખવાનો પ્રયાસ કર્યો હોત તો તેઓ ઘણાં સારાં કાવ્યો આપી શકયાં હોત. તપાસ કરતાં જાણવા મળે છે કે, એવાં બીજાં કાવ્યો તેમણે રચ્યાં નથી. સાધકભકતો "શ્રીમદુપેન્દ્રભગવત્સ્તોત્ર"નો શ્રધ્ધાપૂર્વક રોજ પાઠ કરતાં હોય એ સ્વાભાવિક છે.

"<u>શ્રીઉપેન્દ્રલીલામૃત</u>"

તે જ પ્રમાણે શ્રીજયંતીદેવીએ ૪૪ પાનનું "શ્રીઉપેન્દ્રલીલામૃત" રચ્યું. તેનો આરંભ શાર્દૂલવિક્રીડિતમાં મંગલ પ્રાર્થનાથી થાય છે.

"ઐશ્વર્યાબ્ધિ ઉપેન્દ્રનાથ કરીએ, ભાવે અમે વંદન,
સાધો મંગલ નિત્ય આપ્ત ગણીને, સચ્ચિત્‌ ! સુધાસ્યંદન !
આત્મન્‌ ! બ્રહ્મ ! સદા પ્રસન્ન રહીને, અંતર્‌ કરી નર્તન,
અર્પો ચિત્તપ્રસાદ આજ અમને, પ્રારંભમાં આ ક્ષણ."

અને પછી તો ચોપાઈની ચાલમાં તેમણે ચરિત્ર આરંભ્યું :

"કરીએ ભાવે લીલાગાન,
બનવા જીવન સુભાગ્યવાન્‌.
વિશનગરા નાગરની ન્યાત,
પવિત્ર યાજ્ઞિક કુલ વિખ્યાત."

વચ્ચે વચ્ચે કવિએ "દોહરા" અને પ્રસંગપલટા વખતે "ગીતિ"નો ઉપયોગ કર્યો છે. પૃ. ૩૩ પર તેમણે ૮ લીટી હરિગીતમાં લખી છે અને પૃ. ૩૮ પર મંદાક્રાન્તાનો પણ એક શ્લોક રચ્યો છે, ત્યાં પણ તેમની છંદોરચના તદ્દન શુધ્ધ છે. છેવટે શ્રીઉપેન્દ્રાચાર્યજીના સ્વરૂપશમનનો પ્રસંગ ટૂંકમાં "સોરઠા"માં વર્ણવ્યો છે.

"રે ! રે ! આવી સાલ, ઓગણીસે ત્રાણું તણી,
આવ્યો નિષ્ઠુર કાલ, ખ્યાલ ન જેનો સ્વપ્નમાં.
સ્વીકૃતો પાધિ દૂર, કરીને સત્વર વેગથી,
ચાલ્યા પ્રભુ ભૃગુપુર, નિમિત્ત સમારંભનું લઈ.
નિજ સ્વરૂપે થયા લીન, પૌષ કૃષ્ણ ષષ્ઠી દિને,
કરતાં વર્ગને ખિન્ન, ગુરુવિહોણા જગત્‌માં."

શ્રી જયંતીદેવીએ સ્ત્રીસંસદમાં અને સહચરીસંમેલન વખતે કરેલાં વ્યાખ્યાનો તથા "શ્રેયસ્સાધક" સાપ્તાહિકમાં અને સદુપદેશશ્રેણીમાં લખેલા લેખો અલ્પસંખ્યામાં છે. તેમાં પ્રસાદગુણ અને ઉદ્બોધન શૈલી છે. શ્રી પ્રમીલાબહેનના પણ થોડા લેખો શ્રેણીમાં છપાયેલાં છે. શ્રીઉપેન્દ્રાચાર્યજી સાથે તેમણે પણ વર્ગના

પટ્ટશિષ્ય અને સંચાલક શ્રીમાસ્તર સાહેબને નિવાપાંજલિ આપતા કેટલાક લેખો "શ્રી વિશ્વવંદ્ય વિભૂતિવૈભવ"માં લખ્યા છે, તેનો ઉલ્લેખ આપણે અગાઉ કરી ગયા છીએ.

(૨) શ્રી પ્રમીલાબહેન

શ્રી પ્રમીલાબહેનનાં લગભગ સો જેટલાં કાવ્યો ગ્રંથસ્થ થયાં નથી પરંતુ શ્રેણી, કીર્તનમંજરી, રસદર્શન વગેરેમાં ઉત્સવ પ્રસંગે પ્રકટ થયાં છે, અને ભાવક સાધકો સમક્ષ ગવાયાં છે. વિષય, ઢાળ અને શૈલીની દૃષ્ટિએ તેમણે ઘણુંખરું અનુકરણ જ કર્યું છે – ઘણાં પદોમાં તો શબ્દસમૂહ કે અર્ધપંક્તિ પણ પુનરુક્ત થયેલી મળી આવે છે. ચન્દ્રકુમુદ, પદ્મ – કુસુમ ને ભ્રમર.... વગેરે રૂપકોનો તેમણે પણ વિનિયોગ કરેલો છે. કેટલાંક પદોમાં તેમની આગવી કલ્પનાદ્યુતિના ચમકારા જોવા મળે છે.

"લેતાં બ્રહ્મની સાથે તાળી હો રંગ, તત્ત્વના ભાનમાં ખેલું છું.
રહું અખંડાનંદે મહાલી હો રંગ, બ્રહ્મરસ જયાં ત્યાં રેલું છું.
જાગી આવી છે પ્રીત પુરાણી હો રંગ, તત્ત્વના૦
મેં તો દૃષ્ટિ અંતર્ તાણી હો રંગ, બ્રહ્મરસ૦
બધે સત્ચિદ્રૂપને જોતી હો રંગ, તત્ત્વના૦
મારું મન માન્યું મળ્યું મોતી હો રંગ, બ્રહ્મરસ૦"

મૂર્ધન્યચન્દ્રમાં શમીને દિવ્ય લ્હાવ લેવાનો પ્રબોધ કરતા પદમાં,

"આવ્યો ક્ષિતિજથી ઊંચે ઊંચે ચંદ્રમાં,
હે.... અમૃત વર્ષાવતો, જગને હસાવતો, રશ્મિ ફેલાવતો જોઇએ.
જોઈ જોઈ ચંદને, લઇને આનંદને,
પૂર્ણરૂપ એનું તો અંતરે ઉતારીએ.... હે૦"

વિશ્વવિહારીના રાસનું નિવેદન કરતા પદમાં ચમત્કૃતિ કે ભવ્યતા નથી.

"વિશ્વચોકે ખેલતો રાસે રસવિહારી
રાસે રસવિહારી છતાં ય અવિકારી રે. – વિશ્વ૦
શક્તિ સાથે હસી હસી આપતો એ તાળી,
મોજ માણે એકમેક રૂપ વિવિધ ધારી રે. – વિશ્વ૦"

કેટલાંક ઊર્મિપદોનો ઉપાડ સારો હોય છે. પણ છેક સુધી વિચાર અને કથનની એકતા જળવાતી નથી.

"રે હું તો સત્વર ઝબકી જાગી,
જયાં મધુરી મુરલી વાગી. રે હું૦
ઘેલી બની હું શોધતી ફરતી નાદ એ કયાંથી આવે,
અંતરકુંજે દોડી આવી તો પાસે ધ્વનિ લાગે હાવે.
બધી ભ્રાન્તિ હૃદયની ભાગી જયાં,
નાદરસે રસલીન બની જયાં,
પ્રાણકંપન મંદ થયું ત્યાં,
જ્ઞાન રહ્યું ન "હું છું" કયાં,
અહા ! અદ્‌ભુત લગની લાગી. જયાં૦"

તે જ પ્રમાણે,

"પી લો પ્રેમરસનો પ્યાલો રે,
બનો ચકચૂર એ પીને,
પછી મદમસ્ત મહાલો રે. – પી લો૦
વિકારો ન ઉપજે એથી,
શમી જતાં વિકાર જેથી,
ઉમંગે, આવો પી લઇએ સત્વર તેથી.
રાગી મટી થવા વિરાગી
છુટો પ્રેમવલ્લિ_પા_લો રે. – પી લો૦"

ચૈતન્યચન્દ્ર પ્રતિ વૃત્તિ અભીપ્સાપૂર્વક હૃદય નિવેદન કરે છે. તેમાં નિકટતાનો ભાવ છે.

"ચન્દ્ર જોતી નહિ, જરી મુખડું બતાવ.
મુખડું બતાવ, જરી મુખડું બતાવ.
લાવી અન્તરમાં ભાવ, અભ્રમાંથી બહાર આવ, આવ.
રૂપેરી શીતલ ચાંદની મારાં અંગે અંગોને ભીંજાવ, ભીંજાવ."

છેવટે,

"તુજથી સુહાગી ને તુજથી સુભાગી, ચન્દ્રક થઇ ભાલ આ દીપાવ,
દીપાવ,
રાંકડી કૌમુદિની પાંખડી ખીલવવા, આંખડીથી રસને રેલાવ,
રેલાવ.
મૂર્ધન્યચન્દ્રમા ! આવી આનંદમાં, મુજને તું ત્વન્મય બનાવ,બનાવ."

તે જ પ્રમાણે, "પ્રકૃતિગાન"ના કાવ્યની વકતવ્ય છટા નિરાળી છે.

"વિહરું છું વિશ્વાંગણે, અખંડ મસ્તી માંહ્ય,
કૃતિ ગતિ વિપરીત છે, સહેજે ના સમજાય.
હું નર્તતી નચવતી, એવી અજબ છું માયા,
મારી ચમકતી ચાલે, કંઇ કંઇ જનો તણાયા."

આખું ય પદ "સર્વત્ર મુખત્યારી" ભોગવતી માયાના પ્રભાવને માર્મિક રીતે નિરૂપે છે. છેવટે,

"જલ, સ્થલ, રણ પણ કરતી રહેતી,
રણસ્થલ, સરિતા કરતી વહેતી,
કોઇને સુખ દઉં, વળી લઇ લેતી,
મુજથી બધા ઘેવાયા. - હું નર્તતી૦
કરતી રહું સ્વચ્છંદે તાણ્ડવ,
પણ અહં ન ત્યાં નથી મુજ ઉદ્ભવ,
તેને દર્શાવું છું વાસ્તવ,
પ્રભુ, જે રહ્યા છૂપાયા. - હું નર્તતી૦"

નીચેનાં તેમનાં કેટલાંક ગીત–ગરબા ભાવસભર અને મધુરમનોહર છે. હિંદીમાં પણ પાંચ–છ પદો છે.

(૧) શ્યામ હું શોધું તારી નિશાની,
આવું કયાં પ્રભુ હું અણજાણી.

(૨) વિશ્વે વિહરતા સ્વરૂપમોજમાં, મસ્તીને માણી,
જુઓ વિચારી, હે સંસારી ! રીતિ અમારી તમે.

(૩) આવો રે શ્યામસુંદર,
હૃત્સરવર પર આ અભ્યંતર.

(૪) ઝૂમી લો ગરબે આજે અજવાળિયાં,
ચાંદલો આભે મલકાય, પાથરી રૂડાં અજવાળિયાં.

(૫) હું નિત્ય નિર્વિકારી, વ્યોમે વસું હું ઉંચે,
આનંદ લહું નિરાળો, જયાં મુજને કો ન પૂછે.

(૬) અકલ્પ્ય આ તો વાત છે, જેને નથી સ્થૂલ દેહ,
પ્રીતિ ધરી મેં એકમાં, એમાં ના સંદેહ.

(૭) ઝગમગા હે સર્ણા,
ચમક ચમકચંદ્રિકા થઇ ઝટપટ તું આજ.

છેવટે "આંતરદૃષ્ટિની રમણીયતા"નુ રમણીય પદ જોઇએ :

"આજ ખીલી ચેતન ભરતી વસંત,
કરતી રસમય, નવ રસભર્યું જીવન સમન્ત. વિલસન્ત.
મનમાં તનમાંહિ, અભિનવ ના ઉદ્ભવતાં,
આજ થઇ જતી ચિન્મય (૨) ...... નવ રસભર્યું.
ખીલ્યું દૈવી કમલ સરવરે,
મનઅલિ પુલકિત ત્યાંહીં ફરે,
ઉર ટહુકે કોકિલ, હરિ હરિ ૐ, ૐ હરિ ૐ
સુખ હું લઉં અક્ષય (૨) ..... નવ રસભર્યું૦"

(૩) શ્રી અરવિંદા દેવી

વર્ગના સાંપ્રત આચાર્યના ધર્મપત્ની ભગવતી અ. સૌ. અરવિંદાદેવીનાં પદો પણ સ્વતંત્ર ગ્રન્થરૂપે પ્રસિધ્ધ થયાં નથી, પરંતુ સદુપદેશશ્રેણીમાં પ્રકટ થતાં રહ્યાં છે. અત્યારસુધી લગભગ પોણોસો પદો પ્રસિધ્ધ થયાં હશે. તેમણે બીજાં સોએક પદો રચ્યાં છે. તેમનાં પદોનું સ્વરાયોજન, લયવાહી શબ્દોની પસંદગી અને કદી કદી કલ્પનોની ઉચ્ચતા ધ્યાનપાત્ર હોય છે. પદોનું લાવણ્ય-લાલિત્ય માધુર્યને વહાવે છે. આગળ જણાવ્યું તેમ તેમણે પણ તેમનાં વડીલોએ ગાયેલા બધા જ વિષયોને ગાયા છે. પ્રાર્થના, સ્તવન, જયગાન, ધૂન વગેરે પ્રકારોનાં ગીતોમાંથી ઉદાહરણ ન લેતાં, અન્ય પ્રકારનાં ગીતોની કલ્પનાચમત્કૃતિ જોઇએ :

"આદિ મધ્ય કે અન્ત ન કો'હી જણાય,
કહેવતો આ કાળ ન કળયો કળાય.
કાળે કેટલી સાલ છુપાય,
જયાં યુગોના યુગ શમાય,
કલ્પો ના કલ્પ્યા કલ્પાય.
જયાં કાલ કાલ કરી કાળ વહેતાં કાળાતીત થવાય."

શ્લેષ અહીં કાલ અને કાળ શબ્દો પરના [illegible] અને યમક ધ્યાનપાત્ર છે.

અચાનક થયેલા દર્શનના વિરલ અનુભવને ઊર્મિપદમાં સહજ રીતે પણ રમતિયાળ શૈલીમાં વહાવતાં કવિ શબ્દચિત્ર રજૂ કરે છે :

"હું તો રમતાં રમતાં રમણે ચઢી,
રમણે ચઢી કોઈ ચીજ જડી. — હું૦
૦ ૦ ૦
અદેશ્ય પટમાં દેશ્ય નિહાળયું,
ક્ષણ સ્થંભી ! કોઇ આવે ચાલ્યું,
એની ખટખટખટ પાવડી બબડી. — હું૦

પગલે પગલે કંકુ ઝરતા,
દૈવી કિરણો ત્યાંથી સરતા,
અહા ! નાચી ઉઠી મુજ આંખલડી. — હું૦"

છેવટે "ભેદી સુરદાવલડી" ખૂલતાં, તે તો "હૃદયમઢી"માં જ અભ્યાગત ગુરુવરનો નિવાસ પ્રમાણે છે ! કેટલાંક બોધક રૂપકકાવ્યો પૈકી ધૂપદાનીનું ગીત સરળ મધુર છે.

"મઘમઘાટ મઘમઘતી ચેતન ધૂપદાની હું,
સૌરભે સુખ ઉપજાવું, હું દેહધૂપદાની અહા !
વાસનાની વાસને વેગે વિલાવું,
જ્ઞાનગંધે ગગન સધે છાઉં,
કે મધુર ધૂપદાની અહા !"

"પદ્મોક્તિ"નું વક્તવ્ય તો ધૂપદાનીથી પણ વધુ હૃદયંગમ છે.

"ખીલું હું અહા ! સરવર સુન્દર
સરોજ હું રોજ સુન્દર સુન્દર સુન્દર રી,
અહા મૃદુલ સુખકર.
સુન્દર પ્રકૃતિ નર્તન જલ પર,
પ્રેમનાં પરિમલ પ્રસરે અનિલ પર.
મસ્તીમાં હસતું જલ પર જલ પર જલ પર રી,
થતું તરવર તરવર."

બ્રહ્મરસપાન કરવા કવિ અધિકારીજનને નિમંત્રણ કરે છે :

"પી લો પીલો મધુ પ્યાલીઓ, બ્રહ્મરસ રેલી રહ્યો ચોપાસ રે,
હોંશે હોંશે લો લાડીલા, જે છોડાવશે ભવપાશ રે."
"પીતાં પીતાં એ પ્યાલીઓ, સધે પ્રકટે સ્વરૂપ-વિલાસ રે,
બ્રહ્મરસ પી લો પી લો રે."

શ્રી અરવિંદાદેવીની કલ્પના નવાં નવાં સ્વાંગે પ્રકટ થતી હોય છે. એમની અભિવ્યક્તિમાં એકતાનતા હોતી નથી. "ગર્વગંજન"નામક અભિનેય ગીતમાં આગિયો, તારલી, ચંદ્ર અને સૂર્યની સંવાદશૈલી યોજી છે. માર્મિક ઉપાલંભયુક્ત છતાં અધ્યાત્મ-રહસ્યને ધ્વનિત કરતાં રમતિયાળ શૈલીનાં ૧૦-૧૨ ગીતોમાં શ્રી અરવિંદાદેવીની શૈલી રમતિયાળ ઝરણી જેવી વહી જાય છે. તેમાં વપરાતા બોલચાલના શબ્દો, રવાનુકારી શબ્દો, ઘરગથ્થુ ભાષા અને પ્રાસકૌશલ કાવ્યમાંના ગભીર ભાવને કે તત્ત્વવિચારને વધુ દિપાવતાં હોય છે. "ધમાલિયું જીવન"ની આરંભની પંક્તિઓ જોઈએ.

"ધમ ધમ ધમ ! આ તે કેવી ધમાધમ ! વ્યાપી ચોગરદમ
જયાં ત્યાં ધમાધમ, ધમ ધમ ધમ.
થાય બુધ્ધિ મન ભ્રમ, ના દેખાયે નરદમ, એવું વાણી પડઘમ,
ઉર ચીરે ચમ ચમ. — ધમ ધમ ધમ૦
દશ દિશામાં દેકારો, સ્વાર્થ તણા પોકારો,
ચડસા ચડસીનો ધારો, કયાં શાન્તિ-કિનારો ?
ભલે મોટો ગણાય, પાઠ ધનના ભણાય, પણ દાન ન દેવાય,
રટે ધન ધન ધન. — ધમ ધમ ધમ૦"

એ જ :(ચલચિત્રના નૃત્યગીતના): લયના અને યમકયુક્ત બીજા ગીતની પહેલી બે પંક્તિ :

"ખન ખન ખન, જયારે ખખડે ખન ખન જ્હારે આવીને ધન,
વાગે ભૂંગળ છપ્પન, કેવું રંગે ચડે મન ! ખન ખન ખન."

ભોળા (!) ભગવાનને પણ કવિ છોડતા નથી.

"ભોળો ભોળો શાનો ભોળો, નથી નથી એ ભોળો.
ભોળાથી તું ના ભરમાતો, જે ગગડાવે ગોળો.
લેવા દેવાની જેની, જુદી જુદી ચાલ છે,
યુક્તિ અજમાવવામાં, કરતો કમાલ છે ;
ચઢાવતો જીવને ચકડોળે, કહાવે તોયે ભોળો."

મિથ્યાભિમાની પ્રતિનું મર્મવચન પણ રૂઢિપ્રયોગયુક્ત વિનોદી શૈલીમાં નીકળતું હોય છે :

"ડહાપણ ડો'ળાય નહિ (૨) :
જાણ, પ્રભુના સુરાજ્યમાં, ડહાપણ ડો'ળાય નહીં.
પંચાત કરાય નહીં, કશી લાંબી ટૂંકી થાય નહીં ;
માન, પ્રભુની સત્તામાં કશી પંચાત કરાય નહીં ;
રહેવું ખાંડાની ધારે ત્યાં, બીજું કહેવાય નહીં.
ડહાપણ ડો'ળાય નહીં."

સાધકજીવન ગાળવાનો સતત પ્રયત્ન કરનારને નડતા અંતરાયોનું ઊર્મિભર્યું આલેખન, "તીવ્ર મનોમંથન" રૂપે વ્યકત થાય છે. એમાંનો કટાક્ષ તેજીલો છે. રવાનુકારી શબ્દો પણ શબ્દચિત્ર ખડું કરે છે.

"હરિ હરિ મારે શું કરવું, ચિંતા ચિતા ખડી,
બળી ગઈ બળી ગઈ, અરરરરરર, અણુઅણુ હું બળી,
પરંતુ નથી શાંતિ પા ઘડી. - હરિ૦
અડિયલ આ મનને સમજાવી સેવાધર્મ સ્વીકાર્યો,
સરી ગઈ સરી ગઈ સરરરર કરતી, સ્વસેવામાં ચડી.
ને એક પગે રહું ખડી. - હરિ૦
ઉદારતાથી દાનમહિમા, ગાતી ગાતી ફરૂં,
પડે ધ્રાસકો અરરરરરર પાઇ છોડતાં,
હું મરી જાઉં માવડી. - હરિ૦"

ઉર ઉરની પાંખડીઓ ખીલાવતી અને દૂધની વાડકીઓ પાતી તારલીઓ એક ગીતમાં છેવટે કહે છે કે :

"સાત તાળીના દાવ ખેલી યે અમે ગગનમાંહિ,
મુખ છુપાવીએ વ્હાલો ન જોતાં રહીયે જ્યાંહિ ને ત્યાંહિ.

અમે અમૃત થકી ભરીઓ,
સુધા સિંધુ જયાંથી સરીઓ,
સુધાકરને અમે વરીઓ.
અમે ગગન ગોખની સુંદરીઓ
ઘુમીએ ગગને ઘુમરીઓ
જોવા જગને નીસરીઓ."

નીચેનાં બે ગીતો તેના લયવાળી સૂરસંયોજનથી અને ચિત્રાત્મક શબ્દાવલીથી હૃદયંગમ લાગે છે.

(૧) હે લાલ મારો મનમંદિરમાં રૂપ ઝરતો આવે રે,
રૂમઝૂમ રૂમઝૂમ નાચે લાલ.
હે લાલ પ્યારો હૃદય કુંજમાં રાસ રમતો ભાવે રે,
રૂમઝૂમ રૂમઝૂમ નાચે લાલ.

(૨) મૃદુમૃદુ ભાળે, ભજન ગાલે, ને રમઝટ રાસ રચાવે,
ખેલ ખેલાવે મનમોહન.
વિધવિધ વાદે, ભુલાવતો જગભાન
ચંદ્રવદન શું સ્વરૂપશોભન.

છેવટે, "જલયોગિની" કાવ્યની થોડીક પંક્તિઓનો આસ્વાદ કરીએ.

"હું જળમાં ઘુમનારી (૨)
ઊંચે નીચે દૂર પાસે, ભૂરા સાગરના આવાસે
મહામસ્ત રહેનારી, હું જળમાં ઘુમનારી.
નાચતી કૂદતી હસતી રમતી, નીરખીને મહાવારિ,
યાવત્ચંદ્ર દિવાકર જેવી અખંડ કીર્તિ મારી,
હરિ થયા મત્સ્યઅવતારી, એવા કુલની હું દુલારી.
હું જળમાં ઘુમનારી.

સાતે સિંધુ ગાન બજાવે, બારે મેઘે ઉતરી આવે,
જળજીવન ભરપૂર ભર્યું ત્યાં કોણ મને જ સતાવે.
મણિમૌક્તિક દેનારી, જળ વિણ ના જીવનારી,
હું જળમાં ઘૂમનારી.
રહેતાં જળમાં સ્પર્શ ન જળના, હું કદીએ કરનારી,
અંતર્મુખતા સાધી લેવા, ડૂબકીઓ ખાનારી,
નહિ જાળે ફસનારી, હું મહામત્સ્ય અવતારી
હું જળમાં ઘૂમનારી."

આવાં પ્રતિભાશાળી કવયિત્રી શ્રી અરવિંદાદેવી હજુ પણ ઉત્તરોત્તર ચઢિયાતી કોટિનાં ભજનો લખે જાય છે, એ આનંદની વાત છે. તેમનો કાવ્યસંગ્રહ પ્રગટ થાય એ ઇચ્છનીય છે.

## શ્રી પયસ્વિની દેવી

શ્રીમત્સુરેશ્વરાચાર્યજીનાં પુત્રી શ્રી પયસ્વિની દેવી ભરયુવાન વયે સ્વર્ગવાસ પામ્યાં હતાં. નાની વયમાં જ તેમણે ભજનો લખવાનાં શરૂ કર્યાં. તેઓ સુમધુર કંઠે ભજનો સૌને સંભળાવતાં હતાં. એમના અવસાનથી એક આશાસ્પદ સ્ત્રીકવિની વર્ગને ખોટ પડી. તેમનાં પદોમાં બાલસુલભ ભાવ અને ભાષા છે. ૨૨૫માં મહોત્સવ પ્રસંગે પ્રકટ થયેલા એક પદમાં વૃત્તિને મૂર્ધગગનમાં ઉડ્ડયન કરાવવા સંબંધી તેમના ઉચ્ચ વિચારો અને અનુભવોનો નિર્દેશ મળે છે.

"ઊડું હું આજ ઊર્ધ્વ ગગનમાં,
ઊડે, ઊડે, ઊડે રી, આજ ઊડે ગગનમાં.
આંખ નથી છતાં ઊડે ઊડે,
પાંખ નથી છતાં ઊડે ઊડે ;
ગ્રહી બલ ગુરુનું, ઊડે રી ઘેરા નીલ ગગનમાં. ઊડું હું૦"

૬૩મી શ્રેણીમાં તેમનું "મીઠી નિદ્રા"નું પદ પણ ભક્તિની આર્દ્રતાથી ભીનું છે :

"હો ! મને મીઠી નિંદર આવે,
પ્રભુ ! શિશુ કહી બોલાવે. – હો મને૦
ઉર ઉદ્વેગથી રહેતું હતું જયારે પ્રભુ નયને ન આવે,
કંઈક સમયથી ત્યાગી"તી નિદ્રા, "શું પ્રભુ ના બોલાવે ?"
મને અંતરથી અકળાવે. – હો મને૦"

કાવ્યનું પર્યવસાન વાત્સલ્ય અને ભક્તિના રસસંગમમાં થાય છે :

"જીવત્વ ઉપાધિ જરી ન નડતી, કાર્ય બધાં પ્રભુ કરતા,
પુત્રવત્સલતાથી નિત્ય પંપાળે, નિજ કર શિરે ધરતા,
પ્રભુ ! નિજ અંકે સુવરાવે. – હો મને૦"

શ્રી સાવિત્રીદેવી

તે જ પ્રમાણે આચાર્યશ્રીનાં પુત્રવધૂ અને શ્રી કૈવલ્યદેવનાં ધર્મપત્ની શ્રીમતી સાવિત્રીદેવી પણ શ્વસુરગૃહે આવ્યા પછી પદો રચતાં થયાં છે, એ આશ્ચર્યની વાત છે. દરેક શ્રેણીમાં એમનું નવું પદ હોય છે જ. તેમનાં પદોમાં નવાં કલ્પના–વિચાર કે નવી લઢણ હોતી નથી, અનુકરણશીલ આયાસનું તત્ત્વ જણાઈ આવે છે.

(૧) હૃન્મંદિરે ધીરે ધીરે ઘંટ મધુર ગજાવો હો,
લીન વિલીન થાઉં હું એમાં અન્ય સૂરો વિસરાવો હો.

(૨) હો રે હો રે વિરાગ જાગ (૨)
ધીરે ધીરે હૈયે તું જાગ.

(૩) અગમપંથના ઓ ઉતારૂ (૨)
જગ નથી મુક્તિનું બારૂં, માયાનું આ રૂપ ઠગારૂં.

(૪) હરિરંગે રંગાઇ, હવે મારે રહેવું છે,
પ્રભુપ્રેમે બંધાઇ, અન્ય ત્યજી દેવું છે.

"ઓગણીસો ચોત્રીસનો, અકટોબર શુભ માસ,
તારીખ ઓગણત્રીસના દિવસે નીકળ્યા ખાસ." (પૃ. ૨)

અને છેવટે,

"સંવત્ ઓગણીસો એકાણું, પોષ સુદી ચૌદસ પ્રમાણું;
તારીખ અઢાર જાનેવારી વાર શુક્ર સોહામણો ભારી
કુશળક્ષેમ આવ્યાં નિજ ઘેર, તે શ્રી ગુરુદેવની મહેર."
(પૃ. ૩૨)

તે જ પુસ્તિકાના પાછળના ભાગમાં સ્વરચિત પચીસ ગીતો પણ છાપ્યાં છે. તેમાં ભક્તિ, પ્રાર્થના, શરણાગતિ અને ઉપકાર-નિવેદનના ઉદ્‌ગારો તથા અંજલિગીતો છે. એક પદની પ્રથમ ટૂંક જોઈએ :

"રે હું તો શ્યામસુંદરને જોતી,
કરી દર્શન હું મન મ્હોતી; રે હું તો૦
કોટી કંદર્પ લજાવે કલાધર, લલિત લસિત મુખજ્યોતિ,
નયન ભરી ભરી નીરખું ને હરખું, મનહર એ મુજ મોતી,
એ ચરણકમલ ચિત્ત પ્રોતી. કરી દર્શન૦"

૦ ૦ ૦

આમ, વર્ગના આરંભકાળથી અદ્યાપિપર્યંત, વર્ગના વાતાવરણમાં ઉછરેલાં અને વર્ગના સંસ્કારોથી અંતઃપુષ્ટ બનેલાં અનેક નાનામોટાં બહેનોએ અભ્યાસ, વક્તૃત્વ અને સાહિત્ય (ખાસકરીને કાવ્ય) સર્જનના ક્ષેત્રમાં પોતપોતાની નૈસર્ગિક પ્રતિભાના બીજને ન્યૂનાધિક અંશમાં વિકસાવવાની તક અને પ્રેરણા મેળવી છે, એટલું જ નહીં પણ તે પૈકી દસ-બાર વ્યક્તિઓએ તો નૈતિક અને આધ્યાત્મિક માનવમૂલ્યોની – વર્ગ બહાર પણ – સુરક્ષા અને પ્રતિષ્ઠા કરવામાં મહત્ત્વનો ફાળો આપ્યો છે.

———ooo———